પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૭ ॥

– नमस्कार महामंत्र –

नमो अरिहंताणं ॥ १ ॥
नमो सिद्धाणं ॥ २ ॥
नमो आयरियाणं ॥ ३ ॥
नमो उवज्झायाणं ॥ ४ ॥
नमो लोए सव्वसाहूणं ॥ ५ ॥
एसो पंच नमुक्कारो ॥ ६ ॥
सव्वपावप्पणासणो ॥ ७ ॥
मंगलाणं च सव्वेसिं ॥ ८ ॥
पढमं हवइ मंगलं ॥ ९ ॥

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

આ ત્યાગ દૈવભાવ છે, જ્ઞાનભાવના.
છે. પર ભાવનાઓમાં રંગાયેલ વિજયનો
પૂરાં પાડે છે પર. પર શબ્દનો પ્રયોગ
અતિરિક્ત અર્થ વાતનાં ઉત્કૃષ્ટ અર્થનો
પર ચિંતા અને ઉત્કૃષ્ટની ચિંતા-
ન વિચારનું વિશ્વ વિશાળ છે, ઉચ્ચ
છે સાધ્ય છે, ઉપકારક છે માટે ઉત્કૃષ્ટ છે,
માટે પુરુષાર્થમાં પ્રેરક અને પરંતુ ઉચ્ચ
ભાવ આપનારો સાચો પણ આત્મ
દેવાની શક્તિ [illegible] છે.
પરના પરમ પ્રિય અને પરમાત્મા એવો
સર્વના ઉપકારક એવો સદ્ગુરુ એવા
ભગવાન [illegible]
[illegible]



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

શ્રી સ્વઃ શ્રિયં શ્રીમદર્હન્તઃ
સિદ્ધાઃ સિદ્ધિપુરીપ્રદમ્
પં આચાર્યાઃ પંચધાચારં
વાચકા વાચનાં વરામ્ ॥૧॥
ચ સાધવઃ સિદ્ધિ-સાહાય્યં
વિતન્વન્તુ વિવેકિનામ્ ।
પ મંગલાનાં ચ સર્વેષા-
માદ્યં ભવતિ મંગલમ્ ॥૨॥
ર અર્હમિત્યક્ષરં માયા-
બીજં ચ પ્રણવાક્ષરમ્ ।
મે એતદ્ નાના સ્વરૂપં ચ
ધ્યેયં ધ્યાયન્તિ યોગિનઃ ॥૩॥
ષ્ઠિ હૃત્પદ્મ ષોડશદલ-
સ્થાપિતં ષોડશાક્ષરમ્ ।
સ્તો પરમેષ્ઠિ સ્તુતે બીજં
ધ્યાયેદક્ષરદં મુદા ॥૪॥
ત્ર મન્ત્રાણામાદિમં મંત્રં
તન્ત્રં વિઘ્નૌઘનિગ્રહે ।
મ્ યે સ્મરન્તિ સદૈવૈતત્
તે ભવન્તિ જિનપ્રભાઃ ॥૫॥

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૭ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

## HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

## VOLUME - 7

May 2018
300 Copies / 224 Pages
For Private Circulation only.

## PUBLISHER

Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

## SPONSOR

Shri C. K. Mehta
Mumbai

## ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## eBOOK AVAILABLE AT

www.bhadrankar.com

અર્હં




**પૂજ્યપાદ્ સાહેબજી, વંદનાવલી!**

એ દિવસો યાદ આવે છે કે જ્યારે આપણે બધા દેરાસરજીમાં સામુહિક દેવવંદન-ભક્તિ કરીને ઉપાશ્રયે આવી, આપ પાટ ઉપર બીરાજમાન થતાં. આપના હાથમાં ડાયરી-પેન આવે અને દેરાસરમાં પ્રભુ સમક્ષ થયેલા ચિંતનોને રોજેરોજ ન્યૂનતમ અડધો કલાક સુધી આપ લખતા, ત્યારે કોઈ દિવસ કલ્પના પણ નથી આવી કે આપને તો આમાં પરમાત્માએ આત્મદ્રવ્યસ્વરૂપમાં રમણતા અને પરદ્રવ્યવિકારી ભાવને ઉપેક્ષિત કરવા જેવા આત્માના શુદ્ધ પરિણામોનાં જ ચિંતન કરાવેલા.

સાહેબજી, આ ડાયરીઓના સ્કેનીંગ કરાવવાના વિચારે અને એમાંના ચિંતનો આજે શ્રમણસમુહમાં વાચનારૂપે વંચાઈ રહ્યા છે, ત્યારે આપની સાક્ષાત પ્રતિકૃતિ નજરે તરવરે છે. હસ્તાક્ષર સ્વરૂપે આપ પ્રત્યક્ષ પધારી જાણે અનહદ ઉપકાર કરી રહ્યા છો.

મારી આ નાદુરસ્ત તબીયતમાં પણ આ ચિંતનો એક રસાયણનું કામ કરી રહ્યા છે. સાહેબજી, આપ બેઠા હતાં જગત સમક્ષ, આપ કરતાં હતાં શિષ્ય પરિવારનું યોગક્ષેમ, પણ આપનું અંતર તો સતત આત્મસ્વભાવમાં જ સ્થિત હતું તેની ક્યારેય કલ્પના સુદ્ધાં નથી આવી. આપનું નિરાડંબર જીવન હતું. સાહેબજી, આપના કેટલાંય પદાર્થોને જોતાં-વાંચતાં ખ્યાલ આવે છે આપની તાત્વિક-આત્મિક ઉંચાઈ, ચિંતનની આત્મસ્પર્શના સુધીની ઉંડાઈ અને છતાં પરહિતચિંતારૂપી સમષ્ટિભાવના એવં આત્મસમદ્રષ્ટિતાથી નિર્મળ બનેલું - નિખાલસતાથી ભરપૂર જીવન!

અર્હં

સાહેબજી, 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' વાંચ્યા પછી હવે જેમ-જેમ પૂજ્યો, મહાત્માઓ, સાધકોના પ્રતિભાવો આવતા જાય છે, તેમ તેમ તે વાંચતા ભાવુક થઈ જવાય છે.

હમણાં જ અત્યંત વિદ્વાન આચાર્યપ્રવરશ્રીનો એક મજાનો પત્ર વાંચ્યોઃ
'આને અક્ષયપાત્ર કહું કે અમૃતપાત્ર? પૂજ્ય પંન્યાસજી મહારાજનાં સ્વહસ્તે લખાયેલ ડાયરીઓનું વાંચન અમૃતના ઓડકાર આપી રહ્યું છે. જીર્ણ અને જૂની ડાયરીઓને છપાવીને એકદમ નૂતન કરવામાં કેટલી જફા પડતી હોય છે, એ તો આ ક્ષેત્રમાં જે કામ કરતું હોય એને જ ખબર પડે...'

સાહેબજી, જ્યારે આવા અનેક પત્રો વાંચું છું, તો થાય છે કે ખરેખર અમૃતનાં કુંડને જ અમે ઝીલી રહ્યા છીએ. એવું લાગે છે કે જાણે નવકારનું માહાત્મ્ય લખવા આપની કલમમાં શાહીનાં ઘોડાપુર આવતા હશે, નહીંતર ફક્ત ૬૮ અક્ષરો ઉપર આમ ૨૦૦ પાનાની ૬૮થી યે વધુ ડાયરીઓ કઈ રીતે લખાઈ શકે? આપનાં અદ્ભૂત ચિંતનમોતીઓમાંથી તારવેલી નવકાર ઉપરની અનુપ્રેક્ષાઓ અમારા સૌ માટે આજે આત્મસ્વભાવમાં રહેવા અને મોક્ષમાર્ગે ચડવા માટે 'રેડી રેકનર' બની રહી છે.

આ કલ્પતરૂ સમી ડાયરીઓને ઉત્તમ રીતે પ્રકાશિત કરવા પોતાનો અર્થભંડાર ખુલ્લો મૂકી દેનાર આપના અનન્ય ભકત એવા **સુશ્રાવકરત્ન સી. કે. મહેતા**ની ઉદારતાનાં પરિણામરૂપ જ આ અમૃતકુંડ છે. વળી આ કાર્ય કરવા રાજકોટનાં આપના જ શ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ **ભારતીબેન દિપકભાઈ મહેતા**, જે અખંડ રીતે શ્રમ લઈ રહ્યા છે, તે પરમ શ્રુતભક્તિ જ છે.

આપની કૃપાથી આ અમૃતકુંડનું આચમન સતત ચાલતું રહે તથા આપની કૃપાદ્રષ્ટિથી સમભાવપૂર્વક અશાતામાં શાતા અનુભવતો રહું,

એ જ આપનો...

વજ્રસેન

પત્ર આલેખકઃ

૦૧.૦૫.૨૦૧૮

હાલાર તીર્થ, આરાધનાધામ.

હેમપ્રભ વિ.

અર્હં

# રોજેરોજ અત્તરનો અભિષેક...



બાળપણમાં વડી અને ઠેબી નદીનાં કિનારે આવેલ માદરે વતન અમરેલીમાં નાનાં-નાનાં કૂવાઓની પાળને દૂ...રથી દોડીને ઠેકી જતો અને ધૂળી નિશાળમાં લખોટી અને મોઈ-દાંડિયો જ રમ્યા કરતો હું 'તોફાની' તરીકે પંકાયો. પિતાની વિદાય પછી માતા પાસે શાળાની ફી ચૂકવવા બે રૂપિયા પણ ન હોવાથી ૧૦ વર્ષની વયે ફાઉન્ટનપેનની નીબ, ચૉક વગેરે વેચીને ફી ભરતો હું, વીસેક વર્ષની વયથી મુંબઈ સ્થિર થયો, ત્યાં 'સોનેરી સોણલું જોનાર યુવાન ઉદ્યોગપતિ' તરીકે ઓળખાયો. સૌએ મારા આત્મબળ અને વિકાસની સરાહના કરી, પણ મને સાચી રીતે પાસા પાડીને કંડાર્યો તો રાજસ્થાનનાં એ ૧૫ વર્ષના સાંન્નિધ્યમાં મારા ગુરુમહારાજે જ!

એ મને ન મળ્યા હોત તો આજે હું ક્યાં હોત?

અજાતશત્રુ મારા ગુરુમહારાજની આ ડાયરીઓનાં પ્રકાશન માટે સરસ્વતીલબ્ધપ્રસાદ રૂપ આચાર્યશ્રી એક પત્રમાં લખે છે કેઃ 'આખરે, વરસોથી બંધ રહેલ અત્તરની બાટલીને ખોલી નાખીને કમાલ થઈ રહી છે.' આજે ય રોજેરોજ અત્તરના અભિષેક સમા તેમનાં આ હસ્તાક્ષરોની આંગળી પકડાવી અમને સૌને મોક્ષમાર્ગે જવા પ્રેરે છે. અમરેલીની ભીંતોની ગારના હરખની અંકોળી હવે આ ચહેરા ઉપર કરચલી બની લીંપાઈ રહી છે, ત્યારે પ્રભુને એક જ પ્રાર્થનાઃ

'મારો આ કાર્ય સંપન્ન કરાવવાનો શિવ(ભદ્રંકર) સંકલ્પ સફળ થાઓ!'

૦૨.૦૫.૨૦૧૮
મુંબઈ

સી. કે. મહેતા









ૐ હ્રીં વદ વદ વાગ્વાદિનિ
ભગવતી સરસ્વતી શ્રુતદેવી
મમ જાડ્યં હર હર શ્રી ભગવતી ઠઃ ઠઃ સ્વાહા ।

अर्हं

## હે માનવ! તું કોણ છો?

તું મહાલયમાં વસનાર ૧૪ રાજલોકનો જ્ઞાતા - દ્રષ્ટા છે.
એની સમજ પ્રમાણે વર્તતાં કર્મનિર્જરા થઈ અંતે મોક્ષ થશે,
કેમકે એની સમજ શરીરમાં થતાં સુખ-દુઃખને પોતાનામાં
નહિ આરોપે પણ તેના જ્ઞાનને જ પોતાનું માનશે,
તેથી રાગ-દ્વેષ આપોઆપ શમી જશે.

જીવ એટલે નિરંતર જીવતો હું પોતે.

શરીર એટલે મરણધર્મા પુદ્ગલ પિંડ.

પુદ્ગલ તે હું નહિ પણ માટી. કર્મ પણ માટી.
સમ્યગ્ દૃષ્ટિ એ સમજ રાખે તો જીવ દુર્ગતિમાં પડે નહિ,
સદ્ગતિમાં અવશ્ય જાય. હવે જડ - ભારે હોવાથી દેહાત્મ
ભાવવાળો દુર્ગતિમાં પડે. જીવ એ ચેતન - જ્ઞાન. એનો
સ્વભાવ હલકો હોવાથી ઊંચે ચઢે. પોતાને જીવ - ચેતન
- જ્ઞાનરૂપ જાણી જ્ઞાનમય દૃષ્ટિ રાખી, બહારથી શુદ્ધ વ્યવહાર
જીવાય, તો કર્મમાટી ખરી જઈ અવશ્ય મોક્ષમાં જવાય.
o ભવસમુદ્રમાં અધ્યાત્મરૂપ નકશો રાખી, શુક્લધ્યાન વડે
આત્મારૂપી ધ્રુવને જોઈ જીવનરૂપી નાવ હંકારે તો માત્ર
બે ઘડીમાં જ શિવમંદિરે પહોંચે. આત્મા અજન્મા,
અજર અને અમર છે. ઉપયોગ પણ જન્મતો નથી,

અર્હં

જરાવસ્થા કે મરણાવસ્થા પામતો નથી.
અનાદિ, અનંત, શાશ્વતસ્વરૂપ છે. માત્ર પુદ્ગલમાં થતાં
ફેરફારોના અત્યંત સાન્નિધ્યને લીધે પોતામાં આરોપાય છે.
જીવ = સદા જીવે તે. આત્મા = સદા સાતત્ય ટકાવે તે.

૦ હુંપણાંની ચિકાશ એ જ બંધનનો રજ્જુ છે.

૦ 'નહિ થાતું, નહિ જાતું, હું માં હું સમાયો છું,
અખંડ અસ્થિર જ્યોતિમાં, નહિ થાતું, નહિ જાતું.'

૦ દુઃખની જેમ સુખને પણ સહન કરે, તો કર્મથી છૂટે.

સોહં એટલે એકત્વભાવ, અભેદભાવ.
તે ભાવે જે રહે, તે સત્ત્વશાળી છે,
તે સકલ જીવોમાં ચક્રવર્તી છે,
પરમાત્માના પ્રતિનિધિ અને અવ્યાબાધ સુખના ધણી છે.

૦ પરમાત્માના ધર્મ - વારસ જેવો જૈન થયાં છે,
તે પુદ્ગલને પોતાનો બાપ માની વર્ણશંકર કેમ થાય?

૦ માનવ જેવું બોલે છે, તેવું સમજે છે અને
જેવું સમજે છે, તેવું વર્તે છે. 'મારો આત્મા',
'હું એટલે શરીર', 'તેનો આત્મા' એમ બધાં બોલે છે,
એમ જ સમજે છે તથા એમ જ વર્તે છે. શરીર અને
તેના અનુચરો (ઇંદ્રિયો વગેરે) આત્માના ધણી હોય,
તેવી રીતે ભાવ વર્તે છે.

अर्हं

'મારી આત્મા' એ વાક્ય હડહડતું જૂઠાણું છે,
'હું આત્મા' એમ બોલીએ. 'આત્મા' એવું નામ કે
'હું' એવું સર્વનામ એ જ સત્ય છે. 'શરીર એ હું'
એવી સમજથી મનુષ્ય નિર્બળ તથા નિસ્તેજ બને છે,
કાર્યરહિત, હતપરાક્રમ, નિઃસત્વ, સર્વથી ડરે એવો થાય છે.
'આત્મા એ હું' એ જ પાકી સમજ. તેના પ્રધાન તરીકે મન,
શરીર એ ગાડી અને ઇંદ્રિયો એ ઘોડા, એ ખરી સમજ.
એ સમજથી જે વર્તન થાય, તે પરાક્રમ જ હોય. પવિત્ર
મનરૂપી પાટીયાની ગાડીના ઘોડાને છકી ન જાય, તેવા
(માદક નહિં એવા) પદાર્થોનું ભોજન આપી છકાવવા ન
જોઈએ. દેવ-ગુરૂદર્શન, શાસ્ત્રશ્રવણ, સુગંધ, સુસ્વાદ ને
સુસ્પર્શ રૂપ સુસ્વચ્છ જલથી તેને સ્વચ્છ રાખવા જોઈએ.

o જે દિશામાં આત્મપ્રકાશ હો,
તે દિશામાં જ મનરૂપી સારથી રથ હંકારે, એમ થવું ઘટે.

o 'મારી આત્મા' એ વિભ્રમ છે.
તે શશશૃંગ, વંધ્યાપુત્ર, આકાશપુષ્પ કે રાહોઃશિરસ્ જેવી છે.
'आत्मा सः' = તે હું. 'अहं सोऽहं' = હું આત્મા છું.
આવું અભેદજ્ઞાન એટલે જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય
એ જ આત્મા, આવું સમજે તે સમ્યગ્જ્ઞાન.

अर्हं

બાળ મગજ રૂપી ફોનોગ્રાફમાં શાસ્ત્રના પાઠો ભરનારા
જ્ઞાની નહિ પણ ફોનોગ્રાફ સમજવા.
જેમ ફોનોગ્રાફ બોલેલું બોલી જાય,
તેમ આ વાંચેલું અને સાંભળેલું બોલી જાય.
ફોનોગ્રાફમાં રજીસ્ટર હોય છે, તેમ જગતનાં ફોનોગ્રાફ રૂપી
અજ્ઞાનીના મગજમાં કાન સાંભળતી વખતે અને આંખ
જોતી વખતે રજીસ્ટરનું કામ કરે છે, મોઢું બોલતી વખતે
અને હાથ લખતી વખતે reproducerનું કામ કરે છે.
શાસ્ત્રો વગેરે ન ભણવા - ન જાણવા એમ નહિ,
પણ પહેલાં 'હું કોણ ?' એમ જાણી, ખરા જ્ઞાની થઈ,
પછી તે જ્ઞાનને વિકસાવવા સદ્‌ગુરૂ અને
શાસ્ત્રો દ્વારા કે આત્મવિચારથી યત્ન કરવો.
જેથી સ્વાનુભવરૂપ જ્ઞાન થવાથી પોતાના અને પરના
ઉપર અસલજ્ઞાનનો, ખરા જ્ઞાનનો પ્રકાશ પડશે અને
આવા જ્ઞાની જ અહીં લોકમાં પ્રધાનજ્ઞાની ગણાશે,
તે પંકજની જેમ કર્મમળથી લેપાશે નહિ.
(૧) જ્ઞાન રૂપી પ્રાસાદે (૨) મન રૂપી ગર્ભદ્વારે
(3) હૃદય રૂપી સિંહાસનમાં
અખંડ - આનંદરૂપી પરમાત્મા બિરાજે છે.

अर्हं

નિજાનંદ મનમાં જ્ઞાનરૂપે, હૃદયમાં દર્શનરૂપે, તનમાં સુખરૂપે
કે ચારિત્રરૂપે પ્રગટે છે, વાણીમાં સરસ્વતીરૂપે પ્રગટે છે.

શુક્લધ્યાન રૂપી રાજસભા,
ધર્મધ્યાન રૂપી કચેરી,
શ્વાસોચ્છ્વાસ રૂપી કોશાધિપતિ,
વચન રૂપી સેનાધિપતિ,
ઇંદ્રિયો રૂપી હજુરીઆઓ અને
આપણા મન રૂપી મંત્રી એ
આત્મારૂપી રાજાધિરાજને નમન કરે છે.

ભાવનમસ્કાર એટલે આપણા શુભ ભાવને નમસ્કાર.

o ભાવાભ્યાસ, વિષયાભ્યાસ અને
સતત અભ્યાસનો ત્રિવેણીસંગમ થાય, તે તીર્થ કહેવાય.
જ્ઞાન, દર્શન, ચારિત્ર એકત્ર મળે, તે તીર્થ ગણાય.
ભગવાનનો ભાવ, આપણો ભાવ અને સર્વ જીવોનો
ભાવ એકત્ર મળે, એકરસ થાય, તે તીર્થ ગણાય.

o મૈત્રીની ભાવના કેળવવામાં વખત ગાળો,
એ સુખ તરફ લઈ જતો રસ્તો છે.

o નિષ્કામ પ્રેમ કરવામાં અને નિષ્કામ પ્રેમ
પાળવામાં વખત ગાળો, એ ઈશ્વરીય દિવ્ય અધિકાર છે.

મન વિચાર કરે છે, તે પણ આત્મા નહીં.
વચન, શ્વાસોશ્વાસ, ઇંદ્રિયો બધું આત્માર્થે કાર્ય કરે છે.
આત્મા પોતે અવ્યાપક સ્વરૂપની જોત ન્યારી રહે છે,
મુખકમળ વિકસે છે, નેત્રકમળ હર્ષ પામે છે,
વચન મધુર ટહુંકાર કરે છે, હાથ સર્વની રક્ષા કરે છે,
પગ દેશોદેશ વિહાર કરે છે.
આમ ઇંદ્રિયો અને મન આત્માને માટે
પીત - પીતાને રોજ સદા શુદ્ધ વ્યવહાર કરે છે.
પારકી વસ્તુને પોતાની માનવી, તે અપ્રામાણિકપણું છે.
મમતા, પ્રામાણિકપણાંથી એટલે પારકી વસ્તુને પોતાની ન
માનવાથી જાય. જ્ઞાન, આનંદ, સુખ પોતાના છે, માટે
તેમાં મમતા કરવી. એ મમતાથી પરવસ્તુમાં સમતા આવે છે.
અખંડ સુખના સાગરરૂપી સમતામાં શાશ્વત સુખ છે.
સમતા સહજ, સ્વાભાવિક અને શ્રમરહિત છે.
મમતામાં શ્રમ છે, તે વૈભાવિક છે.
અનાદિની ટેવથી તે સરળ લાગે છે.
સુખ - દુઃખ તથા શત્રુ - મિત્ર ઉપર સમતાભાવ રાખવો.
શુભક્રિયા કરતી વખતે 'મેં કરી' એવું અભિમાન રાખ્યું હતું,
તેથી તે ક્રિયાના પરિણામરૂપે સુખ આવ્યું.

અશુભ વખતે પણ તેમ કર્યું હતું, માટે દુઃખ આવ્યું.
'સુખ-દુઃખ બન્ને કલ્પિત છે' એમ માનીને
સમતાએ ભોગવાઈ જશે તથા નવાં કર્મબંધ નહીં થાય.
સુખના ઉદયે રાગ, દુઃખના ઉદય વખતે દ્વેષ ન થવા દેવો.
સુખમાં ગમવું = રતિ, દુઃખમાં ન ગમવું = અરતિ.
બંને ન થવા દેવા. સુખ-દુઃખ ભોગવનારો હું નહિ પણ
સુખ આવ્યું, ત્યારે તેના ઉપર રાગ ન કરનારો, દુઃખ ઉપર
દ્વેષ ન કરનારો, અરાગ-અદ્વેષ ભાવે રહેનારો હું. તેથી
શુભાશુભભાવ છૂટી શુદ્ધભાવે રહે છે, તે જ સમતાભાવ છે.
એ ભાવમાં અહર્નિશ રહેવાનો અભ્યાસ પાડવાથી
અપૂર્વ સુખનો આસ્વાદ આવ્યા કરશે,
સર્વ કર્મનો ક્ષય થઈ અનંત આનંદનો અનુભવ થશે.

o શત્રુ અવગુણને ધોઈ દૂર કરે છે. મિત્ર પ્રીતિની
દોરીમાં ગુણને ગૂંથી આપણને પહેરાવે છે. સદ્ગુણનાં
આભૂષણ પહેરાવતો હોય એવો મિત્ર જો સારો છે,
તો અવગુણને ધોનારો, પાપમળથી નિર્મળ કરનારો કેમ
સારો નહિ? શરીરની સ્વચ્છતા અલંકારના વિભૂષણ
પહેલાં જરૂરની નથી? મિત્ર આપણા ગુણને બહાર આણે છે
તથા શત્રુ આપણા અવગુણને બહાર આણે છે.

એક સુખ ભોગવવામાં સહાય કરે છે,
બીજો અવગુણ દૂર કરવામાં સહાય કરે છે.

○ જેને બે આંખ છે, તેને એક આંખે જોવું કઠણ લાગે.
જેને સમતારૂપી બંને આંખો સરખી છે, તેને નિષ્પક્ષપાતપણે
જેવું છે તેવું જ જોવું, એ સહેલામાં સહેલી વાત છે.
શત્રુ - મિત્ર બન્નેને બાળકાદિક ગણવાથી સમતા થાય છે.
મિત્રમાં રાગ ન હોય અને
શત્રુમાં દ્વેષ ન હોય, ત્યારે સમતા થઈ ગણાય છે.
સમતા જેમ સુખદાયી છે,
તેમ કામ, ક્રોધ અને ઔદ્ધત્યનો નાશ કરનારી પણ છે.
એક નહિ પણ બન્ને આંખે જોવું, એનું નામ સમતા છે.
તે સમતાભાવ ખીલવવામાં અત્યન્ત કારણ છે.

પ્રશ્ન: જ્ઞાનાવરણાદિ ક્ષયોપશમને ચક્ષુ કહેવા જોઈએ, કેમકે તેથી જ જોઈ શકાય. મિથ્યાત્વ મોહ ક્ષયોપશમ સાધ્ય તત્ત્વરુચિ રૂપ શ્રદ્ધાને ચક્ષુ કેમ કહી?

ઉત્તર: ચક્ષુહીન જેમ નીલાદિ રૂપને ન જોઈ શકે,
તેમ શ્રદ્ધાવિહીન જીવાદિ તત્ત્વને ન જોઈ શકે.
તે તો જોવા છતાં ન જોયાં બરાબર થાય છે,
કેમકે તદનુરૂપ વર્તન કરી શકતો નથી.

अर्हं

આવા શ્રદ્ધા પ્રાપ્ત થવા સુકર કે વગર ક્લેશે મળી શકે તેવા સુલભ નથી, ભગવત્કૃત અનુગ્રહ વિના, ભગવાનનો પ્રસાદ પ્રાપ્ત કર્યા વિના મળતી નથી અને એ પ્રસાદ ભક્તિથી મળે છે. ભગવાન પ્રત્યે ભક્તિ જાગ્યા વિના ભગવદનુગ્રહ થતો નથી, અનુગ્રહજન્ય ફળ મળતું નથી. શ્રદ્ધારૂપી ચક્ષુ - દર્શનશક્તિ, અવલોકનશક્તિ ભગવત્ કૃપા વિના સાધ્ય થતી નથી. કાળ પણ આ શ્રદ્ધા પ્રાપ્ત થવામાં પ્રતિબંધક થતો નથી, કિન્તુ સહાયક થાય છે.

આવા શ્રદ્ધા થવામાં કાળ ઉપકારી બને છે.

કાળનો વ્યાપાર પણ આવશ્યક છે.

<u>ઉપાદાન કારણ</u> પણ કાર્યાભિમુખ થવા માટે વિચિત્ર સહકારી કારણની અપેક્ષા રાખે છે.

<u>સહકારી કારણો</u>થી ઉપાદાન કારણમાં વિશિષ્ટ આધાન થાય.

<u>પરિણામી કારણ</u>ના સ્વભાવમાં વિશેષતા લાવવાનું સામર્થ્ય <u>નિમિત્ત કારણો</u>ની સહકારિતામાં રહેલું છે.

કાળ પણ દ્રવ્યનો પર્યાય છે.

તે પર્યાય કે દ્રવ્યથી ભિન્ન નથી, કિન્તુ કથંચિત્ અભિન્ન છે.

શ્રદ્ધારૂપી ચક્ષુ એટલે ભગવાન. ભગવાનશૂન્ય જોવું એ જોવું નથી, કિન્તુ છતી આંખે આંધળાપો છે.

જ્ઞાનાવરણનો ક્ષયોપશમ થવા છતાં મોહનીયનો
ક્ષયોપશમ ન હોય તો જે વસ્તુ બોધાય છે, તે પ્રત્યે
લાગણી ઉત્પન્ન થતી નથી. 'લાગણી' એટલે કોમળતા,
જે મોહના ક્ષયોપશમની અપેક્ષા રાખે છે.

સર્વ જીવો પ્રત્યે લાગણી એ જ અનંતાનુબંધી કષાય અને
મિથ્યાત્વમોહને ખપાવવાનું અનન્ય સાધન છે, ધર્મરૂપી
કલ્પવૃક્ષના અવન્ધ્ય બીજભૂત છે, મોક્ષમાર્ગના કારણભૂત છે.

o માર્ગ એટલે ચિત્તની અકુટિલ પ્રવૃત્તિ.

વિશિષ્ટ ગુણભાજનના હેતુભૂત સ્વરસવાહી
અકૃત્રિ પોતાની સહજ રુચિ અનુસાર ક્ષયોપશમ વિશેષ.
દુઃખના કારણભૂત દર્શનમોહના ક્ષયોપશમ વિશેષથી ઉપરના
ગુણસ્થાનકની પ્રાપ્તિ માટે અંતરની અભિલાષા જાગે છે,
તેથી તત્ત્વવિવિદિષા અને તત્ત્વબોધ વધે છે.

o 'लिंगो लिंगी भवत्येव लिंगीन्येवेतरत्पुनः ।
नियमस्य विपर्यासेऽसंबन्धः लिंगलिंगिनोः ॥'

ધૂમ હોય, ત્યાં વહ્નિ હોય જ.
વહ્નિ હોય, ત્યાં જ ધૂમ હોય.
'જ'કારના વિપર્યાસે લિંગ - લિંગીનો સંબંધ ન રહે.
સત્હે ત્રિરૂ, પક્ષ, તપક્ષવાળું હોવું જોઈએ.

o સત્પુરુષો સૌને પ્રિય, સદ્ગુણો સૌ માટે પથ્ય
તથા સત્પદાર્થોમાં તથ્ય રહેલ છે.

પ્રિયવચન તથ્ય તથા
વ્યવહારનય પથ્યમાં સમાવિષ્ટ કરાય છે.

સદ્ગુણો લાભ આપનાર વચન પથ્યરૂપ સત્ય છે.
સત્પુરુષોને હિતકર પ્રિયવચન રૂપ સત્ય છે.
સત્ય પદાર્થ હિતકર તથ્યવચન રૂપી સત્ય છે.
લાગણીશૂન્ય સત્ય અસત્ય છે.
લાગણીયુક્ત અસત્ય વચન સત્ય છે.

o સંસારસમુદ્રમાં જળના સ્થાને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ભરેલાં છે. તેમાં જીવ અનાદિ નિર્જરાધીન ઊંચો આવે છે અને પાછો આશ્રવના કલ્લોલે ડૂબે છે. હવે તેને ડૂબવું હોય નહિ અને સામે પાર પહોંચવું હોય, તો તે જ જળના આધારે તરી શકાય, જો તરવાની કળા આવડે તો. દ્રવ્ય - ક્ષેત્ર - કાળ અને ભાવનો સંબંધ અનિષ્ટ માનવાના બદલે તેને ઇષ્ટનું સાધન માનવું, કેમકે તેના વિના ભવ તરાતો જ નથી. માત્ર તેના વિધિનિષેધ જાણી લેવા જોઈએ. ઇષ્ટાનિષ્ટની કલ્પના કરવાના બદલે સાધનતાની કલ્પના કેળવવા જોઈએ.

પોતપોતાનાં ધર્મ પ્રમાણે સર્વ ભજે ભગવાન.
પ્રભુભક્તિ કરતાં સૌ - સૌના ધર્મ મુજબ વર્તવું.

'સૌનું ભલું ઇચ્છવું' એ ઊંચામાં ઊંચી જાતની ભક્તિ છે, ઈશ્વરમાં ઈશ્વરનું જ્ઞાન છે, પ્રભુની મોટામાં મોટી આજ્ઞા છે, મનુષ્યનું મોટામાં મોટું કર્તવ્ય છે, સર્વ મહાત્માઓનો એ ઉપદેશ છે, શાસ્ત્રોની મોટામાં મોટી આજ્ઞા છે, મોટામાં મોટો ધર્મ સહેલામાં સહેલો યોગ છે.

ભક્તિ, જ્ઞાન, આજ્ઞાપાલન, કર્તવ્યપાલન અને
યોગસાધનાથી જે ફળો મળી શકે, તે સઘળાં ફળો
સર્વનું ભલું ઇચ્છવાથી મળી જાય છે.

માનસિક રીતે ભલું ઇચ્છવાથી પણ
જો આટલો બધો લાભ થાય,
તો પ્રત્યક્ષ ભલું કરવાથી કેટલો બધો લાભ થાય?

'ભગવાન સૌનું કલ્યાણ કરો' એ પ્રાર્થના જાગરૂક થાય, તે વખતે ચહેરા ઉપર અનેરો આનંદ, જીભમાં અમૃત જેવું કાંઈક ખૂબ મીઠું તત્ત્વ, આંખોમાં જાણે દયાની દેવીઓ, રોમે - રોમ આનંદનો અનુભવ અને અંતરના પડદા ઉઘડી જતાં હોય અને સંસારની બધી ઉપાધિઓ ભૂલાઈ જતી હોય, તેમ જણાય છે.

અર્હં

## સૌનું કલ્યાણ ઇચ્છવાની પ્રાર્થનાથી

હૃદયનો ભાર હળવો થાય છે, દિલને દિલાસો મળે છે,
આત્માને શાંતિ થાય છે, મન આનંદમાં આવી જાય છે,
બુદ્ધિ સ્થિર થાય છે અને કાંઈક નવું-નવું
જીવન આવી ગયું હોય, એવું લાગે છે.

તીર્થોમાં ફરવાના આનંદ કરતાં, વ્રતો કરવાનાં આનંદ કરતાં, યોગસાધનાની કઠિન ક્રિયાઓ કરતાં હોય, તેના આનંદ કરતાં 'સૌનું કલ્યાણ' ઇચ્છવાનો આનંદ વધારે અનુભવાય છે. એ આનંદ લૂંટવાની સદ્બુદ્ધિ પ્રભુ સૌને આપે અને વારંવાર સૌનું કલ્યાણ ઇચ્છવાની પ્રાર્થના કરતા રહે, જેથી સૌના કલ્યાણ સાથે મારું પણ કલ્યાણ થઈ જાય. આ ભાવનાની પાછળ પરમાર્થની ઇચ્છાનું બળ છે.

પરમાર્થની ઇચ્છા પ્રભુને અને સકળ જગતને
બહુ ગમે છે, તેથી તે થોડામાંથી ઘણું ફળ આપે છે.

સૌના કલ્યાણની પ્રાર્થના મોઢે બોલી જવાથી શું લાભ?
તેનો ઉત્તર એ છે કે:

શુભેચ્છાઓ ઘણી કરવી એ આપણું કામ છે, એ ઇચ્છાઓ પાર પાડવી એ તો પરમાત્માના હાથમાં છે. સર્વ માટેની શુભેચ્છાઓ રાખવી, એ સૌની ફરજ છે.

તે પ્રમાણે ક્વચિત્ ફળ મળતું દેખાય છે, એટલું જ નહીં
પણ મનનો સ્વભાવ જ એવો છે, કે જો તેને
ઊંચા પ્રકારના વિચારોમાં નહિ રોકી રાખવામાં આવે,
તો હલકા પ્રકારના વિચારોમાં દોડ્યું જશે.
માટે હંમેશા ઉત્તમ ઇચ્છાઓ રાખવી એ કર્તવ્ય છે.
ઇચ્છામાં બળ હોય તો હૃદયપૂર્વક પ્રાર્થના ફોકટ જતી નથી.
મોડી કે વહેલી, થોડી કે ઘણી: તે જરૂર ફળીભૂત થાય છે.
જો આત્માનું બળ સમજાને, પરમાત્માનો મહિમા સમજાને,
ઉત્તમમાં ઉત્તમ હેતુ લક્ષમાં રાખીને, જેવા રીતે કરવી
જોઇએ, તેવા રીતે અંતરમાં જેટલું ઊંડું ઉતરવું જોઇએ,
તેટલું ઊંડું ઉતરીને, જેટલી પવિત્રતા રાખવી જોઇએ,
તેટલી રાખીને પ્રાર્થના કરવામાં આવે, તો પ્રાર્થનાનાં
બળથી આખા બ્રહ્માંડમાંથી જે ધારીએ, તે મેળવી શકાય.
તેવી યોગ્યતા ન હોય તો કદાચ ઓછું ફળ મળે,
પાછળથી મળે, અગર આપણને ખબર ન પડે તે રીતે મળે.
આડકતરી રીતે ફળ મળતું હોય તો પણ બનવાજોગ છે.
પંચપરમેષ્ઠિઓ તે આત્માની જ પાંચ શક્તિઓ છે. એક
જ શક્તિ અનેક રૂપે આવિર્ભાવ પામે છે. તેમાં આ પાંચ
આવિર્ભાવો પૂજનીય અને સૌમાં શ્રેષ્ઠ અનુકરણીય છે.

अर्हं

અરિહંત - શબ્દ, દેશના, સમવસરણ.

સિદ્ધ - રૂપ, સ્મરણ.

આચાર્ય - શીલની સુગંધ.

ઉપાધ્યાય - જ્ઞાનામૃત સમા ભોજનનો સ્વાદ.

સાધુ - તપ, સંયમ, પવિત્ર સ્પર્શ.

કર્મબંધના મુખ્ય ૧૦ કારણો

ક્રોધ, માન, માયા, લોભ, મિથ્યા,
મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ.

o વિશ્વબંધુત્વભાવ સૌના આત્માનું ઉર્ધ્વીકરણ,
સ્થિરીકરણ અને પ્રસરણ કરીને
ચૌદ રાજલોકના

પાપ બાળે, પાપ ધુએ, પાપ ઉડાડી દે છે.

o લાભ લાભની ખાતર જ આપવાનો હોય છે,
તેની પાછળ કોઈ ફળ મેળવવાની ઈચ્છા રાખીએ,
તો તે લાભ આપ્યો જ ન કહેવાય.

o ઉપશમ અંબાડી = રાગ-દ્વેષનો ઉપશમ.

o જ્ઞાન કરક જળ = આત્મજ્ઞાન અને તેના ઉપાય.

અરણ્યરમણનું સુખ = આત્મરમણતા અને
સ્વરૂપની સ્થિરતાનું સુખ.

| | | | |
|---|---|---|---|
| અહિંસા | આસ્તિક્ય | માર્ગદર્શકતા | ઔદાર્ય |
| સત્ય | અનુકંપા | અવિનાશિતા | દાક્ષિણ્ય |
| અસ્તેય | નિર્વેદ | આચારપાલન | પાપજુગુપ્સા |
| બ્રહ્મચર્ય | સંવેગ | વિનય | નિર્મળ બોધ |
| અપરિગ્રહ | શમ | મોક્ષમાર્ગસહાય | જનપ્રિયતા |
| જ્ઞાનાચાર | દર્શનાચાર | ચારિત્રાચાર | વીર્યાચાર |
| મૈત્રી | પ્રમોદ | કારુણ્ય | માધ્યસ્થ |

વગેરેનો ઉદય થાય શુદ્ધિકરણ.

o વારંવાર જાપના શુભભાવથી કામ પાકે છે, દ્રવ્ય સુધરે છે, ચિત્ત બદલાય છે. 'જગતનું ભલું થાય' એવો ભાવ માત્ર કરવાથી શું ફળ મળે? ફળ મેળવવા માટેની ઇચ્છાથી ભાવ જ નાશ પામે છે. ફલેચ્છા વિના થઈ શકનારી ચીજ એક ભાવ જ છે, તેથી જ સર્વશ્રેષ્ઠ એવું મોક્ષરૂપી ફળ મળે છે.

o બુદ્ધિ બધું જોઈ શકે છે પણ બીજાનું દુઃખ જોવાની તાકાત બુદ્ધિમાં નથી, ભાવનામાં છે. તેથી ભાવના વિનાની બુદ્ધિને શાસ્ત્રકારોએ આંધળી કહી છે. ભાવના દેખતી છે, બુદ્ધિ આંધળી છે. એ બેનો સંયોગ થાય, તો અંધ-પંગુ ન્યાયે કાર્ય સિદ્ધ થઈ શકે છે. ઇંદ્રિયો, મન અને બુદ્ધિ જે ન જોઈ શકે, તે ભાવના જોઈ શકે છે. દા.ત. માતા બાળકના

નાનામાં - નાના દુઃખને એમ જોઈ શકે છે, તેમ ઘરના
બાકી બધા બાળકને જોવા છતાં જોઈ શકતાં નથી.

બુદ્ધિ એમ શાસ્ત્ર ભણવાથી વધે છે,
તેમ લાગણીવાળા તત્ત્વો કે વીતરાગદેવાદિની સેવાથી
પણ લાગણી વધી શકે છે.

એ દૃષ્ટિએ સતતાભ્યાસ, વિષયાભ્યાસ અને
ભવ્યાભ્યાસને શાસ્ત્રોમાં સ્થાન આપ્યું છે.

માતા - પિતાના પૂજનમાં પણ લાગણીનું પૂજન છે.
દેવ - ગુરુના પૂજનમાં પણ તેમની લાગણીનું પૂજન છે.
રત્નત્રયીના અભ્યાસમાં પણ લાગણીનું પૂજન છે.
કુટુંબ પ્રત્યે લાગણી, જગતના જીવો પ્રત્યે લાગણી અને
છેવટે પોતાના આત્મા પ્રત્યે લાગણી વિકસાવવાની છે.

માતાની લાગણી અરાગજન્ય છે,
ધર્મગુરુની લાગણી રાગજન્ય છે, એટલું અંતર છે.

o વિશ્વમાં એમ આકાશ રહેલું છે, તેમ માનવમાં
ઇચ્છા રહેલી છે. એટલે તેનો નિરોધ શક્ય નથી,
પરન્તુ રૂપાંતર શક્ય છે. 'હું સુખી થાઉં'ને બદલે
'આપણે બધા સુખી થઈએ' તે છે ઇચ્છાની રૂપાંતરભાવના.
'હું' જાય તો જ 'આપણે' આવે. જ્યાં સુધી માનવીના

જીવન ઉપર 'હું'નું વર્ચસ્વ રહે, ત્યાં સુધી 'અર્હં'નો પ્રવેશ ન થઈ શકે. 'હું'ને બહાર કાઢવા માટે માનવીએ પોતાના આત્મા તરફ લક્ષ આપવું જોઈએ.

આત્મા તરફનું લક્ષ કેળવવા માટે જ્યાં જ્યાં
અનાત્મભાવનું વર્ચસ્વ હોય, ત્યાં ત્યાં ન જવું જોઈએ,
આત્માર્થી પુરુષોનો સંગ કરવો જોઈએ,
આત્મહિતકર શાસ્ત્રોનો ખંતપૂર્વક અભ્યાસ કરવો જોઈએ,
આત્મહિતકર સત્પ્રવૃત્તિઓમાં રત રહેવું જોઈએ.

હું કોણ છું? ક્યાંથી આવ્યો? મારું સ્વરૂપ કેવું છે? તે સંબંધી ઊંડું ચિંતન કરવું જોઈએ. ચિંતનના પ્રભાવે 'હું'ની પક્કડ આત્મપ્રદેશો ઉપરથી ઢીલી પડી જાય છે અને વાણી, વિચાર અને વર્તનનો ઝોક વિશ્વ તરફ વળે છે,
વિશ્વના જીવમાત્રના મંગલ તરફ ઢળે છે.

ઇચ્છા સ્વચ્છંદિતાથી અમાવાસ્યાના અંધકાર જેવી છે,
ભાવના શરદપૂર્ણિમાની રાત જેવી છે.
ઇચ્છામાં દેહભાવની દુર્ગંધ, ભાવનામાં પરહિતની સુગંધ છે.
ઇચ્છાસંસાર પાપનું ધામ, ભાવનાસંસાર ધર્મનું ધામ છે.
ઇચ્છાનો પરિઘ શરીર સુધી, ભાવનાનો પરિઘ વિશ્વવ્યાપી.
ઇચ્છા જગતની ઋદ્ધિ - સિદ્ધિ પોતામાં વાંછે,
ભાવના આત્મસમૃદ્ધિ વડે આખા જગતને અજવાળે.

ઇચ્છા પાપમાં - ભાવના પુણ્યમાં પ્રેરે.
ઇચ્છાનો અંત ન હોય, ભાવના ભવના અંતને આણે.
ઇચ્છા વકરે-કુબુદ્ધિ જગાડે, ભાવના વધે ધર્મનું તેજ ખીલવે.
ઇચ્છા માનવને મર્કટ કે માતેલો સાંઢ બનાવે,
ભાવના ભવ્ય માનવીને જન્માવે.
ઇચ્છાની ચાલ સદા વક્ર હોય, ભાવનાની સદા સીધી.
ઇચ્છા જડને - ભાવના આત્માને આરાધે.
ઇચ્છા પૂર્તિમાંથી પાછી ઉગે.
જે ઇચ્છા ભાવનામાંથી પ્રગટે, તે ભવ્યભાવ સભર હોય.
ઇચ્છા આપોઆપ આવે, ભાવના આમંત્રણની રાહ જુએ.
પશુતા હોય, ત્યાં પણ ઇચ્છા હોય, પરન્તુ
ભાવનાને તો શુભનાં ચિન્તન દ્વારા ખીલવવી પડે.
ઇચ્છાનો શ્વાસ = આર્તધ્યાન, ઉચ્છ્વાસ = રૌદ્રધ્યાન.
ભાવના સદા ધર્મધ્યાનમાં લીન રહે.
'હું' પ્રગટાવે દેહભાવને, 'આપ'માંથી પ્રગટે સર્વાત્મભાવ.
તપાવેલા લોઢાની પુતળીને સ્પર્શ કરવાથી જે વેદના
થાય, તેના કરતાં શતગુણી વેદના જે ભવ્ય આત્માને
ઇચ્છાના સ્પર્શમાત્રથી થતી હોય, તે ટૂંક સમયમાં
'હું' ઉપર વિજય મેળવીને 'આપ'માં વિરમી શકે.

'હું'ના અનાદિના બંધનમાંથી મુક્ત થવા માટે 'હું' પણાંથી
સર્વથા મુક્ત એવા વિતરાગ ભગવંત અને તેમનું
સર્વકલ્યાણકર શાસન મળો, એ જ ભાવના.

૦ 'સ એવ અહં'નો દૃઢ નિશ્ચય થતાં બાદ એ નિર્ણય
રૂપ પોતાના ભાવની સ્થાપના પ્રભુપ્રતિમામાં કરવી.
દા.ત. 'સ એવ અહં' એ તાત્ત્વિક પ્રતિષ્ઠા છે.

અર્થાત્ પોતાના પરમાત્મવિષયક ભાવની મૂર્તિમાં
પ્રતિષ્ઠા કરી, પછી તેના દર્શન - પૂજન વડે પોતાના જ
નિર્મળ આત્મસ્વરૂપનું દર્શન - પૂજન નિત્ય થઈ શકે.
પ્રતિષ્ઠાવિધિ વડે દર્શનાર્થે સંઘપ્રવૃત્તિ નિરંતર ચાલુ રહે.
પ્રતિષ્ઠિત તત્ત્વભાવથી સર્વને પૂજનમાં પ્રવૃત્તિ થાય.
એ જ રીતે પંચ પરમેષ્ઠિ પણ સ્વઆત્માની જ
જુદી - જુદી ૬ થી ૧૪મા ગુણસ્થાનક સુધીની પાંચ
અવસ્થાઓ છે, તેને જ તત્ત્વથી નમસ્કાર થાય છે.

તાત્ત્વિક નમસ્કારને પામવા માટે
પરમેષ્ઠિપદને પ્રાપ્ત પુરુષોને નમવાનું છે.
તેમના નમસ્કારના બહાને
નિશ્ચયથી સ્વઆત્માને જ નમસ્કાર થાય છે.
બાહ્ય નમસ્કાર એ આંતર નમસ્કારનું કારણ બને છે.

દ્રવ્યથી ભાવ અને બાહ્યથી આંતર - અંદર નમસ્કારના
બે - બે પ્રકાર છે. બાહ્યનમસ્કારને 'વ્યવહાર નમસ્કાર'
અને અભ્યંતરને 'નિશ્ચય નમસ્કાર' પણ કહેવાય છે.
મૈત્ર્યાદિભાવો અન્ય જીવો સાથે વ્યવહાર કરવા માટે,
અનિત્યતાદિ ભાવના સ્વઆત્માને પ્રાપ્ત કરવા માટે છે.
પ્રશસ્તરાગ વડે વૈરાગ્ય અને અંતે વીતરાગતા મળી શકે.

'પલાલમિવ ધાન્યાર્થી ત્યજેત્ શાસ્ત્રમ શેષતઃ ।'
અર્થાત્ સર્વ શાસ્ત્રોનો અભ્યાસ કરી તેનો સાર ગ્રહણ
કર્યા પછી ધાન્યાર્થી જેમ ધાન્ય મળ્યાં પછી ફોતરાંઓને
છોડી દે છે, તેમ સર્વ શાસ્ત્રોને પણ છોડી દેવા.

o શિવ એટલે પ્રજ્ઞા અને શક્તિ એટલે ક્રિયા.
એ બંનેનો આધ્યાત્મિક સમન્વય સાધવો જોઇએ.
બધી જ સાચી સાધનાનો પાયો સમન્વય છે.

o પ્રથમ આપણે સાતે ચક્રોમાંથી પસાર થવું જોઇએ,
પછી સહસ્રારમાં થતાં બ્રહ્માનંદની દીપ્તિમાં
તે બધાનું પૂર્ણ પ્રાગટ્ય બનવું જોઇએ.
ઇડા, પિંગલા, સુષુમ્ણા અને ચિત્રાનો
ત્યાં સંગમ થાય છે અને તેમાંથી જ બ્રહ્માનંદ પ્રગટે છે.
આખું બ્રહ્માંડ આપણામાં રહેલું છે.

આ વિશ્વ એટલે કોઈ નિર્જીવ અસંબદ્ધ વસ્તુઓનો
આકસ્મિક રીતે સંયોજિત થયેલો વસ્તુપિંડ નથી.
વિશ્વનો પ્રકાશ પામવા ક્યાંય બહાર જવાની જરૂર નથી.
જ્યારે સાધક વૈવિધ્યમાં રહેલા એકત્વને
પોતાની યોગસાધના દ્વારા સાક્ષાત્કાર કરે છે,
ત્યારે તેનામાં વિશ્વતત્ત્વનો આવિર્ભાવ થાય છે
અને તે જીવનમુક્ત બને છે.

જીવનમુક્ત દશા માણતાં ગુરુઓની નિર્લેપ જીવનધારાઓ
અને દૃઢ સાધના સાધકના વ્યક્તિગત પ્રયાસોને પ્રેરે છે.

0 ઊર્જાની વિષયોન્મુખ અધોગતિ એ કાંઈ તાંત્રિક
સાધના નથી. સૂક્ષ્મ આધ્યાત્મિક યમ - નિયમ દ્વારા શિવ
અને શક્તિનો યોગ આપણે આપણામાં અનુભવવો.

લાગણીશૂન્ય ક્રિયા એ ક્રિયા જ નથી.
લાગણી અને ભાવ પર્યાયવાચી છે.
જ્ઞાનથી બધું જાણી શકાય, પણ સામાના સુખ - દુઃખ
માત્ર લાગણીથી જ જાણી શકાય છે.

પ્રયોજનભૂત જ્ઞાન સુખ - દુઃખ જાણવાં, તે છે.
તે શિવત્વનું જ્ઞાન શક્તિરૂપ, કૌતુકરૂપ કે માત્ર બુદ્ધિના
સંતોષરૂપ છે, તેથી ધર્મ કે મોક્ષમાં કાંઈ સહાય મળતી નથી.

મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ ।
મામેવૈષ્યસિ સત્યં તે પ્રતિજાને પ્રિયોऽસિ મે ॥
- ગી. ૧૮ - ૬૫

અર્થ: મારા મનવાળો અર્થાત્ મારી ઇચ્છા પ્રમાણે ચાલનારો થા, મારો ભક્ત થા, મારે અર્થે કર્મ કરનારો થા અને મને જ નમસ્કાર કર અર્થાત્ તું મને પ્રિય થઈશ. તેથી સત્ય પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે તું મને જ પામીશ.

મન્મના (ઇચ્છા છોડવી): મારી ઇચ્છાવાળો કે મારી જ આજ્ઞા પાળનારો થા, માયાની નહિ. માયા ઠગારી છે.

મદ્ભક્તો (અભિમાન છોડ): આપણે 'હું' પણાના ભક્ત છીએ, લાગણીઓના ભક્ત છીએ. ઈશ્વરથી જુદાપણું છે, તેના જ ભક્ત છીએ, તેથી ધર્મોમાં પણ આપણું જ અભિમાન આડે આવે છે. આપણે અભિમાનના ભક્ત છીએ.

અહંકારના ભક્તો માટે નરક તૈયાર છે.

મદ્યાજી (સ્વાર્થ છોડવો): મારે અર્થે યજ્ઞ કરનારો થા. મારું પૂજન કર. જગતના જીવોના કલ્યાણ માટે પોતાના સ્વાર્થનો ભોગ આપવો, એનું નામ 'યજ્ઞ' છે.

ઈશ્વરને અર્થે સ્વાર્થનો ભોગ આપીને, જીવનું કલ્યાણ થાય, તેવા કર્મો કરવા.

अर्ह

જે કર્મો સ્વાર્થ માટે કરીએ છીએ,

તે સર્વ કર્મો ઈશ્વરને અર્પણ કરવા.

માં નમસ્કુરુ (ભાવ આપો) : ભગવદ્ભક્ત, ઋષિ, દેવો, સ્વજનો, અનાથબાળકો અને દરેકને નમીએ છીએ, આપણે પ્રભુને નમતાં નથી, તે આશ્ચર્ય છે.

(૧) પ્રભુની ઈચ્છાને આધીન થાઓ.

(૨) અહંકાર અને જુદાઈને છોડી ભક્તિ કરો.

(3) નિઃસ્વાર્થ કર્મ કરો.

(૪) જગતની બીજી બધી વસ્તુઓમાં જેટલો ભાવ રાખો છો, તે કરતાં વધુ ભાવ પ્રભુમાં રાખતાં શીખો. પ્રભુને ભાવ આપવાથી નિઃસ્વાર્થ કર્મ કરવાનું મન થાય છે, અભિમાન ગળી જાય છે, ઈચ્છાઓ નાશ પામે છે.

(૫) જગતની બધી વસ્તુઓ કરતાં ઈશ્વર મુખ્ય છે. સૌથી અધિક ભાવ પ્રભુ પ્રત્યે કેળવવો.

(૬) સ્વાર્થનો ભોગ આપતાં શીખવું.

(૭) તે પછી અહંકારને છોડવો.

(૮) છેલ્લે ભગવદ્ઈચ્છાને આધીન થઈ જવું.

o સમકીત ગાજ - સર્વ જીવો ઉપર, સર્વ જડો ઉપર, સર્વ અપેક્ષાઓ ઉપર સ્યાદ્વાદન્યાય વિચારવો.

अर्हं

બેડા, શ્રાવણ સુદ ૧૫, સં. ૨૦૧૬

अजरामरवत् प्राज्ञो विद्यामर्थं च चिन्तयेत् ।

तत्त्वं ब्रह्मणि - आत्मार्थे ।

'તત્ત્વ' એટલે બ્રહ્મ અને વસ્તુનું યથાર્થ સ્વરૂપ.
'બ્રહ્મ' એટલે મૂળ કારણ. યથાર્થતા = કોઈપણ વસ્તુની
કે ઘટનાની યથાવત્ સ્થિતિ - મૂળ સાથે સંવાદી સ્થિતિ.

જિજ્ઞાસાનું મૂળ એ તત્ત્વ જ છે.

અજ્ઞાનનું નિવારણ, જ્ઞાનની અભ્રાન્તતાની ખાતરી,
કારણની અંતિમ પર્યન્ત ગવેષણા, સત્ય જ શોધવું,
ચિંતવવું, જોવું અને આચરવું એ તત્ત્વજ્ઞાનનું ફળ છે.

हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।
तत् त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥१५॥
- ईशावास्योपनिषद् (ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

તત્ત્વવિદ્યા એટલે મુખ્યત્વે અધ્યાત્મવિદ્યા.
એમાં અધિભૂત બાહ્ય અને અધિદૈવ - આંતરવિષયો પણ
આવે પણ છેવટે અધ્યાત્મવિદ્યામાં પર્યવસાન પામે છે.

શ્રવણ કરતાં ચક્ષુનું પ્રામાણ્ય વધુ છે.
ચક્ષુનું સ્થાન સત્ય અને સમત્વની વધુ નજીક છે.
સાક્ષીનો અર્થ પણ સાક્ષાત્ દ્રષ્ટા એવો થાય છે.

ઉક્તિ તેના સાધકોને કહે છે કે:

'હું તમારી સમક્ષ કદી મૃષા બોલ્યો છું ?'

આ એક જ વેણમાં સત્યનું બળ જણાઈ આવે છે.

તેના એ એક જ વચનથી બાળ જીતાઈ ગયાં.

આત્મા પરમાત્મા આદિ અતીન્દ્રિય વસ્તુઓનો જે સ્પષ્ટ, અસંદિગ્ધ અને તેથી જ અવિચલિત બોધ, તે જ દર્શન છે. દર્શન એ જ્ઞાનશુદ્ધિ અને સત્યની પરાકાષ્ઠા છે.

દર્શન સુધી પહોંચવાના મુખ્યપણે ત્રણ સોપાન છે:

શ્રવણ ભૂમિકા, મનન ભૂમિકા, નિદિધ્યાસન ભૂમિકા.

અનુભવીઓ પાસેથી સાંભળવું અથવા અનુભવીઓના સંગૃહીત ઉદ્ગારો ઉપરથી વિશેષ જાણવું. જે સાંભળ્યું અને તે ઉપરથી જે કાંઈ સમજાયું, તેના ઉપર તર્ક, ન્યાય તેમ જ યુક્તિને આધારે વધારે ચિન્તન-મનન કરવું. ત્યારબાદ વિશેષ એકાગ્રપણે અને ક્લેશમુક્ત ચિત્તે વસ્તુના હાર્દમાં પ્રવેશ કરવો. પછી જ દર્શન યા સાક્ષાત્કારની ભૂમિકા સિદ્ધ થાય. દર્શન એ તત્ત્વબોધનું શિખર છે.

પહેલાં ત્રણ ત્યાં પહોંચવાના સોપાન છે.

અધ્યાત્મદૃષ્ટા વિરલ, અધ્યાત્મ જિજ્ઞાસુ ઘણાં હોય છે.

તત્ત્વદર્શન એ ખરી રીતે યોગવિલાસ છે.

ऋतम्भरा तत्र प्रज्ञा ।
श्रुतानुमान-प्रज्ञाभ्यामन्यविषया विशेषार्थत्वात् ।
- योगसूत्र, १-४८-४९ (परिशिष्ट-२)

तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् । - तत्त्वार्थाधिगम सूत्र
(परिशिष्ट-३)

'દર્શન' શબ્દ - મૂળ ચાક્ષુષ અનુભવ, પછી અતિન્દ્રિય અતિસ્પષ્ટ અર્થાત્ ચક્ષુ નિરપેક્ષ મનોગત અનુભવ. અતિસ્પષ્ટ મનોગત અનુભવની શ્રદ્ધા એનાં સાધક તર્ક, ઉહાપોહ અને તેને નિરૂપતા ગ્રન્થો માટે પણ.

૦ જીવનના બે અવિભાજ્ય અંશો તે શ્રદ્ધા અને મેધા.

તત્ત્વચિન્તનના મુખ્ય ત્રણ વિષયો: જીવ, જગત, ઈશ્વર.

१ अणाइ जीवे, २ अणाइ भवे,
३ अणाइ कम्मसंजोगनिव्वत्तिए ।

તત્ત્વચિન્તનના બે ભાગ

(૧) તર્ક-કલ્પનામૂલક ચિન્તન (૨) અનુભવમૂલક ચિન્તન.

Hypothesis તર્કપ્રયોગથી સાબિત થાય, તે સિદ્ધાંત.

તત્ત્વચિન્તન સ્થૂલમાંથી સૂક્ષ્મમાં, સૂક્ષ્મતમમાં અને છેવટે અગમ્યમાં વિરમે છે (દ્રવ્ય - સ્થૂલ, ભાવ - સૂક્ષ્મ).

લૌકિક દૃષ્ટિબિન્દુ જગતવિષયક - ચાર્વાક -

ન્યાય - વૈશેષિક - જૈન - બૌદ્ધ - સાંખ્ય - અધિભૂતવાદ,
અધિવિજ્ઞાન - ચૈતસિકવાદ, અધિબ્રહ્મ - અધ્યાત્મવાદ.

જીવો, આત્માઓ, પુદ્ગલો કે વિજ્ઞાન સંતતિઓ
એક માત્ર અખંડ ધર્મીનું
ઔપાધિક સ્વરૂપ લઈ કાલ્પનિક ભેદ ધરાવે છે.
કર્તા ઈશ્વર, દ્રષ્ટા ઈશ્વર, સચ્ચિદાનંદસ્વરૂપ ઈશ્વર.

ઇવમાજ્ઞાં સમાલંબ્ય સ્યાદ્વાદન્યાયયોગતઃ
દ્રવ્ય-પર્યાય-રૂપેણ નિત્યાનિત્યેષુ વસ્તુષુ ।
સ્વરૂપ-પરરૂપાભ્યાં સદસદ્રૂપશાલિષુ
યઃ સ્થિરઃ પ્રત્યયો ધ્યાનં તદાજ્ઞાવિચયોદિતમ્ ॥

વસ્તુ નિત્યાનિત્ય છે, વસ્તુ સદસદ્રૂપ છે.
દ્રવ્યથી નિત્ય, પર્યાયથી અનિત્ય.
સ્વરૂપથી સત્, પરરૂપથી અસત્.
એ રીતે વિચાર કરવો.
સ્થિર પ્રતીતિ કરવી, તે આજ્ઞાવિચય ધ્યાન છે.

ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યયુક્તં સત્ । તદ્ભાવાવ્યયં નિત્યમ્ ।
(પરિશિષ્ટ-૪)

સત્ એ ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યાત્મક છે.
વસ્તુમાત્ર ત્રિરૂપ છે.

પ્રત્યેક વસ્તુમાં જે અંશ છે: એક અંશ ત્રણે કાળમાં શાશ્વત છે, બાકી અંશ સદા અશાશ્વત છે.

જે એનાં ભાવથી, પોતાની જાતિથી ચ્યુત ન થાય, તે નિત્ય છે. વસ્તુ સ્થિરાસ્થિર ઉભયરૂપ છે. મૂળ જાતિની-દ્રવ્યની અપેક્ષાએ સ્થિર - પરિણામની અપેક્ષાએ અસ્થિર.

કથિત પરિણામ પરંપરામાં સજાતીયતાનો અનુભવ એ નિત્યત્વ છે. પ્રત્યભિજ્ઞાનનો વિષય નિત્યત્વ છે. પ્રત્યભિજ્ઞાન માટે વસ્તુ અને તેનો જોનાર ઉભયનું સ્થિરત્વ આવશ્યક છે અથવા ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યાત્મક રહેવું એ જ વસ્તુમાત્રનું સ્વરૂપ છે અને એ જ સત્ છે. ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનું ચક્ર દ્રવ્યમાત્રમાં સદા હોય છે.

દ્રવ્યનો અન્વયી સ્થાયી અંશ ધ્રૌવ્ય છે.

અહીં અંશીનું અવિચ્છિન્નત્વ એ નિત્યત્વ છે.

अर्पिता नर्पित सिद्धेः ।

વિશિષ્ટ સ્વરૂપનો અર્થ જ એ છે કે તે સ્વરૂપથી અસત્, પરરૂપથી સત્ નહિ પણ અસત્. આ રીતે સત્ત્વ અને અસત્ત્વ - ધર્મ અપેક્ષાએ એક જ વસ્તુમાં સિદ્ધ થાય છે.

દ્રવ્ય - સામાન્ય - નિત્ય, પર્યાય - વિશેષ - અનિત્ય.

એકત્વ (દ્રવ્યથી) - અનેકત્વ (પર્યાયથી).

જે કર્મનો કર્તા છે, તે જ કર્મફળનો ભોક્તા છે. કર્મ અને કર્મફળનું સામાનાધિકરણ્ય બતાવવા માટે દ્રવ્યદૃષ્ટિથી નિત્યત્વની અપેક્ષા છે. વળી કર્તૃત્વકાળની અપેક્ષાએ ભોક્તૃત્વકાળમાં આત્માની અવસ્થા બદલાઈ જાય છે. આવી અવસ્થાભેદ બતાવવા માટે અનિત્યત્વ અપેક્ષિત છે. વિવક્ષા, અવિવક્ષા અને સદવિવક્ષાથી વસ્તુનું નિત્યત્વ, અનિત્યત્વ અને અવક્તવ્ય સિદ્ધ થાય છે. ત્રણેના પરસ્પર મિશ્રણથી બાકી પણ ચાર વાક્યરચનાઓ બને છે. પહેલાં ત્રણ અથવા જે વાક્યો સાત વાક્યોનું મૂળ છે. એક જ વસ્તુ અનેક ધર્માત્મક અને અનેક પ્રકારના વ્યવહારનો વિષય હોવાથી અનેકાન્તાત્મક છે. વસ્તુનું ગૌણ અને પ્રધાનપણું અપેક્ષાભેદે, ગૌણ - મુખ્યભાવે વિવક્ષા - અવિવક્ષાવશ અનેક પ્રકારે સિદ્ધ થઈ શકે છે.

नित्यावस्थितान्यरूपाणि ।

નિત્ય પોતાના સામાન્ય વિશેષ રૂપથી ચ્યુત થતાં નથી.

પાંચે અવસ્થિત સ્થિર પણ છે.

એની સંખ્યામાં ક્યારે પણ ઓછું - વત્તાપણું થતું નથી.

પોતાના સ્વરૂપથી ચ્યુત ન થવું, તે નિત્યત્વ.

પરસ્વરૂપને પ્રાપ્ત ન થવું, તે અવસ્થિતત્વ.

જીવતત્ત્વ પોતાના દ્રવ્યાત્મક સામાન્ય સ્વરૂપને
અને પર્યાયાત્મક વિશેષ સ્વરૂપને કદી છોડતું નથી,
તે તેનું નિત્યત્વ છે તથા અજીવ તત્ત્વના સ્વરૂપને
તે પ્રાપ્ત કરતું નથી, એ તેનું અવસ્થિતત્વ છે.
નિત્યત્વ કથનથી શાશ્વતતા અને અવસ્થિતત્વથી
પરસ્પર અસંકીર્ણતા, અમિશ્રણતા, અસંસ્કારતા સૂચવાય.
પરિવર્તનશીલ છતાં સ્વરૂપસ્થિત અને
એક સાથે રહેવાં છતાં ય એકબીજાના સ્વભાવ અને
લક્ષણથી અસ્પૃષ્ટ રહે છે. એથી અનાદિની
ઘન અને મૂળ તત્ત્વોની સંખ્યા એકસરખી રહે છે.

0 અરૂપીત્વ એટલે સ્વરૂપનિષેધ અર્થમાં નહિ,
પરન્તુ મૂર્તિના નિષેધ અર્થમાં લેવું.
રૂપ એટલે મૂર્તિ, સંસ્થાન, રૂપરસાદિનો સમુદાય.

0 જૈનદર્શન આત્મદ્રવ્યને વેદાંતની માફક અથવા
સાંખ્ય યા વૈશેષિક પેઠે નિષ્ક્રિય માનતું નથી.
નિષ્ક્રિયતાથી ગતિક્રિયાનો નિષેધ સમજવો,
ક્રિયામાત્રનો નહિ, ગતિશૂન્ય ધર્માસ્તિકાયાદિમાં પણ
સદૃશ પરિણામરૂપ ક્રિયા જૈનદર્શન માને છે.
ધર્માસ્તિકાય - ગતિસહાયક - પ્રગતિસહાયક - લાભંકરોની

લોકમાં રહેલા કરુણા એ જીવમાત્રની પ્રગતિમાં અથવા ગતિશીલ દ્રવ્યમાત્રની ગતિમાં - પ્રગતિમાં સહાયક છે.

ગતિમાત્રની પાછળ પ્રભુની કરુણા કાર્ય કરે છે, એવો આધ્યાત્મિક અર્થ પણ થઈ શકે છે. જીવમાત્રની પ્રગતિને સ્થગિત કરનાર અધર્મ છે. તે પણ જીવલોકમાં ફેલાયેલો છે, તેના જ પ્રભાવે સર્વત્ર સ્થિતિ, પ્રગતિનો અવરોધ અનુભવાય છે. આ પણ આધ્યાત્મિક અર્થ છે.

પ્રભુની આજ્ઞાનો વિચાર તે આજ્ઞાવિચય ધર્મધ્યાન.

સર્વ જીવને આત્મસમ ગણવારૂપી પ્રભુની આજ્ઞાથી જ પદાર્થમાત્ર ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ધારણ કરી રહ્યાં છે. કરુણાનો એ પ્રભાવ છે કે વસ્તુ પોતાના સ્વરૂપથી ચ્યુત થતી નથી, અન્ય સ્વરૂપને પામતી નથી. એ રીતે પ્રભુના વચનનો વિચાર કરવો, તે આજ્ઞાવિચય ધર્મધ્યાન છે. વસ્તુનું સ્વરૂપ જેવું છે, તેવું જ વિચારવું, એ ધ્યાનની સ્થિરતા માટે ઉપયોગી છે.

(૧) Cosmological - કાર્યકારણ ભાવમૂલક.

(૨) Ontological - સત્તામૂલક.

(3) Teleological - પ્રયોજનમૂલક.

(1) Hume એ જગત્કર્તૃત્વવાદનું ખંડન કરે છે.

સંપૂર્ણ કાર્યોના કર્તા તરીકે ઈશ્વર છે. તો ઈશ્વરના કર્તા તરીકે પણ કોઈ હોવો જોઈએ. એનું કારણ પ્રમાણવાળો ઇન્કાર કરવો અતિ કુંઠિત શ્રદ્ધાના આધાર પર ઈશ્વરને સ્વીકારવાનું થયું. જૈનો - બૌદ્ધોની પણ આ જ દલીલ છે.

(2) Anselm તથા Descarte આદિ ઈશ્વરના અસ્તિત્વમાં પ્રમાણ એ આપે છે કે જો ઈશ્વરની સત્તા જગતમાં ન હોય તો આપણા હૃદયમાં ઈશ્વરના અસ્તિત્વની ભાવના જ કેમ ઉગે? Kant આ મતનો વિરોધ કરે છે.

કેવલ કલ્પનાથી જેમ કોટ્યાધિપતિ થવાતું નથી,
તેમ કલ્પનામાત્રથી ઈશ્વરસિદ્ધિ ન થઈ શકે.

(3) સૃષ્ટિમાં એક અદ્ભુત વ્યવસ્થા દૃષ્ટિગોચર થાય છે. Cosmic harmony માટે શક્તિશાળી મહાન યોજનાશક્તિ માનવી જરૂરી છે કે જે તેની પાછળ કાર્ય કરે છે. વિશ્વના નિયામક અને સંયોજક ઈશ્વરની કલ્પના ન્યાય્ય છે પણ એકેશ્વરની કલ્પના અમાન્ય છે.

(4) કાર્ય[1]ાયોજન[2] ધૃત્યાદેઃ[3] પદાત્[4] પ્રત્યયતઃ[5] શ્રુતેઃ[6] ।
વાક્યાત્[7] સંખ્યાવિશેષાચ્ચ સાધ્યો વિશ્વવિદવ્યયઃ ॥

- ન્યાયકુસુમાંજલિ, ૫.૧ (પરિશિષ્ટ-૫)

૧ કાર્ય, ૨ આયોજન, ૩ ધૃતિ, ૪ શિક્ષક, ૫ પ્રત્યય, ૬ શ્રુતિ, ૭ વાક્ય, ૮ સંખ્યા.

अर्हं

## જીવોની કાયસ્થિતિ

0 બાદર એકેન્દ્રિય કાયસ્થિતિ : ૭૦ કોડાકોડી સાગરોપમ.
0 સૂક્ષ્મ નિગોદ : અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી.
0 સૂક્ષ્મબાદર નિગોદની ભેગી : ૨॥ ક્રમિ પુદ્ગલપરાવર્ત.
0 ત્રસની કાયસ્થિતિ : ૨૦૦૦ સાગરોપમથી અધિક.
0 પૃથ્વીકાય પર્યાપ્તા : ૮ ભવ.

## પ્રથમ શુક્લધ્યાન

પોતાના આત્માના શુદ્ધ સ્વરૂપના જેવું જ સ્વરૂપ સર્વ આત્માનું દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી છે, એવું મનથી, વચનથી અને કાયાથી અર્થ સહિત શબ્દ વડે વિચારવું, તે પ્રથમ શુક્લધ્યાન છે.

## બીજું શુક્લધ્યાન

એ જ વિચાર પોતાના ગુણ-પર્યાયમાં અનુસ્યૂત આત્મદ્રવ્યના એકત્વ સંબંધી કરવો તે છે.

શ્રાવણ વદી ૮, બોડા

અષ્ટપ્રવચનમાતામાં મનસમિતિ કેમ નહિ?
આઠે પ્રવચનમાતાપાલનમાં સમ્યગ્દર્શન આવશ્યક છે. સમ્યગ્દર્શન એ જ મનસમિતિ છે. મન સકલ સત્ત્વના કલ્યાણની ભાવનામાં રત રહેવું અથવા સકલ સત્ત્વના

કલ્યાણની ભાવનામય પંચ પરમેષ્ઠિના ધ્યાનમાં લીન રહેવું, એ મનસમિતિ છે. સંકલ્પવિકલ્પથી વિમુક્ત મનને આત્મલીન કરવું, પરમેષ્ઠિની ભક્તિથી વિશુદ્ધ ચિત્તને ભક્તિયુક્ત બનાવવું, તે મનસમિતિ છે. મન સૂક્ષ્મ છે.

○ મન મહિલાનું વહાલા ઉપરે, બીજાં કામ કરંત,
તેમ શ્રુતધર્મે રે એટલું મન રહે, જ્ઞાનાક્ષેપકવંત.

સ્ત્રી સાસુ - સસરા, દીયર, જેઠ, નણંદ, ભોજાઈ કોઈનું પણ કામ કરે, છતાં તે વખતે ઉપયોગ પતિનો જ રહે છે, કેમકે પતિના સંબંધથી જ બધા સંબંધો નિપજ્યા છે.

○ આગમે પાળવાનો વ્યવહાર પણ હૃદયમાં ધારવાનો નિશ્ચય. હૃદયમાં નિશ્ચય એટલે સર્વ જીવોના સાથેનો અભેદ ધારણા કરવામાં ન આવે તો ભેદબુદ્ધિ, વિરોધભાવ ટાળી શકાય નહિ. વિરોધ વચ્ચે ઐક્ય ધારણા કરી શકાય નહિ. એટલે સમતાભાવ અને તેના ફળસ્વરૂપ મોક્ષનાં અવ્યાબાધ સુખનો નાશ થાય અથવા ચિત્તસમાધિ રૂપ તત્ત્વ બાધિત થાય. પાલનમાં વ્યવહાર ન હોય, તો નિશ્ચયનું પાલન અશક્ય હોવાથી માર્ગનો વિલોપ થાય. વ્યવહારના પાલન વિનાની કેવળ નિશ્ચયદૃષ્ટિ દંભની જ વૃદ્ધિ કરે. માટે નિશ્ચયદૃષ્ટિ - અભેદદૃષ્ટિને લક્ષ્યમાં

રાખીને શબ્દ વ્યવહારનું પાલન કરવું, એ જ ધર્મસ્વરૂપ છે. એથી ચિત્તસમાધિ રૂપી તત્ત્વની અને શબ્દ પાલન-રૂપ માર્ગની રક્ષા થાય છે. શબ્દનું પાલન અને અર્થનો પક્ષ કરવો, એ જ અનુભવસિદ્ધ ધર્મનો રાજમાર્ગ છે.

૦ અનુ + ભવ = પાછળ થવું તે. જે પદાર્થ જેવો હોય, તેવું તેની પાછળ ચિત્તનું થવું એટલે અનુભવ. તત્ત્વની કલ્પના જ નહિ પણ વાસ્તવિક લાભ તે અનુભવ. આથી જેણે ભગવાનનું સહજ સ્મરણ કરવું હોય, તેણે તેનો સહજ, તાત્ત્વિક અને વાસ્તવિક અનુભવ મેળવવો જોઈએ. જેવો ભગવાન છે, તેવું જ તેણે તેના ચિત્તને બનાવવું જોઈએ. 'કલ્પનાનો ભગવાન નહિ - ભગવાન છે' તેવી જ કલ્પના કરવી જોઈએ. તો જ અસલી ભગવાનનો અનુભવ અને પછી સ્મરણ શબ્દ બને.

સ્મરણભક્તિ સાક્ષાત્કારની અપેક્ષા રાખે છે. જેનો સાક્ષાત્કાર નહિ, તેનું સ્મરણ પરાનુભવથી પ્રતીત થતું હોઈને પ્રતીતિ જન્માવનારું નહિ થાય. તેથી સ્મરણભક્તિ સાક્ષાત્કાર અને તેના સમસ્ત પૂર્વસાધનાની અપેક્ષા રાખે છે.

પરમાત્મતત્ત્વનું શ્રદ્ધા - ભક્તિપૂર્વક સ્મરણ તે ધ્યાન દ્વારા પ્રભુને અંતરમાં ઉતારવાનો પ્રયોગ છે.

ભગવાન ધ્યાન દ્વારા પ્રથમ પ્રવેશે છે અને આંખ
દ્વારા પછી દેખાય છે. પ્રભુને મનમંદિરમાં પધારવાનો
ધ્યાન સિવાય બીજો ઉત્તમ કોઈ દરવાજો નથી.

'ધ્યાનં સર્વ ધર્મેભ્યો વરં મન્યે તપોધના |' (પરિશિષ્ટ-૬)

મા બહારનો મેલ ધુવે-પરમાત્મા અંતરનો મેલ ધુએ છે.
સાબુ કશાથી ન ધોવાય તેવા મેલને પરમાત્મા ધુએ છે.
પરમાત્માનો આ બહુ મોટો અનુગ્રહ છે.
કોટિ માતાઓનું હૃદય પરમાત્મા પાસે રહેલ છે.
પ્રભુ સ્વયં પ્રેમ કરવા તરફડે છે.

તદ્વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા | સદ્ગતિ:
પ્રણિપાત-પરિપ્રશ્ન-સેવા વડે તે જ્ઞાનને જાણી શકાય છે.

૦ અરિહંતનો ઉપયોગ એ આગમથી ભાવનિક્ષેપે
અરિહંતસ્વરૂપ છે. અરિહંત ભગવંતનું ધ્યાન કરવું, તે
વિશ્વોપકારક તેમના બાર ગુણો અને
બાર ગુણોનું કારણ તેમની સર્વોત્કૃષ્ટ કોટિની
સર્વ જીવવિષયક કરુણાનું ધ્યાન કરવું, તે છે.

ધર્મનું મુખ્ય લક્ષણ દયાળુતા છે.

જડ સૃષ્ટિ પ્રત્યે જેમ સંપૂર્ણ માધ્યસ્થભાવ જોઈએ,
તેમ જીવસૃષ્ટિ પ્રત્યે સંપૂર્ણ કરુણાભાવ જોઈએ.

ધર્મનો વૈરાગ્ય સાથે સંબંધ છે, તેથી જ તીર્થ ભક્તિ આદિક સર્વના કલ્યાણની ભાવના સાથે રહેલી છે. સર્વ જીવોનો વિચાર જ તીર્થંકર દેવો પ્રત્યે ઉત્કૃષ્ટ કોટિનો ભક્તિભાવ જગાડશે. સર્વ જીવોના અત્યંત દુઃખોથી પોતાને જ્યારે દુઃખ થવા લાગશે, ત્યારે તીર્થંકર દેવોના વિરાટ ઉપકારનો સાચો ખ્યાલ આવશે. ધર્મી જીવો પણ જ્યારે સ્વનો જ વિચાર કરશે અને પોતાના જ મોક્ષના ધ્યેયવાળા બનશે, તો પછી નિરાધાર, નિઃસહાય અને નિઃશરણ સ્થિતિમાં રહેલા અનંતાનંત જીવોની ચિંતા કોણ કરશે? અને તેમની શાંતિ માટે પણ પ્રયાસ કોણ કરશે? માટે સર્વનો વિચાર કર્તવ્ય છે અને કરનાર પૂજ્ય છે. તેમને આદર્શ બનાવવા તે ગુણનો પક્ષપાત અને તે મુજબ મન-વચન તથા કાયાથી વર્તવું, તે શક્તિનો આદર છે. શક્તિનો આરંભ અને ગુણનો પક્ષ એ જ એક સાનુબંધ શુભકર્મનો ઉપાર્જન કરવાનો ઉપાય છે. અશક્તિનો આરંભ અને અગુણનો પક્ષ અથવા ગુણનો પક્ષ છતાં શક્તિનો અનારંભ, શક્તિનો આરંભ છતાં ગુણનો અપક્ષ, એ શુભબંધના હેતુ હોવા છતાં સાનુબંધ ન હોવાથી

મોહના હેતુ બની શકતાં નથી. શક્યના આરંભક યોગની શુદ્ધિ અને પ્રકૃતિના પ્રેરક ઉપયોગની શુદ્ધિ થાય છે. યોગની શુદ્ધિ અંતરાયને તોડે છે. ઉપયોગની શુદ્ધિ મોહનો નાશ કરે. આત્મશુદ્ધિના ઉપાય વીતરાગતા - સર્વજ્ઞતા છે.

વીતરાગતાની પ્રાપ્તિ મૈત્ર્યાદિ ભાવોથી સિદ્ધ થાય.

સર્વજ્ઞતાની પ્રાપ્તિ અંતરનિરીક્ષણ તથા પ્રકૃતિના નિયમોના અભ્યાસથી થાય. ધ્યાનમાં સ્વાત્મ ભક્તિ અને કાર્યમાં સાધર્મિક ભક્તિ સ્વાભાવિક છે.

૦ સત્યજ્ઞાન = સિદ્ધત્વ. સત્યક્રિયા = જીવત્વ.

સત્યઇચ્છા એટલે તીર્થંકરત્વ.

આ ત્રણે મળીને વિશ્વનું વ્યવસ્થિત સંચાલન થઈ રહ્યું છે.

સર્વજ્ઞતા = જ્ઞાન, વીતરાગતા = દર્શન,

સર્વશક્તિમત્તા = ચારિત્ર.

<u>ઈશ્વરની સિદ્ધિમાં ઉદયનના પ્રમાણો</u>

(૧) સૃષ્ટિ કાર્ય છે, માટે એનું કોઈ કારણ હોવું જોઈએ.

(૨) બે પરમાણુના સંબંધથી દ્વ્યણુકની ઉત્પત્તિ થાય છે. આ આયોજન ક્રિયાનો કોઈ કર્તા હોવો જોઈએ.

(3) સૃષ્ટિનો કોઈ આધાર જોઈએ.

(૪) શિલ્પાદિનો કોઈ શિક્ષક જોઈએ.

(૫) શાસ્ત્રોના કોઈ આદિ અર્થદ કહેનાર જોઈએ.

(૬) શાસ્ત્રોના કોઈ આદિ સૂત્રદ રચનાર જોઈએ.

(૭) ધર્મનો ભેદ આદિ કરનાર જોઈએ.

(૮) 'જે પરમાણુદ્વય દ્વયણુક બને'

એ સિદ્ધાંતનો ભેદ આદિ જાણતા જોઈએ.

ઈશ્વરસિદ્ધિનું અનુમાન

સામાન્યતો દૃષ્ટં તુ લિંગમીશ્વરસત્તાયામિદં બ્રૂમહે ।
પૃથિવ્યાદિકં કાર્યં ધર્મિ તદુત્પત્તિ -
પ્રકાર - પ્રયોજના - ઽભિજ્ઞકર્તૃપૂર્વકમ્ ઇતિ
સાધ્યો ધર્મઃ કાર્યત્વાદિતિ ઘટાદિવત્

- ન્યાયમંજરી - જયંત (પરિશિષ્ટ-૭)

અચેતન સૃષ્ટિનો કોઈ સચેતન નિયન્તા હોવો જોઈએ.
પરમાણુ અને કર્મશક્તિ અચેતન છે, તેથી
અચેતન સૃષ્ટિનો કોઈ સચેતન નિયન્તા હોવો જોઈએ.
પરમાણુ અને કર્મશક્તિ અચેતન છે,
તેથી સૃષ્ટિની રચના કરી ન શકે,
તેથી સૃષ્ટિનિયન્તા સચેતન, સર્વજ્ઞ, સર્વવ્યાપી,
કરુણાશીલ અને જીવોના કર્માનુસાર
સુખદુઃખાદિ ફળ દેનાર એક ઈશ્વર હોવો જોઈએ.

ઈશ્વરના અસ્તિત્વમાં અપાતા પ્રમાણોના મુખ્ય વિભાગ:

(૧) કાર્યકારણરૂપ ભાવમૂલક = Cosmological.

કાર્યમાત્ર કોઈ બુદ્ધિમાન કર્તાની અપેક્ષા રાખે છે.
પૃથ્વી - પર્વત આદિ પણ કાર્ય છે.
તે કાર્ય ઘટપટાદિની જેમ જ
કોઈ બુદ્ધિમાન કર્તાની અપેક્ષા રાખે છે.
કાર્ય નાનું હોય કે મોટું, સાધારણ હોય કે અસાધારણ,
દૃશ્ય હોય કે અદૃશ્ય - પણ વ્યાપ્તિ સર્વત્ર સમાન છે.

(૨) કલ્પના સત્તામૂલક = Ontological.

જો ઈશ્વરનું અસ્તિત્વ ન જ હોય, તો મનુષ્યના મનમાં
ઈશ્વરના અસ્તિત્વની ભાવના પણ ઉત્પન્ન ન જ થાય.
ઈશ્વરની કલ્પના મનુષ્યના મનમાં આવે છે,
માટે ઈશ્વરનું અસ્તિત્વ માનવું અનિવાર્ય છે.

(3) કલ્પના પ્રયોજનમૂલક = Teleological.

સૃષ્ટિમાં એક અદ્ભુત વ્યવસ્થા દૃષ્ટિગોચર થાય છે.
એ વ્યવસ્થા, આવું ઊંડું સામંજસ્ય કુશળ
પરમાણુ સંયોગાદિથી અસંભવિત છે, તેથી
કોઈ શક્તિશાળી મહાન યોજનાશક્તિ અવશ્ય છે,
જેણે આ સૃષ્ટિની રચના કરી છે.

કાર્ય છે, માટે કર્તા જરૂર હોવો જોઈએ.
અપૂર્ણ જ્ઞાન, શક્તિ અને સુખ દેખાય છે,
તો પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શક્તિ અને
પૂર્ણ સુખ પણ હોવું જોઈએ.
વિશ્વનું સંચાલન વ્યવસ્થિત છે, માટે
તેની પાછળ કોઈ ઉચ્ચ હેતુ અને
તેને ઇચ્છા કરનાર સત્તા હોવા જોઈએ.
જીવની અચિંત્ય કર્તૃત્વશક્તિ,
ઈશ્વરનું અગાધ - અગોચર જ્ઞાન અને
સત્પુરુષોની સર્વને સુખી કરવાની પ્રબળ ભાવના - એ
ત્રણે મળીને વિશ્વનું વ્યવસ્થિત સંચાલન થઈ રહ્યું છે.

: પરમેષ્ઠિના પાંચ વર્ણો :

(૧) અરિહંતનો શ્વેત વર્ણ: સત્વગુણનો વિજય સૂચવે છે,
કારણકે શાન્તિ, દયા અને સમતા આદિ
સાત્વિક ગુણો હોવા છતાં તેનો અહંકાર નથી.
(૨) સિદ્ધનો રક્ત વર્ણ: રજોગુણના વિજયને સૂચવે છે.
સંસારી જીવનું કર્તૃત્વ કર્મના કારણે છે.
સિદ્ધોનું કર્તૃત્વ સ્વતંત્ર છે.
તે માત્ર આત્મદ્રવ્યના કારણે જ છે.

(3) આચાર્યનો પીત વર્ણ: રજોગુણ અને સત્ત્વગુણના
મિશ્રણરૂપ પીત વર્ણ બને છે.
રક્ત અને શ્વેત મળવાથી પીત વર્ણ થાય છે.
તે આચારપ્રધાન હોવાથી રજોગુણી છે,
છતાં તેના અહંકારથી મુક્ત થવા પ્રયત્નશીલ છે.

(૪) ઉપાધ્યાયનો હરિત વર્ણ: તમોગુણ અને સત્ત્વગુણના
મિશ્રણથી છે. કૃષ્ણ અને રાત્રિની જેમ શ્યામ અને શ્વેત
વર્ણ મળે, ત્યારે હરિત વર્ણ થાય છે. સત્ત્વગુણનો
આશ્રય લઈને નિદ્રા, આલસ્ય, પ્રમાદ આદિ તમોગુણને
સ્વાધ્યાય દ્વારા જીતવા માટે સતત પ્રયત્નશીલ છે.

(૫) સાધુનો શ્યામ વર્ણ: આ વર્ણ તમોગુણનો સૂચક છે.
સાધુ નિદ્રાદિ દોષોને જીતીને અપ્રમત્તભાવને પામવા
સતતપણે પ્રયત્નશીલ હોય છે.

અરિહંતો અને સિદ્ધો સત્ત્વગુણ - રજોગુણના વિજેતા છે.
આચાર્ય, ઉપાધ્યાય, સાધુ તેમના પગલે ચાલીને
રજોગુણ - સત્ત્વગુણ - તમોગુણની
વિજય કરવા માટેની સાધનામાં રત છે.
તેથી લાલ, પીળા અને શ્યામ બનીને
ત્રણે ગુણની પક્કડમાંથી છૂટવા માટે પ્રયત્નશીલ છે.

કલ્પસૂત્રમાં ચંદ્રનું વર્ણન કરતાં લખાયું છે કે:

'સર્વૌષધિમિશ્ર - મરીચિરાજિઃ
સર્વાપદાં સંહરણપ્રવીણઃ ।'

કલ્પસૂત્રમાં સૂર્યનું વર્ણન કરતાં લખાયું છે કે:

'સર્વ - સુરાસુર - વન્દ્યઃ
કારયિતાઽપૂર્વ - સર્વ - કાર્યાણામ્ ।' (પરિશિષ્ટ-૮)

वर्षासु लवणामृतं शरदि जलं गोपयश्च हेमन्ते ।
शिशिरे चामलकरसो घृतं वसन्ते गुडश्चान्ते ॥
वैद्यानां शारदी माता, पिता तु कुसुमाकरः ।
हेमन्तस्तु सखा प्रोक्तो, हितभुग् मितभुग् रिपुः ॥
(પરિશિષ્ટ-૯)

ચંદ્ર રસ આપે છે, સૂર્ય કસ આપે છે.

સૂર્યનાં કિરણો કયા માસમાં કેટલા માઈલ સુધી પહોંચે?

કારતકમાં ૧૧૦૦ માઈલ સુધી પહોંચે,
માગસરમાં ૧૦૫૦ માઈલ સુધી પહોંચે,
પોષમાં ૧૦૦૦, માઘમાં ૧૧૦૦ ફાગણમાં ૧૦૫૦,
ચૈત્રથી સૂર્યના કિરણો વધે છે અને
આસોમાસમાં ૧૫૦૦ માઈલ સુધી પહોંચે છે.
ચંદ્ર કિરણો માટે પણ તેમ જ છે.

સૂર્યકિરણો પોષમાં (ઉત્તરાયણ સૂર્યમાં) સૌથી ઓછા ૧૦૦૦,
દક્ષિણાયન વખતે અષાઢમાં ૧૫૦૦, શ્રાવણ-ભાદરવામાં ૧૪૦૦,
આસોમાં ૧૫૦૦ માઈલ સુધી - ઉત્કૃષ્ટ હોય છે.
સૂર્યના કિરણોમાં એક છેડે લોહિત - લાલ અને બીજે
છેડે નીલવર્ણ અને વચ્ચે પાંચ વર્ણો બતાવ્યાં છે.
સૂર્યના વિમાનને ૭ ઘોડારૂપી કિરણો કહ્યાં છે.
અગ્નિના કિરણોમાં પણ નીલ - લોહિત અગ્ર બે છેડા છે.
વર્ષની છ અઠ્ઠાઈઓમાંથી ચાર અઠ્ઠાઈઓ
દક્ષિણાયનના મધ્યવર્તી ઉત્કૃષ્ટ કાળમાં આવે છે.
શાશ્વત અઠ્ઠાઈઓ વિષુવકાળે
દિવસ - રાત્રિ સરખાં હોય, ત્યારે આવે છે.
વિશ્વના પ્રત્યેક પદાર્થ પરસ્પર આદાનપ્રદાન કરે છે.
માત્ર સૂર્ય - ચંદ્ર જ છ - છ મહીના સુધી
કેવળ આદાન કે કેવળ પ્રદાન કરે છે.
સૂર્ય તથા ચંદ્ર જગતની અશુચિનું ગ્રહણ
અને ઉત્તમ રસ - કસ અર્પે છે,
તેથી તે દેવ કહેવડાવવાને યોગ્ય છે.
માનવદેહની દુર્લભતા પણ તેથી જ છે કે તુચ્છ વસ્તુઓનું
ગ્રહણ કરીને ઉચ્ચભાવોનું દાન તે દેહ વડે જ થઈ શકે છે.

अर्हं

षोडशक - १३

गुरुविनयः स्वाध्यायो

योगाभ्यासः परार्थकरणं च ।

इति कर्तव्यतया सह

विज्ञेया साधुसच्चेष्टा ॥२॥

(परिशिष्ट-१०)

इति चेष्टावत कुर्यात् -

सिद्ध्युद्भावस्य सद्यतेः क्षिप्रम् ।

मैत्री - करुणा - मुदितोपेक्षाः

किल सिद्धिमुपयान्ति ॥७॥

एताश्चतुर्विधाः खलु

भवन्ति साधारणेतरभेदतोऽपि ।

एतद्भावपरिणता -

वन्तो मुक्तिर्न तत्रैताः ॥८॥

उपकारि स्वजनेतर -

सामान्यगताश्चतुर्विधा मैत्री ।

मोहासुख संवेगान्य -

हितयुता चैव करुणेति ॥९॥

(परिशिष्ट-११)

सुखमात्रे सच्चेता -
तदनुबन्धयुते परे च मुदिता तु ।
करुणानुबन्धनिर्वेद -
तत्त्वसारा ह्युपेक्षेति ॥१०॥
एताः खल्वभ्यासात्
क्रमेण वचनानुसारिणां पुंसां ।
सद्वृत्तानां सततं
आशयनां परिणमन्त्युच्चैः ॥११॥
अभ्यासोऽपि प्रायः
प्रभूतजन्मानुगो भवति शुद्धः ।
कुलयोग्यादीनामिह
तन्मूलाधानयुक्तानाम् ॥१३॥
अविराधनया यतते
यस्तस्यायमिह सिद्धिमुपयाति ।
गुरुविनयः श्रुतगर्भो
मूलं चाऽस्या अपि ज्ञेयः ॥१४॥
सिद्धान्तकथा सत्संगमश्च मृत्युपरिभावनं चैव ।
दुष्कृत - सुकृतविपाकालोचनमथ मूलमस्याऽपि ॥१५॥
- षोडशक १३ (પરિશિષ્ટ-૧૧)

अर्हं

० जो साहम्मिअं पडिक्कमइ सो मंति ।
जो गिलाणं पडिक्कमइ सो मंति । (परिशिष्ट-१२)

આજની પ્રાર્થના : સર્વ જીવો પ્રત્યે પૂર્ણ પ્રેમ અને પરમાત્માના નામસ્મરણમાં ક્ષણે ક્ષણે પસાર થાય, તેવું શ્રી દેવ-ગુરુ પસાયે પામીએ, એ જ અભિલાષા.

જગતના સઘળા ભાવો એક યા બીજી રીતે જીવના મોક્ષમાં સહાયક છે. એને જીવ જાણતો નથી, તેથી તેના સહાય અંતરથી લઈ શકતો નથી અને એનું કાર્ય સિદ્ધ થતું નથી. સદ્ગુણોના એકમાત્ર નિધાન અને તેથી પુણ્યપ્રકૃતિના પણ ભંડાર એવા શ્રી તીર્થંકરદેવોના ચરિત્ર વાંચતાં ઘણો ઘણો આનંદ થવો જોઈએ.

'અરિહંતનું ધ્યાન કથંચિત્ સ્વાત્માનું ધ્યાન છે' તેનો અર્થ અરિહંતનું ધ્યાન એટલે તેમની કરુણાનું અને તેમાંથી પ્રગટેલા સર્વ કલ્યાણની ભાવનાનું ધ્યાન. તેથી આત્મામાં કરુણાદિ ગુણોની વૃદ્ધિ થાય, તે સરળ છે. 'ભગવાન અનુગ્રહ કરે છે' તેનો અર્થ એ થયો કે પ્રભુના ધ્યાન, પૂજન, સેવાદિથી આપણી આત્મસંપત્તિ પ્રગટે છે. તેઓનું આલંબન લીધું તો જ થયું, તેથી તેઓનો જ અનુગ્રહ ગણાય. ઉદ્યમ આપણો પણ અનુગ્રહ તેમનો.

ભાવિનાં દુઃખો ટાળવાની સાથે વર્તમાનના દુઃખોને ભૂલવા માટે અન્ય દુઃખી જીવોના દુઃખોનો વિચાર શ્રેષ્ઠ અને સચોટ ઉપાય છે. 'જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ ।' પંચપરમેષ્ઠિ સ્વરૂપનાં વિશેષ જ્ઞાન, સ્વાત્માસ્તિત્વ અને સર્વ જડસ્તિત્વ, આ સર્વે વિષયો પ્રત્યે જે જે પ્રકારના ભાવો અને વર્તન હોવાં જોઈએ, તેનું જ્ઞાન કરવું અને એ જ્ઞાન કર્યા પછી તેઓ પ્રત્યે તે તે પ્રકારનો ભાવ અને તે તે પ્રકારનું વર્તન કરવું, તે ક્રિયા. મનને સુધારી, એ દ્વારા પુણ્યના થોક વધારવાનો તથા આત્મવિશુદ્ધિ કરવાનો સાચો અને સહેલો ઉપાય તે સર્વકલ્યાણની ભાવના અને સર્વનું કલ્યાણ જેમણે કર્યું છે, તે ભગવંતોની ભક્તિ - મંત્રજાપ વગેરે છે.

મૈત્રી = Compassion Benevolence.

શાંતિ = Peace external Satisfaction.

अवधूतगीता = Song of the philosoper.

जीवन्मुक्तगीता = Song of the Liberated.

અહિંસા એ આધ્યાત્મિકતાનો મૂળ પાયો છે. વાનપ્રસ્થ સંન્યાસીઓમાં 'બ્રહ્મચિન્તન, ધ્યાન અને તત્ત્વજ્ઞાન'ની પ્રાપ્તિનું ધ્યેય મુખ્ય હતું. અહિંસામૂલક ઉગ્ર આચરણ ક

અહિંસાના વિચારમાંથી ઊભું થયેલું ઉગ્ર આક્રમણ ન હતું.

o આહાર એ જીવનમાં આત્માધિષ્ઠાનની વૃત્તિને રોકવા પૂરતો મર્યાદિત હોય એવું સાધક જીવન એ સમાધિમરણની પ્રક્રિયા જ છે. તપસ્વીને આહારદાનમાં જવાબદારીનો નહિ પણ સેવા - ભક્તિ - કર્તવ્યનો ભાવ રહેલો છે.

તેને 'જવાબદારી નાંખી' એમ કહેવું,

તે આધ્યાત્મિક મૂલ્યોનું મહત્ત્વ ઓછું કરવા બરાબર તથા ભૌતિકવાદનું મહત્ત્વ અધિક આંકવા બરાબર છે. 'જે ખેતી ન કરે, તેને ખાવાનો અને જે હાથે ન કાંતે, તેને પહેરવાનો અધિકાર નથી' એ સત્યાગ્રહ નહિ પણ અસત્યાગ્રહ છે. કામની વહેંચણી અનિવાર્ય છે. જેને શ્વાસ લેવામાં પણ હિંસા જણાય છે, તેને ખેતી કરવા કહેવું, તે અસત્યાગ્રહ છે. આવા વ્યક્તિઓ આહાર ન મળે તો મૃત્યુ સ્વીકારવા પણ તૈયાર છે. તેને સમાજ-દ્રોહી કે સમાજ ઉપર નભનાર ન જ કહેવાય. સમાજને બદલામાં જે આપે છે, તે બીજાથી આપી શકાય તેમ નથી. અહિંસાની નિષ્ઠા અને પ્રતિષ્ઠા તેઓથી જ પ્રાપ્ત થાય છે. આ સ્થિતિએ પહોંચેલ વ્યક્તિ જ વિવિધ ભૂમિકાએ થતી અહિંસાની સાધનામાં પ્રેરકબળ બની રહે છે.

अर्हं

પ્રમાદની નિદ્રાએ કેટકેટલાં માનવોમાં ભક્તિ-નિદ્રા પ્રેરી હશે, એનો હિસાબ કોઈથી નીકળી શકે તેમ નથી.

ગીતા જેમ અનાસક્ત મનુષ્યને જ ખરો સમભાવ અને અહિંસક કહે છે અને કર્તવ્યની ખરી કસોટી અનાસક્તિને ગણે છે, તે રીતે જૈનધર્મનો ધ્રુવમંત્ર અપ્રમાદ છે. અપ્રમાદ જેના મૂળમાં છે, તે અહિંસક આચરણ, બીજો નહિ. ગમે તે કાર્યમાં જેટલાં પ્રમાણમાં અપ્રમાદી રહેવાય, તેટલાં પ્રમાણમાં અહિંસક બનાય છે અને જેટલાં પ્રમાણમાં પ્રમાદ, તેટલી હિંસા છે. આ કસોટીએ હિંસા - અહિંસાને કસવા જોઈએ અને એને આધારે જ કર્તવ્યાકર્તવ્યનો નિર્ણય કરવો જોઈએ.

દયાભાવથી પ્રેરાઈને થોડુંક દાન કરી દેવાથી
સમાજમાં પરિવર્તન થઈ શકતું નથી.
ક્રાંતિ તો મૂલ્યોનું પરિવર્તન કરવાથી થાય છે.

કરુણાને રાણી બનાવવી જોઈએ, દાસી નહિ.

વાછરડું ગાયને શોધે છે, તેમ ગાય વાછરડાંને
શોધવા માટે ભાંભરતી ભાંભરતી દોડે છે.

આત્મા પ્રત્યેના વહાલમાંથી આત્મા પ્રત્યેનું વહાલ પ્રગટે છે,
કષાયો પ્રત્યેના વહાલમાંથી ભવ પ્રત્યેનું વહાલ પ્રગટે છે.

अर्हं

धर्मो मंगलमुत्कृष्टं
धर्मः स्वर्गापवर्गदः ।
धर्मः संसारकान्तारो-
ल्लंघने मार्गदेशकः ॥ १ ॥

धर्मो मातेव पुष्णाति
धर्मः पाति पितेव च ।
धर्मः सखेव प्रीणाति
धर्मः स्निह्यति बन्धुवत् ॥ २ ॥

धर्मः संक्रामयत्युच्चै-
र्गुणान् गुरुरिवोज्ज्वलान् ।
धर्मः प्रकृष्टं स्थानं च
प्रतिष्ठां च प्रयच्छति ॥ ३ ॥

धर्मः शर्म महाहर्म्यं
धर्मो वर्मारिसंकटे ।
धर्मो जाड्यच्छिदा धर्मो
धर्मो मर्मभिदंहसाम् ॥ ४ ॥

धर्माज्जन्तुर्भवेद्भूपो
धर्माद्राजाऽर्धचक्र्यपि ।
धर्माच्चक्री धरो धर्माद् देवो धर्माच्च वासवः ॥ ५ ॥

अर्हं

ग्रैवेयकाद्यनुत्तरेषु
धर्माद्यात्यहमिन्द्रताम् ।
धर्मादार्हन्त्यमाप्नोति
किं किं धर्मान्न सिध्यति ॥६॥

दुर्गति प्रपतज्जन्तु -
धारणाद्धर्म उच्यते ।
दान शील तपो भाव -
भेदात् स तु चतुर्विधः ॥७॥ (પરિશિષ્ટ-૧૩)

शिक्षोपदेशालापान् ये जानते ते तु संज्ञिनः ।
सम्प्रवृत्त मनः प्राणा - स्तेभ्योऽन्ये स्युरसंज्ञिनः ॥
(પરિશિષ્ટ-૧૪)

धर्मोपग्रहदानं तु जायते तत्र पंचधा ।
दायक - ग्राहक - देय - काल - भाव विशुद्धितः ॥
कालशुद्धं तु यत्किंचित् काले पात्राय दीयते ।
भावशुद्धं त्वनाशंसं श्रद्धया यत्र प्रदीयते ॥

દ્વિધામાં થોડું તત્ત્વ

તત્ત્વવિદ્યા, તત્ત્વદર્શન - દર્શન વ્યાપાર.
તત્ત્વચિન્તન, તત્ત્વવિચારણા - દર્શન પછીનો -
તત્ત્વજિજ્ઞાસા, તત્ત્વમીમાંસા - માનસિક વ્યાપાર.

o સાનુબંધ ક્રોધોદય - અનંતાનુબંધી કષાય :

महात्मनां सानुबन्ध - क्रोधोदय - विवर्जितम् ।
चारित्रमोहघातेन जायते शुद्धबोधिनाम् ॥

(परिशिष्ट-१५)

શ્રી નવકારમાં સર્વના હિતનો ભાવ છે, તે સર્વ પાપનો નાશ કરે છે અને પંચ પરમેષ્ઠિની ભક્તિનો ભાવ છે, તે સર્વમંગળોમાં પહેલું મંગળ બને છે. માત્ર નિરપેક્ષપણે સ્વહિતનો ભાવ એ સર્વ પાપનું મૂળ છે. સર્વહિતનો ભાવ જ તે પાપના મૂળને કાપી શકે છે. સર્વના હિત સહિત આત્મહિતનો ભાવ એ સર્વ મંગળોમાં પહેલું મંગળ છે, તેથી પરમેષ્ઠિ નમસ્કાર સ્વ-આત્મ-હિતને પોષક હોવાથી પ્રધાન મંગળ બને છે. સર્વના મંગળની ભાવના સર્વ પાપનો નાશ કરે છે. પોતાના આત્માના મંગળની ભાવના સર્વ મંગળોમાં પહેલું મંગળ છે. શ્રી નવકારમાં સર્વના હિતનો અને તે સહિત આત્માના હિતનો, બંને ભાવ ભરેલાં છે. શ્રી તીર્થંકર દેવોનું સ્મરણ અને તેમની જ આજ્ઞાનું આરાધન અખંડ કરવાથી મોક્ષની સાધના નિર્વિઘ્ન બને છે. આજ્ઞાને અખંડ કરીને ચાલવાથી વિરોધિ બળો ઘટી જાય છે. તેનો સામનો સાર્થક કરવો પડતો નથી,

પણ વિશ્વ મહાસત્તા સહાય કરે છે. આત્માને મુક્તિ ન બનાવનારને પ્રતિકૂળ બળોનો સામનો એકલે હાથે કરવો પડે છે, તેમાં સાધક ફળીભૂત થઈ શકતો નથી, અનેક વિઘ્નોથી ઘેરાઈ જાય છે. તીર્થંકરોની આત્માને શરણે જનાર પ્રકૃતિની મહાસત્તા અનુકૂળતા કરી આપે છે. તીર્થંકર દેવોની વિશ્વમાત્ર પ્રત્યે ઉપકારશીલતા છે,

એટલે જ 'ત્રૈલોક્યનાયક' અને 'વિશ્વંભર' આદિ

સર્વ વિશેષણો સાર્થક થાય છે.

વિશ્વમાત્રનું હિત કરવાની ઉત્કૃષ્ટ કલ્યાણકામનાથી

સમગ્ર પ્રકૃતિ, તીર્થંકર દેવો અને

તેમની આજ્ઞાએ ચાલનારની સેવા કરવા તત્પર રહે છે.

કેમકે પ્રકૃતિનું પ્રયોજન પણ તેથી સિદ્ધ થાય છે,

તેથી પ્રકૃતિ પ્રસન્ન રહે છે.

o 'નમો અરિહંતાણં |'

સત્તક્ખરપરિમાણં અણંતગમ - પજ્જવત્થ પસાહગં

સવ્વમહામંતપવરવિજ્જાણ પરમબીઅભૂઅં |

પ્રથમ અધ્યયન ૭ અક્ષરના પરિમાણવાળું, અનંત ગમ - પર્યવ - અર્થને પ્રકર્ષપણે સાધનારૂં, સર્વ મહામંત્રો, પ્રવર વિદ્યાઓનું પરમ બીજભૂત 'નમો અરિહંતાણં' પદ છે.

અર્હં

સર્વ જીવોના હિતચિંતા રૂપ મૈત્રીભાવ વડે જેમણે સર્વ ભાવશત્રુઓનો, પોતામાં રહેલ અન્ય જીવો પ્રત્યેના શત્રુભાવનો સર્વથા નાશ કર્યો છે અને તેમ જ જેઓ અહીં જગતને આલંબન લેવા લાયક બન્યાં છે, તેમનો તે ભાવ પોતામાં ઉતારવા માટે કરવામાં આવતો નમસ્કાર

એ સર્વ પાપભાવોનો નાશ કરી

સર્વ મંગળભાવોને પ્રકટાવનાર, સર્વ મહામંત્રો અને

સર્વશ્રેષ્ઠ વિદ્યાઓના પરમ બીજભૂત છે.

એવા ૭ અક્ષરોનું પ્રણિધાન સર્વ જીવો પ્રત્યે ભાવ-મૈત્રીને પ્રગટાવી, ક્રોધાદિ સર્વ આંતરશત્રુને, પાપભાવો અને મલિનવૃત્તિઓનો નાશ કરે છે, તેમ તે 'મંત્રાધિરાજ' પદને શોભે છે. અનાત્મભાવનો નાશ કરી આત્મભાવને તે પ્રગટાવે છે. આત્મભાવ પ્રગટાવવો, સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્યભાવ પેદા કરવો, એ જ સર્વ પુરુષાર્થોમાં પરમ પુરુષાર્થ છે, તેમ ચિત્તભૂમિ શુદ્ધ થાય છે અને શુદ્ધ થયેલા ચિત્તભૂમિમાં નિર્મળ આત્મસ્વરૂપનું દર્શન થાય છે, અવિદ્યા ભસ્મીભૂત થાય છે, મિથ્યાત્વ નાશ પામે છે, સમ્યક્ત્વરૂપ સૂર્ય સત્શાસ્ત્ર કિરણો વડે પ્રકાશિત થાય છે. પંચપરમેષ્ઠિ ભગવંતો આપણને આત્મભાવનું દાન કરે છે.

अर्हं

અનાત્મ વસ્તુઓને આત્મા માની, તેના ઉપર આસક્તિભાવ કરી, આ જીવ અનાદિકાળથી ચાર ગતિમાં રખડી રહ્યો છે અને અનંત આપત્તિને ભોગવી રહ્યો છે. પંચ પરમેષ્ઠિ નમસ્કાર, કે જેનો સમાવેશ એક પ્રથમ પરમેષ્ઠિ નમસ્કારમાં થઈ જાય છે, તેનો આશ્રય લેવાથી, તેનું આલંબન સ્વીકારવાથી, તેમાં જ ચિત્તને પુનઃ પુનઃ પરોવવાથી આત્મભાવ જાગૃત થઈને અનાત્મભાવના અધ્યાસ આસક્તિરૂપી વિષનો નાશ થાય છે.

આત્મભાવની પ્રાપ્તિ થવાથી જીવ અનુપમ શાંતિનો-અવ્યાબાધ સુખનો અનુભવ કરે છે. 'સર્વે આત્માઓ આત્મતુલ્ય છે,' 'પોતાનો આત્મા પરમાત્મતુલ્ય છે' અને 'પરમાત્મ પદ એ શાશ્વત શાંતિનું ધામ છે, સર્વને સુખ કરનારું, મંગળ કરનારું, કલ્યાણ કરનારું પદ છે' તે ભાવ પરમેષ્ઠિ નમસ્કાર, અરિહંત નમસ્કાર જગાડી આપે છે. અરિહંતો પોતે જ સિદ્ધ થાય છે, પોતે ગણધરોને ઉપદેશ આપનારા હોવાથી આચાર્ય પણ છે, તેમને જ ત્રિપદી સંભળાવવાથી ઉપાધ્યાય છે અને સ્વયં સર્વ જીવો સાથે મન-વચન-કાયાથી મૈત્રી સાધવા વડે સાચા સાધક છે. અરિહંતો આ રીતે પોતે જ સિદ્ધ,

પોતે જ આચાર્ય, પોતે જ ઉપાધ્યાય અને પોતે જ સાધુ હોવાથી, તેમનો નમસ્કાર પાંચેનો નમસ્કાર બને છે. એક નમસ્કારમાં પાંચે નમસ્કારનો સંગ્રહ થઈ જાય છે, તેથી તે બધાનો રાજા ગણાય છે. રાજારૂપ અરિહંતોનો નમસ્કાર માત્ર સાત અક્ષરોનો હોવા છતાં સાત ભયોને ટાળનારો, સાત ક્ષેત્રની જેમ શાશ્વત અને સાત ક્ષેત્રની જેમ અનંતફળનો દાયક બને છે. આમ આત્મભાવને પ્રગટાવનાર અરિહંત નમસ્કારનો ઉપકાર નિઃસીમ છે.

તેમાં તચ્ચિત્ત = Attention, તલ્લેશ્ય = Desire,
તન્મન = Interest, તદધ્યવસાય = Will,
તત્તીવ્રાધ્યવસાન = Imagination,
તદર્થોપયુક્ત = Visualisation,
તદર્પિતકરણ = Indentification,
તદ્ભાવનાભાવિત = Absorption થવું જોઈએ.

પ્રધાન પરમેષ્ઠિના ઉત્કૃષ્ટ આત્મભાવને Attention, Interest, Desire & Will વડે ઉત્તેજિત કરવો જોઈએ અને પછી તેનું જ Image, તેનું જ Visualise, તેના સાથે જ Identify અને તેમાં જ Completely Absorb થઈ જવું જોઈએ.

આમ ઉત્તમ રીતે આત્મભાવને વિકસાવવાના હેતુથી થતો પ્રથમ પરમેષ્ઠિ નમસ્કાર પાંચે નમસ્કારમાં મળી જઈ અચિંત્ય ફળને આપનારો થાય છે. આત્મભાવની પ્રાપ્તિ એ શુક્લધ્યાનનું કારણ છે. તિર્યક્ સામાન્યથી સર્વ જીવો સમાન છે, ઉર્ધ્વતા સામાન્યથી સર્વ ગુણ અને પર્યાયમાં એક જ આત્મા રહેલો છે. 'एगो आया।' એક આત્મ-તત્ત્વનું ધ્યાન જ્યારે સ્થિર થાય, ત્યારે ઘાતીકર્મોનો ક્ષય થઈ જાય છે અને કેવળજ્ઞાન, કેવળદર્શનની પ્રાપ્તિ થાય છે.

મોહનીય કર્મનો ક્ષય થવાથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મનો એક સાથે નાશ થાય છે. સર્વ જીવોના હિતાર્થમાં મનથી, વચનથી, કાયાથી વીર્ય ફોરવવામાં આવે છે, એટલે વીર્યાંતરાય તૂટે છે. તે તૂટવાથી ભોગાંતરાય, ઉપભોગાંતરાય તૂટે છે. દાનાંતરાય તૂટવાથી લાભાંતરાય તૂટે છે. અંતરાય તૂટવાથી વીર્ય વધે છે. વીર્ય વધવાથી આત્મભાવનું બળ વધે છે. બળવૃત્તિની ભાવનાથી મોહનીય, મિથ્યાત્વ મોહનીય અને અનંતાનુબંધી કષાય, સાનુબંધ કષાયનો ઉદય નાશ પામે છે, તેથી ચારિત્રમોહ પણ જવા લાગે છે. કષાયનું બળ ઘટવાથી હાસ્યાદિ નોકષાયનું બળ ઘટે છે. તે ઘટવાથી

વૈર - મહિનીચ પણ ક્ષય પામે છે. અથ ઉત્તરોત્તર સંતરાયક્ષ મહિનીચ અને મહિનીયક્ષ અંતરાય ઘટે છે, જ્ઞાનદર્શન વધે છે, આત્મશક્તિ અને આત્મપ્રકાશ પ્રગટે છે.

સ્તોત્રના છ પ્રકરો : (૧) નમસ્કાર (૨) આશીર્વચન (3) સિદ્ધાંતપૂર્વકનું કથન (૪) શૂરવારતાદિનું વર્ણન (૫) ઐશ્વર્યનું વિવરણ (૬) પ્રાર્થનામય સ્તોત્ર.

બૃહત્શાંતિમાં રહેલાં મંત્રોનું મહત્ત્વ

- પહેલાં મંત્રમાં સર્વ તીર્થંકરો
- બીજા મંત્રમાં સર્વ મુનિપ્રવરો
- ત્રીજા મંત્રમાં શ્રી આદિ દેવીઓ
- ચોથા મંત્રમાં રોહિણી આદિ ૧૬ વિદ્યાદેવીઓ
- પાંચમા મંત્રમાં શ્રમણસંઘને શાંતિ
- છઠ્ઠા મંત્રમાં ૯ ગ્રહો, ૪ લોકપાલો, ઇંદ્ર, સૂર્ય, સ્કંદ (કાર્તિકેય), વિનાયક (ગણપતિ)ની સ્તુતિ
- સાતમા મંત્રમાં સર્વ નાગરિકો, પુત્ર, મિત્ર, ભાઈ, બહેન, સ્ત્રી, સુહૃદ, સ્વજન, બંધુવર્ગ, આમોદ - પ્રમોદ
- આઠમા મંત્રમાં ચતુર્વિધ સંઘને શાંતિ
- નવમા મંત્રમાં તુષ્ટિ - પુષ્ટિ, ઋદ્ધિ - વૃદ્ધિ, માંગલ્ય - ઉત્સવ તથા પાપ અને લયોનું શમન સમાવિષ્ટ છે.

પછી ૩ મંગળ ગાથાઓ વડે શાંતિનાથ પ્રભુની સ્તુતિ.
બાદ શાંતિ વ્યાહરણ સમ્યગ્જ્ઞાન - સમ્યગ્દર્શનરૂપી
બે વાંસની વચ્ચે રહેલા સમ્યક્ચારિત્રરૂપ
સીડી વડે મુક્તિનગરે પહોંચવાનું છે.
(૧) બૃહત્શાંતિનું મંગલાચરણ (૨) પીઠિકા, પ્રાક્કથન, આમુખ
(૩) શાંતિપાઠ ૧ થી ૯ ગાથા (૪) શાંતિજિન સ્તુતિ
(૫) શાંતિ વ્યાહરણ (૬) આહુતિત્રય (૭) વિધિપાઠ
(૮) પ્રાસ્તાવિક પદ્ય સમાવિષ્ટ છે.

## રત્નત્રયી સાધવાના મહા પર્વ

પર્યુષણા પર્વ એ સમ્યગ્દર્શનનું પર્વ છે.
જ્ઞાનપંચમી એ સમ્યગ્જ્ઞાનનું પર્વ છે.
મૌન એકાદશી એ સમ્યક્ચારિત્રનું પર્વ છે.
સમ્યગ્દર્શન - યમુના, સમ્યગ્જ્ઞાન - સરસ્વતી અને
સમ્યક્ચારિત્ર - ગંગારૂપ છે.
આજનો દિવસ પવિત્ર છે. આ અવસર માંગલિક છે.
'सर्वत्र स्तुत्यादौ प्रणवः स्वपरेषु शान्तितुष्टिकृते ।'
एवं ज्ञात्वा सर्वस्तुतिपदप्रारम्भे विद्याविभागप्रारम्भे
ओमिति सर्वलोकस्यात्मनश्च शान्ति - पुष्टि - ऋद्धि -
वृद्धि - स्फूर्ति - शिवाद्योच्चारणार्थः । (પરિશિષ્ટ-૧૬)

ભવ્ય, ઉત્તમ, મહાનુભાવ, માનનીય જિનેશ્વરોની યાત્રા અને સ્નાત્ર શાંતિકર્મ માટે યોજાય છે, એટલે તેને અંતે શાંતિપાઠ બોલવો એ પ્રસ્તુત છે. અહીં ભુવનના અધિપતિઓના ગુરુ હોઈ ત્રિભુવનગુરુ, આર્હત અને ભાવકભક્તિભાવ = ભક્તિ માટેના અનુષ્ઠાનને કરનારા છે. શાંતિ એ કામ - ક્રોધાદિ, વિષય - વાસના, ભય, રોગ, ઉપદ્રવ, તૃષ્ણા, ગ્રહદોષ, દુઃસ્વપ્ન વગેરેનું શમન કરે છે. ક્લેશનો વિધ્વંસ થવાથી આરોગ્ય, શ્રી, ધૃતિ અને મતિ વધે છે. વિશ્વની શાંતિ ઇચ્છવાથી ક્લેશ શમે છે તથા ક્લેશશમનથી ધૃતિ-ચિત્તની સ્વસ્થતા, આરોગ્યાદિ મળે છે. રક્ષા, શાંતિ, જપ, લાભ, નિગ્રહ અને નિધન : એ છ કામ્ય કર્મો છે. નિત્યકર્મ કરનારને નૈમિત્તિક કર્મનો અને તે ઉભયકર્મ કરનારને કામ્યકર્મ કરવાનો અધિકાર છે.

કામ્યકર્મની સિદ્ધિ યંત્ર, હોમ, ક્રિયા, ધ્યાન,
યોગ, તર્પણ અને પૂજન વડે થાય છે.

અર્હદાદિ દેવોના પ્રભાવથી આરોગ્યાદિ પ્રાપ્ત થાઓ. શાંતિ ક્લેશ - પીડાનો નાશ કરે છે અને આરોગ્યાદિને આપે છે. અરિહંતાદિના પ્રભાવે તે શાંતિ પ્રાપ્ત થાય છે, કેમકે તેઓ શાંતિસ્વરૂપ છે, તેથી શાંતિને જ કરનારા છે.

અર્હં

શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ, લક્ષ્મી આદિ
સરસ્વતીની ૯ શક્તિઓ છે.

જિનેશ્વરો જય પામો, સાંનિધ્ય કરનારા થાઓ.

૧૬ વિદ્યાદેવીઓની પ્રસન્નતાથી
રોગ, શોક, ચિન્તા, દરિદ્રતા વગેરેથી રક્ષણ થાય છે.
'રક્ષણ' શબ્દ પુષ્ટિ અર્થમાં છે.

કુશલબીજને ઉત્પન્ન કરે, તે રોહિણી.

જેને પ્રકૃષ્ટ જ્ઞાન છે, તે પ્રજ્ઞપ્તિ.

દુષ્ટને દમન કરવા માટે વજ્રની સાંકળ, તે વજ્રશૃંખલા.

વજ્ર અને અંકુશ જેના હાથમાં છે, તે વજ્રાંકુશા.

જેના ચક્રની બરાબરી કોઈથી થઈ ન શકે, તે અપ્રતિચક્રા.

પુરુષને વરદાન આપનારી તે પુરુષદત્તા અથવા નરદત્તા.

દુશ્મનો પ્રત્યે કાલ જેવી છે, તે કાલી.

દુશ્મનો પ્રત્યે મહાકાલ જેવી છે, તે મહાકાલી.

જેને જોવાથી ચિત્ત આકર્ષાય, તે ગૌરી - ગૌરવર્ણવાળી.

જેનાથી ગંધ જન્મે તે ગાંધારી યા ગાંધારમાં ઉત્પન્ન તે.

જેના સર્વ અસ્ત્રોમાંથી મોટી જ્વાલા નીકળે,
તે છે દેવી સર્વાસ્ત્રમહાજ્વાલા.

મનુષ્યની માતાતુલ્ય તે માનવી.

અન્યોન્ય વૈરની શાંતિ માટે જેનું આગમન, તે વૈરોટ્યા.

જેને પાપનો સ્પર્શ નહિ, તે અચ્છુપ્તા.

ધ્યાન કરનારના મનને સાંનિધ્ય કરે, તે માનસી અને જે વિશિષ્ટ સાંનિધ્ય કરે, તે મહામાનસી.

૦ શાંતિ = પ્રશમસુખ, શાંત = કષાયરહિત,
રક્ષા = ભયનિવારક શાંતિ, શાંતિ = કષાયોનું શમન,
તુષ્ટિ = તોષ, સંતોષ, જય. પુષ્ટિ = પોષવું, વૃદ્ધિ, લાભ.

૦ પહેલાં-બીજા દેવલોકના દેવોનું અવધિજ્ઞાન નીચે રત્નપ્રભા નરક સુધી, પૃથ્વી, તીર્છાલોક, અસંખ્યાત દ્વીપ, સમુદ્ર ઉપરાંત ઊંચે દેવવિમાનની ધજા સુધી હોય છે.

૦ વિવિધ ગતિઓને ધારણ કરે, તે ગ્રહો.
ફલદાયકતા વડે જીવોને ગ્રહણ કરે, તે ગ્રહો.
જન્મસમયે ગ્રહો જો ઉચ્ચસ્થાનમાં હોય, તો શુભફલ-નીચસ્થાનમાં હોય, તો અશુભફલ મળે છે. ૯ ગ્રહોની, શુભાશુભ અસરોમાંથી કોઈ પ્રાણી મુક્ત રહી શકતું નથી, તેથી દુષ્ટગ્રહોની શાંતિ કરવી, તે કર્તવ્ય થઈ પડે છે.

૦ સૌખ્ય = સુખિનો ભાવઃ સૌખ્યં ।
પ્રિય, મોદ, પ્રમોદ, આનંદ.
શબ્દથી વાચ્ય - ઇષ્ટદર્શનથી થતું સુખ તે પ્રિય.

ઇષ્ટદર્શનના લાભથી થતું સુખ, તે મોદ.
તેના અનુભવથી થતું સુખ, તે પ્રમોદ.
તે બંનેનું એક નામ, તે આનંદ.

o જ્યાં શીલવંત, બહુશ્રુત અને ચારિત્રસંપન્ન
ઘણાં સાધર્મિકો એકત્ર થાય, તે આયતન.

o દોષનું વૈષમ્ય તે રોગ, સામ્ય તે આરોગ્ય.

o દીર્ઘકાળ માટે થતાં અથવા અતિપીડાકારક રોગોને
વિવિધ આધિ થાય જેનાથી - તેને વ્યાધિ કહે છે.

o દુઃખ એટલે કષ્ટ, વ્યથા, કઠિનતા, આફત, મુશ્કેલી.
તે શારીરિક, માનસિક, ભૌતિક યા દૈવિક હોઈ શકે.
દૌર્મનસ્ય એટલે વિષાદ, ખેદ, ગ્લાનિ, દુઃખી મનોભાવ.

o અનિષ્ટ દુઃખનો ઉપશમ, તે શાંતિ.

o માંગલ્ય એટલે શુભભાવના ઉત્સવ.

o ઉન્નતિ એટલે અભ્યુદય - જય પામે છે, તે સુખ
કરનારું વર્તે છે. શાંતિ - શિવ, ગોષ્ઠિક - વિદ્વદમંડળી, જેમાં
શાંતિ માટેનું અભિમંત્રિતજળ ભરેલું હોય, તે શાંતિકળશ.
પંચોપચાર એટલે કેસર - સુખડ, કપૂર - બરાસ,
કૃષ્ણાગરૂ ધૂપ, સુગંધી ચૂર્ણ અને કુસુમાંજલિ.
શુચિશુચિ = અત્યંત શુદ્ધ (બાહ્યાંતર), પુષ્પવસ્ત્ર = શ્વેતવસ્ત્ર.

શાંતિપાઠ દ્વારા સર્વેને શાંતિ ઈચ્છવામાં આવે છે.
સર્વ જગતનું શિવ ઈચ્છવામાં આવે છે અને લોકો
પરોપકારપરાયણ બને, તેવી ભાવના કરવામાં આવે છે.

૦ માયા, પ્રકૃતિ, શક્તિ, તેનું ભાન = માયાભાન.

૦ સમર્પણ એટલે દૂધમાં સાકર ભળી જાય છે, ત્યારે
નામ દૂધનું જ રહે છે, પરન્તુ સ્વાદ સાકરનો આવે છે.

૦ ઈશ્વરે ભાષા નહિ આપી પણ વાણી આપી છે.
ભાષા મનુષ્યે બનાવી. ભાષા માટે પ્રેમ રાખો, અભિમાન નહિ.

૦ સદ્જીવન, સદ્અસ્તિત્વ સાથે સદ્ચિંતનની જરૂર છે.

૦ દ્વૈતવાદમાં સ્વામી-સેવકભાવ, ભક્ત-ભગવાનવાદ છે.
અદ્વૈતવાદમાં અથવા સમતાવાદમાં સર્વત્ર સમતા છે.

૦ શારીરિક શક્તિ સાચી શક્તિ નહિ. સાચી શક્તિ
પ્રેમની શક્તિ છે. આપણે પ્રેમમય બનવાથી
આખા જગતને જીતી શકાય છે. 'સમસ્ત વિશ્વ મારું છે'
એ ભાવના વિકસાવો. 'મનુષ્યજન્મ જ એક અવતાર છે'
એવી આત્મપ્રતીતિ કરોડગણું બળ આપશે.

૦ અનેકાન્ત દૃષ્ટિએ જોતાં પરસ્પર વિરુદ્ધ જણાતાં ધર્મો
પણ અવિરુદ્ધ અને યથાર્થ જણાશે.

૦ સાચું બોલે તે વક્તા, ધર્મ આચરે તે પંડિત.

પાંચે પરમેષ્ઠિ નીચેની ચાર ભાવનાથી ભરપૂર રહે છે:

(૧) મૈત્રી એટલે સકળ જગતને મિત્ર માનવાની વૃત્તિ.

(૨) પ્રમોદ એટલે અન્યની ઉન્નતિ જોઈને
આનંદ પામવાની વૃત્તિ.

(3) કારુણ્ય એટલે દીન-દુઃખીને જોઈને અનુકંપાની વૃત્તિ.

(૪) માધ્યસ્થ્ય એટલે વિપરીત માનસ ધરાવનારા પ્રત્યે
ઉદાસીનતાની અર્થાત્ અનુમોદન પણ નહિ
અને તિરસ્કાર પણ નહિ એવી વૃત્તિ.

ચારે ભાવનાઓનો સંક્ષેપ મૈત્રીભાવમાં થઈ શકે.
જ્યાં ઊંડે ઊંડે મિત્રતાની કલ્પના નથી,
ત્યાં પ્રમોદ ઉપજી શકતો નથી, કરુણા સ્ફુરતી નથી
અને માધ્યસ્થ્યભાવ અનુભવી શકાતો નથી.

(૧) મૈત્રીભાવથી ક્ષમા વિકસે છે.

જ્યાં બધાં જ મિત્ર છે, ત્યાં કોના ઉપર ક્રોધ?
મૈત્રીભાવ સાધક ક્રોધ ન કરે, સદા શાંત જ રહે.

(૨) મૈત્રીભાવથી નમ્રતા આવે છે.

જ્યાં બધાં સમાન છે, ત્યાં અભિમાન કેવું?
મૈત્રીભાવનો સાધક રૂપ, ગુણ કે ઐશ્વર્યનું
અભિમાન કરતો નથી, તે સદા નિરાભિમાન જ રહે.

(3) નૈરાત્મ્યભાવથી સરળતા પ્રાપ્ત થાય છે.
જ્યાં ભિન્નતા જ વર્તે છે, ત્યાં જુદાઈ કેવી ?
નૈરાત્મ્ય સાધક કોઈપણ પ્રકારની કપટક્રિયા કરવાનું
વલણ ધરાવે નહિ, સરળતાને જ ધારણ કરે.

(૪) નૈરાત્મ્યભાવથી સંતોષ અનુભવી શકાય છે.
જ્યાં ભિન્નતા જ વર્તે છે, ત્યાં તૃષ્ણા ક્યાંથી ?
નૈરાત્મ્ય સાધક પોતાની પાસે કાંઈ ન રાખે,
તો પણ સંતોષનું પરમ સુખ અનુભવે.
તે દુઃખ, ભય, ચિંતા કે આકુળતાઓ ધરાવતો નથી, તે
સર્વ સ્થિતિમાં આનંદ, શાંતિ અને સુખને અનુભવે છે,
નિરપેક્ષ, નિરીહ અને આત્મસામર્થ્યનું બળ અનુભવે છે.
તેના તર્ક-વિતર્ક, સંકલ્પ-વિકલ્પ શાંત થાય છે.
દુઃખનું મૂળ જ કલ્પના છે, તેનો નાશ થતાં કર્મવાદળી
ખસી જઈને લાખો સૂર્ય કરતાં તેજસ્વી અને લાખો ચંદ્ર
કરતાં નિર્મળ એવા આત્મસ્વરૂપનો પ્રકાશ પ્રગટ થાય છે.

સામ, સમ અને સમ્મ વડે સામાયિકની સિદ્ધિ

(૧) મધુર પરિણામ એ સામ છે,
તે મૈત્ર્યાદિ ભાવોથી સિદ્ધ થાય છે.
(૨) તુલ્ય પરિણામ સમ છે, તે વૈરાગ્યભાવથી સિદ્ધ થાય છે.

(3) ખરબાંકુરૂપ પરિણામ એ સમ્યક્ છે.

તે જેવું જ્ઞાન તેવું જ દર્શન અને જેવું જ્ઞાન અને દર્શન, તેવું જ વર્તન રાખવાથી સિદ્ધ થાય છે. 'સર્વ જીવો સ્વરૂપથી આત્મતુલ્ય છે' એવું જ્ઞાન, એવું જ દર્શન અને એવું જ વર્તન, એ સમ્યક્ પરિણામ છે. તેને ધારણ કરવાથી સામાયિકની સિદ્ધિ પરિપૂર્ણ થાય છે.

o પરદુઃખાકરણ પરિણામો ભાવસ્તવઃ ।

અહવા સાવં મિત્તી ।

(૧) સર્વ જીવો મિત્ર છે પણ કોઈ દુશ્મન નથી એ મૈત્રી.

ક્રોધનો પ્રતિકાર મૈત્રી છે.

(૨) ગુણવંતોને જોઈ આનંદ પામવો પણ તેમના પ્રત્યે દ્વેષ ન કરવો એ પ્રમોદ. માનનો પ્રતિકાર પ્રમોદ છે.

(3) દુઃખી પ્રત્યે સહાનુભૂતિ બતાવવી પણ તિરસ્કાર ન કરવો તે કરુણા. માયાનો પ્રતિકાર કારુણ્ય છે.

(૪) વિપરીત વૃત્તિવાળા પ્રત્યે ઉદાસીન ભાવ રાખવો, પણ ધિક્કારવા નહિ. લોભનો પ્રતિકાર માધ્યસ્થ્ય છે.

સાધુની મૈત્રી, ઉપાધ્યાયોનો પ્રમોદ,
આચાર્યોની કરુણા, સિદ્ધોનું માધ્યસ્થ્ય અને
અરિહંતોની મૈત્ર્યાદિ ચાર ભાવના નમસ્કારભાવ છે.

अर्हं

## દરેક શાસ્ત્રો કહે છે કે:

સર્વ જીવોને આત્મતુલ્ય જોવા - જાણવા - વર્તન કરવું.
પોતાને પરમાત્મતુલ્ય જોવો - જાણવો તથા અનુભવવો.
ઉચિત વર્તન, જીવાદિ તત્ત્વોનું જ્ઞાન, મૈત્ર્યાદિ ભાવોનું
જ આચમન, ઔચિત્યાલોચન, આત્મસંપ્રેક્ષણ, દેવાદિવંદન,
પ્રતિક્રમણાદિ ક્રિયા, દેવતા નમસ્કારાદિ નિત્ય આચરવા.

'મૈત્રી પવિત્રપાત્રાય મુદિતા મોદશાલિને
કૃપોપેક્ષા પ્રતીક્ષાય તુભ્યં યોગાત્મને નમઃ ।'
(પરિશિષ્ટ-૧૭)

'સર્વસત્ત્વે દયાં મૈત્રીં યઃ કરોતિ સુમાનસઃ ।
જયત્યસાવરીન સર્વાન બાહ્યાભ્યન્તરસંસ્થિતાન ॥'
- શ્લોક ૯૨, વૈરાગ્યસાર સમુચ્ચય (પરિશિષ્ટ-૧૮)

o

## જીવન આખરે શું છે?

જીવન યોગ છે = Yoga of Life.
જીવન મંગલ છે = Grace of Life.
જીવન મુક્તિ છે = Freedom of Life.
જીવન સંસ્કૃતિ છે = Culture of Life.
જીવન વિજ્ઞાન છે = Science of Life.
આજનો યુગધર્મ છે = Religion of our Age.

ચારિત્ર એ આંખ છે અને જ્ઞાન એ દીપક છે. ચારિત્રશુદ્ધિ વિનાનું ઘણું બધું જ્ઞાન, આંધળાની આગળ લાખો અને ક્રોડો દીપકની જેમ નિષ્ફળ છે.

o જો પિંડે - પિંડે ચિદાત્મા છે, તો એ જ ન્યાયે સમગ્ર બ્રહ્માંડમાં બધે રહેલો જ, એક ઉદાત્ત, સર્વવ્યાપી ચિદાત્મા કેમ ન હોય? એવા ચિદાત્મા વિના બ્રહ્માંડનું સમ્યગ્ સંચાલન સંભવે જ કેમ?

બ્રહ્માંડના મૂળમાં એક ચૈતન્યતત્ત્વના અસ્તિત્વની વિચારણા એ આત્મા - અભેદની માન્યતાનો પાયો છે. પિંડ વિચારણામાંથી આત્મૌપમ્યની ભાવના અને બ્રહ્માંડ વિચારણામાંથી આત્મા - અભેદની ભાવના ફલિત થઈ છે. આત્મૌપમ્યની દૃષ્ટિએ જીવનમાં સમત્વ ભાવના અને આત્મા - અભેદની દૃષ્ટિએ જીવનમાં વિશ્વમૈત્રીની ભાવના અહિંસાદિધર્મોમાં ચરિતાર્થ થાય છે. આત્માને જ્યારે બ્રહ્મરૂપે વર્ણવવામાં આવે, ત્યારે એમાં બ્રહ્માંડની અભેદ ભાવના ગુંજે છે અને જ્યારે આત્માને દેહાદિથી ઉપર તરીકે વર્ણવાય છે, ત્યારે આત્મૌપમ્યની દૃષ્ટિ ભાસે છે.

એ રીતે 'બ્રહ્મ' અને 'સમ' - એ બન્ને શબ્દો અહિંસા અને તદનુકૂળ વ્રતોમાં એકાર્થક બની જાય છે.

આત્મૌપમ્યમૂલક અને આત્મા - અભેદમૂલક
અહિંસક વ્યવહારની આવશ્યકતા
જીવનના સર્વ ક્રિયાઓમાં આવશ્યક કરે છે.
સર્વ વિષયક શુભભાવ એ ઝાડ છે - ક્રિયા એ વાડ છે.
શુભ ભાવ એ માલ છે, ક્રિયા તેનું પેકીંગ સાલ છે.
વિશ્વના સર્વ જીવાત્માઓ પોતાના આત્મતુલ્ય જ છે.
કોઈપણ જીવને જરા ય ત્રાસ ન થાય, તેવું જીવન જીવો.

- ભગવાન મહાવીર

त्रयोदशस्वरं तत्त्वं
सर्व तत्त्व प्रकाशकम्।
पूर्ण चन्द्रेण संयुक्तं
प्रणवं सर्व साधनम्॥
स्वरदुःस्थानलज्वाला
प्रशान्तो नवनीरदम्।
प्रणवं वाङ्मयत्पन्न -
प्रदीपं पुष्करासनम्॥

ૐકારમાં કળા U છે અને
બિન્દુ 0 સંસારરૂપ છે. તે કલાબિન્દુરમ્યં -
અર્હતિ કળા તથા બિંદુથી રમ્ય અભ્યંતર પરિકરવાળું છે.

अर्हं

નાદ, બિન્દુ અને કલા - ઉચ્ચારણમાં
મનોરમ અને ઉદ્દીપક - અર્થક્રિયાકારી છે.

વ્યંજનાક્ષરરૂપ

नाद - कांस्य घंटानिनादवदनुरणनं
नादः तदेक देशः कला ।

ઘંટાના રણકાર જેવો નાદ અને તેનો એક અંશ તે કલા.
बिन्दुरनुस्वारोत्तरमं वा ध्वनिः । અનુસ્વારના ઉચ્ચારણ
પછી જે નાસિકા પ્રદેશમાં ચાલુ રહે, તે બિન્દુ.

हकारास्तु संवार - नाद - घोषात्म
प्राणवन्तः महाप्राणवन्तः ।
- વરિવસ્યા રહસ્ય, પૃ૦ ૧૫

ટકાર ઉચ્ચારણમાં સંવારાત્મક - નાદાત્મક - ઘોષાત્મક છે.
અલ્પ પ્રાણવંત અને મહાપ્રાણવંત પણ છે.

લબ્ધ્યક્ષર

સંજ્ઞાક્ષર અને વ્યંજનાક્ષરની દૃષ્ટિએ
કલા અને બિન્દુની જેમ વ્યાખ્યા કરી,
તેમ તે અર્થ ક્રિયાકારી હોવાથી,
તેની ભાવાત્મક દૃષ્ટિએ પણ વ્યાખ્યા થવી જોઈએ.
તે પાછળ લખ્યાં પ્રમાણે :

नादः - भावतः स्वशरीरोत्थ एव तुर्यनिर्घोष इव स्वरं श्रूयते।

परमनादः - पृथग् वाद्यमानवादित्रशब्दा इव विभिन्ना व्यक्ताः श्रूयन्ते

कला - भावतस्तु अत्यन्ताभ्यासतः स्वयमेव देशकालकरणाद्यनपेक्ष्य या समारोहति, अन्येन व्यक्तायते यथा पुष्पभूते - राज्यार्यस्य पुष्यमित्रेण कला - जागरणं कृतम्।

परमकला - या सुनिष्पन्नात्याद्भ्यासस्य स्वयमेव जागर्ति यथा चतुर्दशपूर्विणां महाप्राण - ध्याने।

बिन्दुः - भावतो येन परिणामविशेषेण जीवात् कर्म गलति।

परमबिन्दुः - गुणश्रेणिर्नाम बहूपरितनकालवेद्यस्य दलिकस्कन्धः स्वल्पकालेनैव वेदनम्। उक्तं 'उवरिमठिई दलिअं हेट्ठिमठाणम्मि कुणइ गुणसेढी।'
- नमस्कार स्वाध्याय, पृ० २२५ - ७ - ८ (परिशिष्ट-१९)

## अर्हमित्यक्षरं

અભ્યંતર પરિકરવાળો કરેલો અર્હંકાર અક્ષર, દ્યોતક અવ્યય.

(૧) પરમ તત્ત્વસ્વરૂપ છે.

(૨) પરમેશ્વર પરમેષ્ઠિનો વાચક છે.

(૩) સિદ્ધચક્રનું પ્રધાન બીજ છે.

(૪) સકલાગમોપનિષદ્ભૂત છે.

(૫) મહાસિદ્ધિઓનો મૂળ હેતુ છે.

(૬) સકલ વિઘ્નોને દૂર કરવા સમર્થ છે.

(૭) અ + ર + હ + અ + બિન્દુ નવક છે.

એ રીતે અર્હંકાર એ ૧૩ અક્ષરોની સંહતિરૂપ છે.

(૮) (બીજાક્ષરોમાં વર્ણો ઘણાં હોય, તેમાં એક મુખ્ય અને બીજા તેના પરિકરરૂપ હોય).

ધર્મનો પ્રારંભ ન્યાયબુદ્ધિ, ધર્મનો અંત ન્યાયબુદ્ધિમાં છે.

ન્યાયસંપન્ન વૈભવથી માંડી સર્વવિરતિ સંયમ સુધી આત્મસમદર્શિત્વની ભાવના કાર્ય કરે છે.

આત્મસમદર્શિત્વ બુદ્ધિ એ જ ન્યાયબુદ્ધિનો પ્રકર્ષ છે.

°

ન્યાયબુદ્ધિ = Cosmic view point.

Cosmic view point means to take the view of the whole universe

regarding happiness and misery.
સર્વનાં સુખ-દુઃખનો સમાનપણે વિચાર કરવો,
તે આધ્યાત્મિક દૃષ્ટિએ સ્યાદ્વાદન્યાય છે.
પોતાના સુખ અને દુઃખની સાથે
સર્વનાં સુખ-દુઃખનો સંબંધ ન ભૂલવો,
તે અહિંસાદિ ધર્મોની ઉત્પત્તિનું કારણ છે.
એ વાતનો વિચાર શેનું કરવાનું છે?
તે Creative awareness - જ્ઞાન
Creative understanding - દર્શન અને
Creative movement - ચારિત્રનું કરવાનું છે.
Awareness becomes creative,
if it results in right understanding.
So understanding becomes creative,
if it results in right movement.
Cosmic Order - નિસર્ગનો નિયમ,
Where there is Law of purification.
સ્વનો વિચાર એ નિયમનો ભંગ છે,
સર્વનો વિચાર એ નિયમનું પાલન છે.
Law of Sacrifice = પરાર્થકારિતા.

अर्हं

## Descarte

I am, so I excist. God excists,
because idea of God occurs to us.
પક્ષપાતરહિતતા - વીતરાગતાનું શાસન એટલે ન્યાયનું
સામ્રાજ્ય. 'ન્યાય' તેને જ કહેવાય કે જ્યાં અધર્મની શિક્ષા
અને ધર્મનો પક્ષપાત હોય. સર્વજ્ઞ સમદર્શિત્વ યાને
બધાને ન્યાયની નજરે જોવું યા આત્મતુલ્ય અનુભવવું.
અરિહંતોની કરૂણા Compassion,
સિદ્ધોની Grace, સદ્ગુરુ directed effort
તારકતા સ્વભાવ. અરિહંતોની કરૂણા ઓળખવા માટે
Cosmic obligation feel થવું જોઈએ અને
પછી વિશ્વરૂપબુદ્ધિ કોનું કેટલું obligation છે,
તે નક્કી કરવાના પ્રયત્નમાંથી અરિહંતોની કરૂણાની
વાસ્તવિક ઓળખાણ થાય છે. અરિહંતોની ઓળખાણ
By two fold methods:
By the Law of Sacrifice (પરાર્થકારિતા) and
by the Law of Cosmic obligation દ્વારા
અને તેમાંથી કુદરતરૂપે ઉભી થતી
પરાર્થકારિતાની બુદ્ધિ = સ્વાર્થત્યાગ - પરાર્થકારિતા.

Cosmic obligationના સ્વીકાર વિના
સાક્ષાત્કાર જીવન શક્ય નથી.
Life wholly destitute is
inconceivable. પરાર્થત્યાગ વિના is cosmic fact
એ જો ન હોય, તો જીવનમાં God or
anything divine is impossible.
Law of Sacrificeનું નામ યજ્ઞ બોલશો,
Cosmic obligationનું ઋણ યજ્ઞ બોલશો.
Mind, life and body are
an inferior consciousness and
partial expression, which strives
to arrive in the mould of
various evolution at that superior
expression of itself already
existent to the beyond mind.
That which is in the
beyond mind is the ideal,
which in its own conditions,
it is labouring realise.

<u>સૂર્યની સિંહરાશિ</u>: ઓગસ્ટ ૧૫ - સપ્ટેમ્બર ૧૫ વચ્ચે
વર્ષમાં એકવાર સ્વગૃહી બને.
<u>ચંદ્રની કર્કરાશિ</u>: દરેક મહીનામાં એકવાર સ્વગૃહી થાય.
સૂર્ય - ચંદ્ર બંને સાથે ભાદરવા માસમાં સ્વગૃહી જ હોય.
<u>સૂર્ય પોષથી જેઠ સુધી ઉત્તરાયણ કરે છે, ત્યારે</u>
<u>રસ - કસ શોષાય છે, તેથી તપ કરવો કઠિન પડે છે.</u>
<u>સૂર્ય અષાઢથી માગસર સુધી દક્ષિણાયન કરે છે, ત્યારે</u>
<u>રસ - કસ આપે છે, તેથી તપશ્ચર્યા સહેલાઈથી થાય છે.</u>
ગ્રીષ્મના એક ઉપવાસને અઠ્ઠમ બરાબર કહ્યો છે.
પર્યુષણ અને શરદઋતુમાં સૂર્યના કિરણો સૌથી
વધુ હોવાથી વિશેષ રસ - કસ આપે છે.
તે દિવસોમાં રસકસવાળા આહાર લે, તેને રોગ વધે છે.
<u>પર્યુષણના દિવસો</u>
<u>દક્ષિણાયનના બરાબર મધ્યમાં આવે છે,</u>
<u>તેથી તે દિવસોમાં જેટલો અધિક તપ - જપ થાય,</u>
<u>તેટલો વધુ સફળ અને સંગીન બને છે.</u>
સૂર્યનો સંબંધ પ્રાણશક્તિ અને જઠરાગ્નિ સાથે છે.
તેના ફળમાં નિરોગિતા, દીર્ઘજીવન, વિકાસ,
વૃદ્ધિ, ઉષ્ણતા, વિકારાદિનું શોધન કહ્યું છે.

ચંદ્રની શક્તિ શાંત છે.
ફળ તરીકે ઉદ્વેગની શાંતિ, શોક - ક્રોધ - ચિંતાદિનું શમન,
નિરાશામાં આશાનો સંચાર કરેલ છે.
સૂર્યનો સંબંધ આત્મા સાથે છે અને
ચંદ્રનો સંબંધ મન સાથે છે.
બુદ્ધિ પ્રકાશરૂપ હોવાથી તેનો સંબંધ સૂર્ય સાથે છે.
મન ના ભાવનો સંબંધ ચંદ્ર સાથે છે, કેમકે ચંદ્ર સૌમ્ય છે.
સૂર્ય-ચંદ્રના કિરણોથી ઘણાં રોગો મટાડવામાં આવે છે.
જે ઉઘાડાં શરીરે અને ઉઘાડાં પગે ફરે - ફરે છે, તેને
પ્રાયઃ રોગ ઓછા થાય છે, હોય તો જલ્દી નાશ પામે છે.
કુદરતી જીવન જીવનારા પુરૂષો કે પશુ - પંખીઓ
પ્રાયઃ નિરોગી, સંતોષી અને દીર્ઘજીવી હોય છે.

(१) आसन्नत्वं हि असत्प्रवृत्तिजनक निमित्तं ।
- જિનમંડનકૃત ધર્મપરીક્ષા - ૨૫ (પરિશિષ્ટ-૨૦)

(२) कृत्वा टीकामेनां
यदवाप्तं कुशलमिह मया तेन ।
मात्सर्य - दुःख - विरहात्
गुणानुरागी भवतु लोकः ॥
- पंचवस्तु (अंतिम) (પરિશિષ્ટ-૨૧)

(૩) અન્ય જીવ પ્રત્યે આત્મતુલ્ય વૃત્તિ
ન રાખવી, તે 'આત્મદ્રોહ' છે.

(૪) જો નિશ્ચય વિનાની કેવળ વ્યવહારદૃષ્ટિનું અનુસરણ કરવામાં આવે, તો ભેદ તથા વિરોધબુદ્ધિ વધારે ફેલાય અને ટૂંકી દૃષ્ટિને લીધે ધૈર્ય જલ્દી ખૂટી જવાથી, લક્ષ્ય સુધી પહોંચી શકાય નહિ અને તત્ત્વનો વિનાશ થઈ જાય. એ જ રીતે વ્યવહાર વિનાની કેવળ નિશ્ચય દૃષ્ટિને અનુસરવામાં આવે, તો તેનું પાલન અશક્ય હોવાથી માર્ગનો જ વિચ્છેદ થઈ જાય. મોટે ભાગે તેવા એકાંગી દૃષ્ટિના બ્હાના નીચે દંભ જ ચાલવા માંડે, માટે નિશ્ચયદૃષ્ટિને ધ્યાનમાં - લક્ષ્યમાં રાખીને જ વ્યવહાર દૃષ્ટિને અનુસરવામાં આવે, તો નિસ્તારનો સંભવ છે.

(૫) સંસારરૂપી વ્યાધિના ક્ષય માટે ઔષધ તરીકે
પ્રથમ સ્થાન નમસ્કાર મહામંત્રને આપ્યું છે.
ઉપદેશપદ ભાગ-૧, શ્લો-૧૯૪, ટીકાનું પૃષ્ઠ ૧૫૩-૨

(૬) શરણાં ચોખું કરે ધર્મનું, જેહમાં વરધ્યા ભાવ રે.
જે સુખકરુ જિનવર કહ્યો, પાપજલ તારવા નાવ રે.
- પીત લાલ આજુવાળીએ

(૭) સ્વાધ્યાયની મહત્તા અંગે નવ્યમતિજ્જતમાં

अर्हं

મહાનિશીથની સાક્ષી આપી, ૨૦-૨૨ શ્લોક છે.

તેનો એક શ્લોક : ઉગ્ગ-દુ-તિ-માસખવણં
સંવચ્છરમવિ અ અણસિઓ હુજ્જા ।
સજ્ઝાયઝાણરહિઓ
એગોવાસફલંપિ ન લભિજ્જા ॥ (પરિશિષ્ટ-૨૨)

સાધકને મન મોહનીય કર્મ જેનાથી ખપે, તે જ સાધના ગણાય છે. દયા અને આત્મસમદર્શિત્વના પરિણામથી જ મોહકર્મ ઘટે છે, તેથી સાધકનું મન તેના તરફ જ સતત ઝુકેલું રહેવું જોઈએ. મોહકર્મ ન ખપે, એનું જ્ઞાન પણ અજ્ઞાન કહ્યું છે, તેથી મતિ-શ્રુતને સમ્યક્ પરિણમાવવા માટે મોહકર્મનો ક્ષય કરવાના ઉદ્યમમાં સાવધાનીપૂર્વક લાગવું જોઈએ. શાસ્ત્રબોધ અને દાર્શનિક જ્ઞાનમાં ગમે તેટલો ઉદ્યમ થાય પણ જો મોહકર્મ ખપાવવાની સાધના જીવનમાં ન રહે, તો તે બધું અજ્ઞાન અને અભિનિવેશમાં જાય છે. તેથી ધર્મના પાયામાં દયા છે, શુભરાગ છે, આત્મ-સમદર્શિત્વનો પરિણામ છે. તે વિકસાવવા માટે જ માર્ગાનુસારિત્વ, અપુનર્બંધકત્વ આદિ ભૂમિકાઓ બતાવી છે.

તે માટે જ

સતતાભ્યાસ, વિષયાભ્યાસ અને ભાવાભ્યાસનો ક્રમ છે.

ॐ = અ = પંચ પરમેષ્ઠિની સ્તુતિ = સમ્યગ્દર્શન
ऐं = સિ = પંચ પરમેષ્ઠિની વિજ્ઞપ્તિ = સમ્યગ્જ્ઞાન
श्रीं = આ = પંચ પરમેષ્ઠિની અનુભૂતિ, શક્તિ = સમ્યક્ચારિત્ર
ह्रीं = ઉ = પંચપરમેષ્ઠિની અભિવ્યક્તિ, શક્તિ = સમ્યક્તપ
क्लीं = સા = પંચ પરમેષ્ઠિની ઉપલબ્ધિ = સમ્યગ્વીર્ય.

નવપદજી = અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય,
સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ.

ભાવનું દાન દાનાંતરાય તોડે છે અને
પરમેષ્ઠિ નમસ્કાર અને આરાધનાનો અભ્યાસ
વીર્યાંતરાયને તોડે છે.

ભાવ ધ્યાન મોહનીયનો ક્ષય થવાથી
જ્ઞાનાંતરાય અને દર્શનાંતરાય તૂટે છે.

વીર્યાંતરાયનો ક્ષય મોહના ક્ષયથી થાય છે, જે વીર્યાંતરાય તોડવાથી થાય છે. બંને પરસ્પર કાર્ય-કારણ ભાવરૂપે છે. પાંચે અંતરાયનું કારણ સ્વ અને સર્વ વચ્ચે પડેલું અંતર છે. એ અંતર જેમ તૂટતું જાય, તેમ ભાવ બધાં અંતરાય તૂટે છે અને ભગવાનની સાથે પણ જે અનાદિકાળથી અંતર પડ્યું છે, તે પણ તૂટે છે. સ્વ અને સર્વ વચ્ચેનું અંતર એ જ મોટો અંતરાય છે.

જે બાળક માતાને કહે કે: 'તું મને દૂધ પાય છે, તે તારા બાપનું નથી, મારા બાપનું છે.' વાત સત્ય હોવા છતાં માતાને આઘાત કરનાર બાળક એ શેતાનનું બાળક ગણાય છે પણ સજ્જનનું નહિ, તેમ તીર્થંકર પરમાત્માના પ્રભાવે બધા પુણ્યકર્મનું ફળ ભોગવનાર આત્મા જો કહે કે: 'મારું કર્મ હું ભોગવું છું' એ વાત સત્ય હોવા છતાં એ ઉદ્ગાર શેતાનના છે, કારણકે પુણ્યકર્મ બંધાવવામાં ફાળો ભગવાનનો છે અને વર્તમાન કાળે તે ઉદયમાં આવે છે, તે પણ શુભ અધ્યવસાયના બળથી આવે છે. તે શુભ અધ્યવસાયમાં પણ અરિહંત પરમાત્મા કારણભૂત છે. જન્મ આપનાર પણ માતા છે અને દૂધ પાનાર પણ માતા છે, છતાં માતાનો ઉપકાર ન માનનાર નઠોર છે, તેમ કર્મ કરનાર પોતે હોવા છતાં માતાની જેમ તેને ઉત્પન્ન કરનાર અને પુષ્ટ કરનાર ભગવાન છે, તેથી તેમને ભૂલી શકાય નહિ. કર્મને ભૂલી શકાય, તેમાં દોષ નથી, કિન્તુ માતાને ભૂલવામાં દોષ છે. સ્વતંત્ર, પરતંત્ર, અતંત્ર:

પિતાને પરતંત્ર રહેનાર પુત્ર અને પતિને પરતંત્ર રહેનાર સ્ત્રી, એ પરતંત્ર નથી પણ પિતા અને પતિ સ્વ હોવાથી, તેને આધીન રહેનાર તત્ત્વથી સ્વતંત્ર છે.

જેથી સ્વ સંબંધોને પરતંત્ર રહેવામાં પણ
પરતંત્રતા માને છે અને સ્વાતંત્રતા નહિ માનતાં,
તેથી પરતંત્ર પણ નહિ અને
સ્વતંત્ર પણ નહિ, કિન્તુ સાતંત્ર છે.

Cosmic Order

પાંચ સમવાય એકત્ર મળીને વિશ્વવ્યવસ્થાનું નિયમ-
બદ્ધ સંચાલન કરે છે. કાળ, નિયતિ, સ્વભાવ, કર્મ અને
પુરુષાર્થ એકેક મિથ્યાત્વ છે, સમુદાય સમ્યક્ત્વ છે,
તેમાં પુરુષાર્થને પણ સ્થાન છે,
તેથી તે પણ Something છે.

It is neither everything nor nothing
but something as if others.

જ્ઞાનને માટે ૧૪ પૂર્વ, દર્શનને માટે ૧૪ રાજલોક,
Imp ચારિત્રને માટે ૧૪ ગુણસ્થાનક છે.

(૧) દ્વાદશાંગીની જનેતા - અષ્ટપ્રવચન માતા છે.
(૨) પ્રવચનમાતાની જનેતા - ભક્તિ (જ્ઞાન - દર્શન) છે.
(૩) ભક્તિના જનક - ભગવાન (પરમેષ્ઠિ) છે.
(૪) ભગવાનની જનેતા - સમકિતભાવના છે.
(૫) ભાવનાની જનેતા - આત્મસમદર્શિતા છે.

अर्हं

(૬) સર્વાત્મભાવ એ આત્મસ્વભાવ છે,
સ્વાત્મભાવ એ સર્વાત્મભાવરૂપ છે.

(૭) સર્વાત્મભાવ સાધનાનું મૂળ પણ છે અને ફળ પણ છે.

(૮) વીતરાગભાવનો અર્થ સર્વાત્મભાવના અને સ્વભાવના બાધક દોષોનો અભાવ.

(૯) સ્વ અને સર્વના વચ્ચે અંતરનો ભાવ તે 'અંતરાય' કર્મ છે. તેનો ભેદ ભેદ છેદ, તે અંતરાયનો ક્ષય છે.

(૧૦) અહં અને અર્હં વચ્ચે અંતરનો છેદ,
તે સિદ્ધભાવની સાધના છે.

(૧૧) સ્વ અને સર્વ વચ્ચે રહેલા અંતરનો ભાવ નહિ પણ છેદ થાય, તે અરિહંતપદની સાધના છે.

(૧૨) વીર્યના અંતરનો છેદ અર્થાત્ સ્વ માટેના વીર્યના અંતરનો છેદ, તે અંતરાયનો ક્ષય - નિર્જરા છે.

(૧૩) સ્વ આત્માના ગુણોનો આનંદભોગ, તે ભોગ છે.
સર્વ આત્માના ગુણોનો ભોગ, તે ઉપભોગ છે.

(૧૪) સ્વ માટેના દાન વડે અંતરનો ભાવ થાય છે.
તેને તોડવા સર્વ માટેના દાનનો પ્રયત્ન,
તે અંતરાયનો ક્ષય છે,
તેથી લાભના અંતરનો છેદ થઈ અનંત લાભ થાય છે.

(૨૫) સર્વ અને સ્વ વચ્ચે રહેલું અંતર તોડવાનો
અભ્યાસ વ્યષ્ટિ અને સમષ્ટિને જોડીને
પરમેષ્ઠિ બનાવનાર છે.

(૨૬) ભૌતિક વિશ્વની રચના સરાગભાવથી છે. મુક્તિમાર્ગની રચના વીતરાગ અને સિદ્ધતા સ્વભાવભાવથી છે.

૦ 'સર્વત્ર સુખી ભવતુ લોકઃ ।'

'લોક સર્વત્ર સુખી થાઓ' એ ભાવના તો જ પાર પડે
કે જ્યારે લોક દોષોથી મુક્ત બને, તેથી
'દોષાઃ પ્રયાન્તુ નાશમ્ ।'
દોષો તો જ નાશ પામે કે જ્યારે
લોક પરહિતની કામનાવાળો બને, તેથી
'પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ ।'
'પ્રાણીગણ પરહિતમાં તત્પર થાઓ.' પરહિતમાં
તત્પરતા તો જ આવે કે જો સ્વાર્થભાવ ગૌણ બને.
સ્વાર્થભાવ ગૌણ બનાવવા માટે
'શિવમસ્તુ સર્વ જગતઃ ।'
'સર્વ જગતનું કલ્યાણ થાઓ.' પોતાનું જ કલ્યાણ
ચાહનાર જ્યારે સર્વ જગતના કલ્યાણની કામના કરે છે,
ત્યારે પરહિતતત્પરતા પેદા થાય છે.

પરહિત માટેની તત્પરતા પેદા થવાથી
સંક્લેશજનક રાગાદિ દોષો નાશ પામે છે.
રાગાદિ દોષો નાશ પામવાથી સર્વજ્ઞ સર્વ લોકનું
'આત્માનું સ્વાધીન સુખ' પામનારો થાય છે.

સુખની પ્રાપ્તિનો ઉપાય દોષોનો નાશ તથા દોષોના નાશનો ઉપાય દોષોની જડ અહંતા અને મમતાનો વિલય, તેનો ઉપાય પરહિતની ભાવના અને તે ભાવના તો

જ સિદ્ધ થાય કે: 'શિવમસ્તુ સર્વ જગતઃ ।'
જગતના સર્વ જીવોને આત્મસમ લેખી
તેના કલ્યાણની કામના પોતાના જેટલી કરાય.

સુખના પાયામાં આ રીતે સર્વાત્મહિતની ભાવના છે અને સર્વાત્મહિતની ભાવનાનો પાયો 'આત્મસમદર્શિત્વ' - સર્વ જીવોને આત્મતુલ્ય જોવા, જાણવા અને વર્તવાનો અભ્યાસ છે. આ અભ્યાસ દૃઢ થવાને અંતે 'અહં મમ'ના મિથ્યાબંધનમાંથી મુક્તિ મળે છે, કર્મની કેદનો અંત આવે છે. કર્મ એક પ્રકારનું ઋણ છે. બીજા પાસેથી સુખ લેવું અને આપવું નહિ અથવા બીજાને દુઃખ દેવું અને તેની ક્ષમા માંગવી નહિ, એનું નામ જ કર્મના બંધનમાં આવવું. આજ સુધી જીવે લેવાનું કામ કર્યું છે, આપવાનું નહિ.

આપવાનું કહ્યું છે પણ તે સુખને નહિ, કિન્તુ દુઃખને. સુખ લઈને બદલો આપશો નહિ, દુઃખ દઈને બદલો લેશો નહિ. એ ઉભય પ્રકારના ઋણમાંથી છૂટવાનો એક જ ઉપાય સૌના સુખની કામના અને સર્વના દુઃખને નિવારવાનો પ્રશસ્ત અધ્યવસાય છે. તે જાગે નહિ, ત્યાં સુધી ઋણમાંથી મુક્તિ મળે નહિ. વિશ્વસત્તા તેને બંધનથી મુક્ત કરે નહિ, કેમકે તે સત્તા ન્યાયી, સ્વયંસંચાલિત, સર્વને હિત કરનારી છે. કોઈનું ય અહિત ન ચલાવી લેનારી છે. એવી મહાસત્તાને શરણે રહેનારે એ મહાસત્તાનું જે ધ્યેય છે, તે જ ધ્યેય પોતાનું બનાવવું. એનું જ નામ ધર્મ છે. તે ધ્રુવ, નિત્ય અને શાશ્વત છે. જડકર્મ જીવ ભવના સ્વરૂપને બાધા પહોંચાડી રહ્યું છે, તેમ ચેતન - જીવ પણ પોતાના શુભાશુભભાવ વડે જડકર્મને નચાવી રહ્યું છે. બન્ને મુખ્ય અપરાધી છે, બલ્કે જીવ સચેતન હોવાથી અધિક અપરાધી છે. જીવે પોતે જ પોતાની જવાબદારી સમજી લઈ જડને તથા પોતાને હેરાનગતિમાંથી મુક્ત કરવા માટે અને સ્વભાવસ્થ થવા સતત કોશિષ કરવી જ જોઈએ. તો જ એનું નામ સ્વધર્મ, સનાતન અને શાશ્વત ધર્મ.

(१) જગતનું કારણ ઈશ્વર, તો ઈશ્વરનું કારણ કોણ?
(२) કેવળ કલ્પના ઉત્પન્ન થાય છે, તેટલાં માત્રથી ઈશ્વરની સિદ્ધિ થતી હોય, તો કોઈ રંકને રાજાની કલ્પના થવા માત્રથી રાજા થઈ જવો જોઈએ.
(3) પ્રયોજનમૂલક અનુમાનથી વિશ્વના નિયામક અને સંયોજકનું અનુમાન થાય, પરન્તુ રચયિતા અને ઉત્પાદકનું અનુમાન ન થાય.

कस्य च कुत्राशरीरस्य कर्तृत्वं दृष्टमिति । उच्यते-
प्रयत्नज्ञानचिकीर्षायोगित्वं कर्तृत्वमाचक्षते ।
तच्चेश्वरे विद्यते इत्यदुष्टमेतत् ।

'यथा ह्यचेतनः काय
आत्मेच्छामनुवर्तते ।
तदिच्छामनुवर्त्स्यन्ते
तथैव परमाणवः ॥'

सशरीर ईश्वरः सृजति जगद् अशरीरो वेति ।
तत्राशरीरस्यैव सृष्टृत्वमस्याभ्युगच्छामः । (परिशिष्ट-२३)

० વેદાન્ત મુજબ ઈશ્વર જગતનું નિમિત્ત અને ઉપાદાન - એમ ઉભય કારણરૂપ છે. નૈયાયિકો મુજબ ઈશ્વર એ આ સૃષ્ટિમાં કેવળ નિમિત્ત કારણ છે.

વેદાંતમાં ઈશ્વરની સિદ્ધિ અનુમાન પ્રમાણથી નહિ,
કિન્તુ આગમ પ્રમાણથી માને છે તથા
ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યના કારણરૂપ વિવર્તરૂપે છે. ન્યાય
- વૈશેષિક ઈશ્વરની સિદ્ધિ અનુમાન પ્રમાણથી માને છે,
ઈશ્વર કેવળ જ્ઞાતા, દૃષ્ટા, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન છે,
અને નહિ પણ પિતાની સમાન સૃષ્ટિના કર્તા પણ છે.

૪ પ્રકારના ધ્યાન

(૧) આર્તધ્યાન એટલે સ્વસુખનો રાગ, સ્વદુઃખનો દ્વેષ,
સ્વગુણનો મોહ, સ્વમતનો આગ્રહ.

(૨) રૌદ્રધ્યાન એટલે સ્વસુખનો જ રાગ,
સ્વદુઃખનો જ દ્વેષ, સ્વગુણનો જ મોહ, સ્વમતનો આગ્રહ.

(3) ધર્મધ્યાન એટલે સર્વના સુખનો રાગ, સર્વના દુઃખનો
દ્વેષ, સર્વના ગુણનો મોહ તથા સર્વના મતનો આગ્રહ.

(૪) શુક્લધ્યાનની ભૂમિકા એટલે સર્વના સુખનો રાગ,
સર્વના જ દુઃખનો દ્વેષ, સર્વના જ ગુણનો મોહ અને
સર્વના જ મતનો આગ્રહ.

સર્વ આત્મ દ્રવ્ય-ગુણ-પર્યાયનું સામ્ય, સ્વ આત્મગુણ
પર્યાયમાં ઐક્ય. સ્વથી સર્વમાં જવાનું અને સર્વથી
સ્વમાં આવવાનું એ ક્રમ છે. વિશિષ્ટાદ્વૈતવાદની માયાનો

સમન્વય જૈનોના સિદ્ધાન્તમાં છે. શુદ્ધાદ્વૈતની ભાવનાનો
સમન્વય પદ્ધતિના પરિવર્તનમાં છે. સાંખ્યોની પ્રકૃતિનો
સમન્વય જ્ઞાનાવરણાદિ અષ્ટવિધ દ્રવ્યકર્મના સંબંધમાં છે.

○ પ્રકૃતિ આપણને અનુકૂળ બને તે માટે પ્રયાસ કરવા કરતાં આપણે પ્રકૃતિને અનુકૂળ બનીએ, તેમ વર્તવું તે જ સાચી સાધના છે. પ્રકૃતિ મહાન છે, તેના નિયમો સ્વયંસિદ્ધ છે. તેની પાછળ મહાન સત્તાઓ કાર્ય કરી રહી છે. તેનો હેતુ સર્વનો એકાંત કલ્યાણ સાધવાનો છે, તેથી તેને અનુકૂળ વર્તનારનું તે અવશ્ય કલ્યાણ કરે છે. પ્રતિકૂળ વર્તનારને તે નિભાવી શકતી નથી. તેના હૈયે સકલજીવોનું હિત છે. પોતાના વ્યક્તિગત સુખની ખાતર મહાન કાર્યની આડે આવનારને પ્રકૃતિ કદી ચલાવી લઈ ન શકે, એ સનાતન નિયમ છે. તેને જાણવો, ઓળખવો, આચરવો, એ જ સુખી થવાનો એકનો એક માર્ગ છે.

'સર્વને ધર્મની પ્રાપ્તિ થાઓ' એ વિચારથી અરિહંત પદ,
'સર્વને અર્થની પ્રાપ્તિ થાઓ' એ વિચારથી સર્વાર્થસિદ્ધિ,
'સર્વને કામસુખ મળો' એ વિચારથી ચક્રવર્તી પદ અને
'સર્વને મોક્ષસુખની પ્રાપ્તિ થાઓ'
એ વિચારથી સિદ્ધપદ મળે.

'સર્વને સંસારદુઃખ માટે ધર્મ મળો,'
એ ભાવનાથી તીર્થંકર દેવપણું મળે,
'સર્વને સંસારસુખ માટે અર્થ મળો,'
એ ભાવનાથી સાતમી નરક મળે,
'સર્વને સંસારના કામ - ભોગ મળો,'
એ ભાવનાથી નિગોદ મળે,
'સર્વને નહિ પણ કેવળ મારો મોક્ષ થાઓ,'
એ ભાવનાથી કર્મથી ચાંડાલાદિ ભવો મળે છે.

o સમાધિ = સમબુદ્ધિ. મનને સમ્યક્ ધારણા કરવું, સર્વ પ્રત્યે સમાન ભાવ પ્રાપ્ત થવો.

o વાણીથી સીધી વધુ કર્મબંધ થઈ શકે છે. મુખથી બોલાય તે વૈખરી વાણી, મનથી બોલાય તે મધ્યમા વાણી. વિચાર પણ એક પ્રકારની વાણી છે, તેથી તે ભાષાવર્ગણાની એક જાતમાં ફેલાય છે. તે કર્મબંધ નવકાર ગણવાથી ટળવા પડે છે.

ઉપધાન કરીને નવકાર ગણવાના અધિકાર માટે:
૧ લાખ નવકારનો જાપ, ૯ હજાર લોગસ્સનું ધ્યાન, છઠ્ઠેક હજાર નમુત્થુણંનો પાઠ, ૪૭ દિવસ પૌષધ આરાધના, ૨૨ ઉપવાસ, ૧૦ આયંબિલ, ૧૬ નીવી કરવા રહ્યાં.

o સોયના નાકામાંથી ઊંટ પસાર થઈ શકે, પરન્તુ ઈશ્વરના રાજ્યમાં પૈસાદાર માણસ પ્રવેશ ન કરી શકે.

o આજકાલ વિદ્યા તો છે પણ પ્રકાશ નથી. અભ્યાસ પણ પ્રાણહીન છે. તે આત્મવિશ્વાસ પેદા કરતો નથી. આંખનું મહત્ત્વ અમહત્ત્વ છે પણ દેહમાં પ્રાણ રહે ત્યાં સુધી. વિદ્યાનું મહત્ત્વ સમર્થ છે, પરંતુ આત્મવિશ્વાસ જાગે તો. વિદ્યા પ્રત્યે વાત્સલ્યભાવ - અનુરાગ અને ભાવિ વિષે સજાગતા આવશે, ત્યારે જ આત્મવિશ્વાસ ઊભો થશે. કર્મપ્રધાનતા નહિ પણ વૃત્તિશોધન દ્વારા વિકાસ છે.

## ઉપદેશપદ

(૧) આશયના બહુમાનવાળી ક્રિયાથી જ સાનુબંધ અનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે. અધ્યાત્મ તો મૈત્ર્યાદિભાવયુક્ત હોય. અધ્યાત્મ વિનાનું અનુષ્ઠાન તો શરીરના મેલ જેવું, મલિનતા વધારનારું નીવડે છે.

નીચેની ક્રિયાઓ આશય - બહુમાનયુક્ત ન ગણાય:

(a) જે ક્રિયા લબ્ધ્યાદિ અપેક્ષાથી થતી હોય.
(b) કુળની લજ્જા - દાક્ષિણ્યતાદિ વિના થતી હોય.
(c) ગુરુ - લાઘવના પર્યાલોચન વિના થતી હોય.
(d) મૈત્ર્યાદિ ભાવનાં શુદ્ધ સંવેદન વિના થતી હોય.

आदि शब्दात् सत्त्वादिषु मैत्र्यादिभाव ग्रहः तेषु
यत्संवेदनं शुद्धिसंवेदनरूपं तेन विनिर्मुक्तं
प्रायः शुश्रूषया बहुमानविहीनानामिति । (પરિશિષ્ટ-૨૪)

०

२ दोषाहमात्मबन्ध - प्रधानमनुष्ठानं तदेव भव-
व्याधिवृद्धिकारणत्वात् तत्त्वतोऽनुष्ठानम् ।
तद्विलक्षणं च शरीरस्थ रजोराशिवत्
मालिन्य - कारित्वादत्यन्त तुच्छम् ॥ (પરિશિષ્ટ-૨૫)

०

ઉપદેશપદ, ભાગ ૨, શ્લોક ૩૫૮ની ટીકામાં કહ્યું છે કે:
अप्पहियं कायव्वं जइ सक्का परहियं च कायव्वं ।
अप्पहियं परहियाणं अप्पहियं चेव कायव्वं ॥२५०॥
સદ્ગતિ: પરમાર્થથી પરહિત છે, ત્યાં આત્મહિત થવાનું જ.
સાચું આત્મહિત પરહિત વિના રહી જ ન શકે.
૦ અનુબંધનો ઉચ્છેદ થયાં પછી અવશ્યમેવ ચારિત્રમોહના
ઉદયથી થતી ઇંદ્રિયાનુકૂળ પ્રવૃત્તિ પણ મોક્ષનું અંગ છે.
અનુબંધરૂપ મૂળનો ઉચ્છેદ થતાં ભવવૃક્ષ ટકી શકતું નથી.
૦ ગુરુ આત્માના વૈદ્ય છે અને દોષ દર્દના વૈદ્ય છે.
દર્દનું ભાન એક મહાન વૈદ્ય છે.

મકાનમાં દીવાલો અને બારીઓ હોય છે. કોઈક ઘરમાં દીવાલનો ભાગ વધુ અને કોઈકમાં ઓછો હોય, પરંતુ દરવાજો તો દરેક ઘરમાં હોય જ છે.

દરવાજાને બદલે જો દીવાલમાંથી

પ્રવેશ કરવા માંગીશું, તો ટકરાઈશું અને માથું ફોડીશું.

માણસના દોષ દીવાલરૂપ છે અને ગુણ દરવાજા છે.

જો દોષ મારફત કોઈના જીવનમાં પ્રવેશ કરવા જઈશું, તો અથડામણ વહોરીશું, પરંતુ ગુણ દ્વારા પ્રવેશ કરીશું, તો તેના જીવનમાં - હૃદયમાં પ્રવેશ કરી શકીશું. ગમે તેવા દુષ્ટમાંયે કોઈને કોઈ ગુણ તો હશે જ. ગુણ ન હોય તો તે જીવી જ ન શકે, જીવવામાં સ્વાદ જ ન રહે. જો તેના ગુણને પકડીએ તો તેની મારફત હૃદયમાં પ્રવેશ થાય. તેમ કરવાથી દોષ છૂટી જશે અને ઉભયને લાભ થશે.

o જ્યાં ભાવપ્રધાનતા હોય, ત્યાં ભાવપ્રસ્ફુરતા હોય. ભૂખને જેટલો ભોજન સાથે સંબંધ હોય છે, તેટલો જ ભાવપ્રધાનતાને ક્રિયા સાથે સુમેળ હોય છે. ભાવની પવિત્ર શક્તિ તેના ધારકને ક્યારેય સર્વથા નિષ્ક્રિય બેસવા દેતી નથી. આત્મભાવનું અધિક નિર્મળ બળ, સ્વાભાવિકપણે સર્વ આત્માઓના 'શુભ'ને અધિકભાવ

આપવામાં પરિણત થતું જાય છે. આત્મભાવ વધે એટલે જગતના સર્વ આત્માઓ પ્રત્યેનો શુભભાવ વધે જ.

અરિહંતભાવની ઉપાસના એટલે આત્મભાવની ઉપાસના.

કેવળ આત્મભાવની ખાતર જ (બીજા કશાની ખાતર નહિ), પંચ પરમેષ્ઠિ ભગવંતોની ભક્તિ થવી જોઈએ.

આત્મભાવની સર્વશ્રેષ્ઠતા સિવાય બીજા કશાયનો વિચાર, તે માનવભવને વ્યર્થ વેડફી દેવા બરાબર છે.

આત્મભાવ સ્પર્શે છે, ત્યારે જ જગતના સર્વ જીવો સાથેના અને પંચ પરમેષ્ઠિ ભગવંતો સાથેના ભાવ-સંબંધનું જીવને યથાર્થ ભાન થાય છે. તે ભાવસંબંધને યથાશક્તિ દીપાવવા, સફળ કરવાની ભાવના એ નવકારના પ્રત્યેક આરાધકને સ્વાભાવિકપણે હોવી જોઈએ, હોય જ.

વસ્તુની જેમ ભાવની પણ આપ-લે થઈ શકે છે.

વસ્તુની આપ-લેમાં હાથ અગત્યનો ભાગ ભજવે છે, ભાવની આપ-લેમાં અંતઃકરણ મુખ્ય ભાગ ભજવે છે.

એટલે જ અંતઃકરણપૂર્વકની શુભાશિષ તેમ જ બદદુઆનું આ જગતમાં અનાદિકાળથી અને એકસરખું મહત્ત્વ જળવાઈ રહ્યું છે. શુભભાવની આપ-લેની ક્રિયા આ લોકમાં ક્યારેય સર્વથા બંધ થતી નથી. સર્વોચ્ચ

આત્મભાવના પરમ દાતાર શ્રી અરિહંતાદિ પરમેષ્ઠિઓ ત્રણે ય કાળમાં મોજુદ હોય છે. તે ભાવની આરાધનામાં જ્યારે મંદતા આવે છે, ત્યારે આત્માનું સુખ ઘટે છે. તે ભાવની આરાધનામાં વેગ આવે છે, ત્યારે આત્માનું સુખ વધે છે, પરંતુ ભાવદાતાર ભગવંતો તો પ્રવાહથી કાયમ હોય છે. જેમ જે ગામમાં દાતાર વસતાં હોય, ત્યાં દરિદ્રતા ન વસી શકે, તેમ જે જગતમાં આત્મભાવનાં પરમ દાતાર ભગવંતો વિદ્યમાન હોય, ત્યાંના જીવોને પરસ્પર સદ્ભાવનું દારિદ્ર્ય સ્વાભાવિકપણે જ ન હોય, પરંતુ દ્રવ્યદાનની આપ-લેની પ્રક્રિયા કરતાં ભાવદાનની આપ-લેની પ્રક્રિયા ઘણું ઊંચા પ્રકારની હોવાથી, ઊંચા પ્રકારના જીવનને વરેલાં આત્માઓને તેનો અધિક લાભ મળે છે.

જે વ્યક્તિઓ જીવનને ભાવદાનનો સુયોગ થાય, તે વ્યક્તિઓ પહોંચવા માટે જીવનમાં નીતિ, સદાચાર, સરળતા, સંતોષ, તપ, જપ, સ્વાધ્યાય, ક્ષમાદિ ગુણો હોવા જોઈએ. શ્વેત અને સુંવાળી સપાટીવાળો પદાર્થ સ્વાભાવિકપણે પોતામાં અધિક પ્રકાશને ઝીલી શકે છે, તેમ ઉક્ત ગુણયુક્ત જીવનમાં સ્વાભાવિકપણે જ

અધિક ભાવપ્રકાશ પ્રદેશો છે. સર્વ કલ્યાણકામ તે ભાવને ભજવાની સઘળી પવિત્ર શક્તિ શ્રી નમસ્કાર મહામંત્રની વિધિપૂર્વકની આરાધનાથી પ્રગટે છે, એટલે જગતના સર્વ જીવો સાથે જીવના ભાવસંબંધનું મૂળ શ્રી નવકાર છે. ઊંચી ભૂમિકાએ રહેલાંને જગતમાં પોતાના ઉપકારીઓ ઘણાં દેખાય. નીચી ભૂમિકાએ ગયાં પછી તે જ આત્માને જગતમાં પોતાના અપકારીઓ વધુ દેખાય. આત્માનું આત્મત્વ, જીવનું જીવત્વ એ જ આત્મભાવ છે. સમ્યગ્દૃષ્ટિને તે આત્મભાવ જેટલો વહાલો લાગે છે, તેટલું બીજું કશું વહાલું લાગતું નથી. જીવ પ્રત્યેના સર્વોત્તમ વાત્સલ્યનો સર્વોચ્ચ આદર્શ શ્રી જિનેશ્વર ભગવંતો પૂરો પાડે છે.

સ્વના ઉત્કૃષ્ટ હિતમાં સહાયક એવા જગતના પ્રાણીઓને ગૌણ કરવાથી વધુમાં વધુ અહિત 'સ્વ'નું થાય છે. સકલ જીવલોકના સર્વોચ્ચ હિતની ચિંતા પાછળ પસાર થતી એક એક ક્ષણનું મૂલ્ય સેંકડો કલ્પવૃક્ષોના એક-સામટા મૂલ્ય કરતાં અસંખ્યાતગણું અધિક હોય છે. અરિહંતો આત્મભાવનાં શત્રુઓને હણનારા છે, તેથી પ્રથમ પદે પૂજનીય છે. આત્મભાવનાં શત્રુ કષાયો તથા વિષયો છે.

આત્મામાં રહેલા પર પ્રત્યેની શત્રુતાનો નાશ,
એનું જ નામ 'અરિભાવનો નાશ' છે.
શત્રુતાનો નાશ થવાથી મિત્રતા પ્રગટે છે અથવા મિત્રતા
પ્રગટવાથી શત્રુતાનો નાશ થાય છે. સકલ જગત પ્રત્યે
મિત્રતા પ્રગટાવવાનો અભ્યાસ સહજ અને સરલ બને,
એ માટે જ 'નમો અરિહંતાણં ।'નો જાપ છે.
તેથી 'નમો અરિહંતાણં ।' જપનાર જગતનો
મિત્ર બનવાનો ઉમેદવાર છે તથા એ ઉમેદવારી તો જ
સફળ થાય, જો સર્વ જીવ પ્રત્યે આત્મભાવ,
બ્રહ્મભાવ, અભેદભાવની સાધનાનું લક્ષ્ય રહે.
સ્વની મહાનતા થવામાં સહાયક તે 'પર.' આત્માને જે
દેહભાવથી, મમત્વભાવથી પર બનવામાં સહજ નિમિત્તો
પુરાં પાડે તે 'પર'. પર શબ્દનો 'પરાયો' એવો સ્થૂલ અર્થ
ન લેતાં ઉત્કૃષ્ટ અર્થ લેવો. પરચિંતા એટલે ઉત્કૃષ્ટની
ચિંતા. સ્વ શિવમયનું વિશ્વ વિશાળ છે, ઉચ્ચ છે, સહાયક
છે, ઉપકારી છે, માટે ઉત્કૃષ્ટ છે. મોક્ષપુરૂષાર્થમાં પ્રેરક
એવા 'પર'ને પૂરો ભાવ આપનારો સત્ત્વસંપન્ન આત્મા
'સ્વ'નો સર્વશ્રેષ્ઠ મિત્ર ગણાય છે. પરના પરમ મિત્રને
પરમાત્મા કહેવાય. સ્વના કોરા પૂજારીને સર્વદ્રોહી કહેવાય.

જગતના સર્વ જીવોના હિતના પરમચિન્તક સદા શ્રી અરિહંત પરમાત્માના દાસનો પરહિતચિંતા એ પ્રધાન ગુણ ગણાય. એ ગુણ બરાબર ખીલે અરિહંત પરમેષ્ઠિ ભગવંતો જગતના સર્વ જીવો ઉપર કઈ રીતે અને શા માટે સતત ઉપકાર કરી રહ્યાં છે, તે બરાબર હૃદયગત થાય. ઊંચામાં ઊંચું પુણ્ય ઊંચામાં ઊંચા ભાવપૂર્વકની ક્રિયા કરવાથી બંધાય છે. પરમપદને ભાવ આપવા માટે દેવ અને ગુરુની ઊંચા ભાવપૂર્વકની ભક્તિ જોઈએ, આથી પરહિતનો ભાવ તેટલો જ આવશ્યક છે. શ્રી નવકાર એ ભાવજોડાણનું અનન્યતમ માધ્યમ છે. આત્મદ્રવ્ય કરતાં અધિક ભાવ તેના પર્યાયને આપવાથી અસમાન આત્મ-દૃષ્ટિને વધુ પોષણ મળે છે. પર્યાયના ભેદ-પ્રકાર ઘણાં જ હોવાથી બધે એકસરખો ભાવ રહી શકતો નથી. સારા પર્યાયને અધિક ભાવ આપવાની તેમ જ સામાન્ય પર્યાયને તુચ્છ કરી નાંખવાની વૃત્તિ જીવને સહેજમાં થઈ જાય છે. સુવર્ણ માટેના ગાઢ રાગના કારણે સોનાનાં સામાન્ય અલંકાર પ્રત્યે પણ સાંસારિક જીવને રાગ રહે છે, તેમ આત્મદૃષ્ટિવાળા જીવને જીવ પ્રત્યેનો સદ્ભાવ તેના ગમે તેવા પર્યાય પ્રત્યેના દુર્ભાવથી પર રાખે છે. શ્રી અરિહંત

પરમાત્માની સાચા હૃદયની ભક્તિથી આત્મદૃષ્ટિ ખીલે છે. આત્મદૃષ્ટિને શ્રી અરિહંતદૃષ્ટિ પણ કહી શકાય, કારણ કે ઊંચામાં ઊંચી આત્મદૃષ્ટિ શ્રી અરિહંત પરમાત્માને હોય છે.

જેમ ઊંચા તેઓશ્રીની આત્મદૃષ્ટિ હોય છે, તેવો જ સર્વોચ્ચ તેઓશ્રીનો આત્મભાવ હોય છે. જીવતત્ત્વ પ્રત્યેના ભાવ સિવાયનો મોહતત્ત્વ પ્રત્યેનો ભાવ મોટે ભાગે આત્માને છેતરનારો નિવડે છે, એ હકીકત મોહાર્દ્ર માત્રના હૈયામાં સદા ય હકીકતરૂપે રહેવી જોઈએ. પાયા વગરની ઈમારત લાંબો કાળ ટકતી નથી, તેમ જીવતત્ત્વ પ્રત્યેના શુભભાવ સિવાયનો મોહતત્ત્વ પ્રત્યેનો ભાવ જીવનમાં સ્થિર બની શકતો નથી. જીવના શ્રેયને અપાતો ભાવ સર્વ શ્રેયસ્કર ધર્મમહાસત્તાની કાર્યક્ષમતામાં વેગ આણે છે. જીવના શ્રેયને અપાતો શુભભાવ, શુભભાવના પરમદાતાર શ્રી અરિહંત પરમાત્માના ભાવને અધિક પાત્ર બનવાની ક્ષમતા જીવને પ્રદાન કરે છે. જીવના શ્રેયને અપાતો શુભભાવ, તે ભાવના દાતારને રોજ-રોજ ઊંચા, પવિત્ર અને ત્યાગમય જીવનનો સુયોગ કરાવે છે. જીવના શ્રેયને અપાતો શુભભાવ જીવ-જીવ વચ્ચેના અંતરને ઓછું કરે છે, અંતરાયોની શક્તિને ઓછી કરે છે, જીવમાં પોતાપણાંનું

દર્શન કરવાથી તેના કલ્યાણને ભાવ આપવાની સ્વાભાવિક વૃત્તિ જીવનમાં જાગ્રત થાય છે. સર્વમાં પોતાપણાંની આ ભાવના ભાવવામાં જે આત્મા જેટલી કંજુસાઈ કરે છે, તેટલાં પ્રમાણમાં તેનો આત્મભાવ ઢંકાયેલો રહે છે. જીવ સ્વભાવે જીવમાત્રનો પરમ - નિષ્કામ મિત્ર છે. તેનો તે સ્વભાવ કર્મો અને કષાયોના પ્રભાવને લીધે મોટે ભાગે અપ્રગટ રહે છે, એટલે જીવ-જીવ વચ્ચેના સ્નેહાકર્ષણની બરાબર વચ્ચે કર્મ-કષાયાદિનો ઘોર મહાસંગ્રામ સતતપણે ચાલે છે. તેથી આત્મભાવનાં ભાવશત્રુઓને પરાસ્ત કરવા ઉપર શાસ્ત્રકાર ભગવંતોએ ખાસ ભાર મૂક્યો છે.

શ્રી નવકારનું પ્રથમ પદ આત્મભાવનાં ભાવશત્રુઓને હણનારા શ્રી અરિહંત પરમાત્માના અરિહંત ભાવને શરણે જવાનો આપણને સહુને બોધ આપે છે.

અરિહંતભાવની આરાધના વિના જીવે જુદા - જુદા ભવને વિષે, જે તે જીવો પ્રત્યે દર્શાવેલો શત્રુભાવ સર્વથા નિર્મૂળ થઈ શકતો નથી, તેમ જ તેના હૈયામાં આત્મભાવનું આછોબિંદુ પણ ટપકી શકતું નથી. આત્મ-ભાવની લહેરનો જે પુણ્યશાળી આત્માને એકવાર પણ સ્પર્શ થાય છે, તેને તેના ભોગે સાંપડતાં સ્વર્ગાદિ

ઉલટો પણ કરવા જેવું લાગે છે. શુભ ભાવના પ્રણિધાનની જે સર્વોત્તમ અનુકૂળતા મહામંત્ર નવકાર પૂરી પાડે છે, તેના અનુભવે નમ્રપણે કબૂલ કરી શકાય કે રવિતેજ સામે ઝાકળ ન ટકી શકે, તેમ શ્રી નવકારના એકનિષ્ઠ આરાધકના આત્મભાવ સામે અહંભાવ અને અશુભ ધ્યાનને પોષક કર્મના અણુઓ ન ટકી શકે. પોતાના જ ધ્યાનમાં રોકાવાની જીવને અનાદિ-કાળથી વળગેલી લાલસા તેને પરહિતચિંતાથી દૂર રાખે છે.

નિષ્કારણ કરુણાસિંધુ શ્રી અરિહંત પરમાત્માની કરુણાના પ્રણિધાનના પ્રભાવે તે ધ્યાન જેમ જેમ નાનું થતું જાય છે, તેમ તેમ આત્મભાવ અજવાળ આવતો જાય છે. તે પછી પાપકર્મો અને કષાયોનું જોર ઘટતું જાય છે. તે ઘટે એટલે જીવનમાં ચાંદની રાતની જેમ સમરસતા ફેલાય છે. તે સમરસતામાં જીવમાત્રના કલ્યાણની ભાવનાનાં મૃદુ સૂર સ્વાભાવિકપણે ગુંજતા રહે છે. આત્માને વળગેલો 'હું' તેના ભવભ્રમણનું કારણ છે. સર્વ જીવોના હિતને ભાવ આપવાથી આપણા આત્મા ઉપરની 'હું'ની પકડ ઢીલી પડવા માંડે છે. 'હું'ની પકડ ઢીલી બને એટલે વિચાર પ્રભુમુખી બને.

પ્રભુમુખી વિચારમાં સ્વાભાવિકપણે સર્વ શ્રેયસ્કર આત્મભાવ હોય છે. આત્મભાવના સતત સમર્પણ સિવાય પરમાત્મભાવની પાત્રતા પ્રકટી શકતી નથી. ત્રિભુવનપતિ અરિહંત પરમાત્માની સર્વકલ્યાણકામયી ભાવનાની એકનિષ્ઠાપૂર્વકની આરાધના વડે પરમાત્મભાવના સર્વોચ્ચ શિખરે પહોંચવાના સહુના સૌ મનોરથ વહેલાં વહેલાં ફળો.

શ્રાવણ વદ ૧૩

પ્રભુની આજ્ઞાની આરાધના એટલે પ્રભુના વચનની આરાધના, પ્રભુના વિચારની આરાધના, પ્રભુના વર્તનની આરાધના. પ્રભુના વચન, વિચાર અને વર્તનની આરાધના એ જ પ્રભુની આજ્ઞાની આરાધના.

આજ્ઞા = વચન, વિચાર, વર્તનની સમગ્રતાનો સરવાળો. જે આજ્ઞાનો આરાધક હોય, તે વચનનો - વિચારનો અને વર્તનનો આરાધક હોય જ. વચન, વિચાર કે વર્તનથી છૂટી પડેલા આજ્ઞા આજ્ઞારૂપે રહેતી જ નથી. 'आ, समंतात् ज्ञायते अनया इति आज्ञा ।' જે વડે પ્રભુનું વચન, વર્તન અને પ્રભુનો વિચાર સમગ્રપણે જાણી શકાય, તેનું નામ 'આજ્ઞા'. આજ્ઞાના નામે પ્રભુના વચનની, વિચારની કે વર્તનની ઉપેક્ષા થાય, તો આજ્ઞા

એક પ્રાણ વિનાનું કલેવર બની જાય. પ્રભુની આજ્ઞાનો પ્રાણ પ્રભુનું સમગ્ર વચન છે, પ્રભુના સમગ્ર વિચાર છે, પ્રભુનું સમગ્ર વર્તન છે. જેઓ પ્રભુના વિચાર કે વર્તનને અપનાવવા તૈયાર નથી, તેઓ પ્રભુના વચનને કે તે વચનની પ્રાણરૂપ આજ્ઞાને અપનાવનારા કેમ જ ગણાય?

પ્રભુનું વર્તન સમગ્ર વિશ્વને,
એકેન્દ્રિય પર્યંતના જીવને હિતકારી છે.
પ્રભુનો વિચાર નિગોદ પર્યંત,
અભવ્યના જીવ પર્યંત સર્વને હિત કરવાનો છે.

'સર્વ જીવોને હિત થાઓ' તેવો વિચાર અને તેવું વર્તન કરવા માટે પ્રભુનું વચન છે. 'સર્વ જીવોને હિત થાઓ' તેવું જ વચન, તેવો જ વિચાર અને તેવું જ વર્તન કરવા માટે પ્રભુની આજ્ઞા છે. 'ઇતિ શાસ્ત્ર।'

ક્લેશવાસિત મન તે સંસાર, ક્લેશરહિત મન તે ભવપાર.
મનમાં अहं એ સંસાર છે, મનમાં अर्हं એ મોક્ષ છે.
'अहं' સ્વાર્થભાવરૂપ છે, 'अर्हं' સર્વાર્થભાવરૂપ છે.
'अहं' એકાત્મભાવ છે, 'अर्हं' સર્વાત્મભાવ છે.
એકાત્મભાવ એકમાં સર્વની કલ્પના કરાવે છે,
સર્વાત્મભાવ સર્વમાં એકનું વિસર્જન કરાવે છે.

એકનો વિચાર મનમાં ક્લેશ જન્માવે છે, જ્યારે
સર્વનો વિચાર સર્વ ક્લેશોને શમાવે છે.

ભાવધર્મનું લક્ષણ

रत्नत्रये विशेषेण भक्तिस्तत्कार्यकर्म च ।
शुभैक चिन्ता संसारजुगुप्सा भावना भवेत् ॥
- त्रिषष्टि, प्रथम पर्व, श्लोक - २००

સુકૃતાનુમોદના = આજ્ઞાપાલન.
દુષ્કૃતગર્હા = સર્વના શુભની ચિંતા,
સ્વાર્થની નિંદા અને સંસારની જુગુપ્સા.
ચતુઃશરણગમન = પરમેષ્ઠિ ભક્તિ.

આત્મભાવનું પ્રણિધાન

આત્મા એ જ સર્વોત્તમ વસ્તુ છે, પછી તે પોતાનો હોય કે બીજાનો. સુવર્ણ સર્વને પ્રિય છે, પછી તેનો ઘાટ અને કોતરણી જાડી હોય કે ઝીણી, સુંદર હોય કે અસુંદર. જેમ ઘાટની કદરૂપતાના કારણે સોના પ્રત્યેનું આકર્ષણ ઘટતું નથી, તેમ ભિન્ન ભિન્ન પર્યાયોને અનુભવતાં ભવદ્રવ્યોનું દૃશ્ય દેખીને 'આત્મદ્રવ્યનું મૂલ્ય ઓછું થઈ જતું નથી. આત્મદ્રવ્ય એ સુવર્ણના સ્થાને છે.

ઘાટ ફરવાથી સોનું ફરતું નથી કે તેની કિંમત ઘટતી નથી.
કોઈપણ અવસ્થામાં રહેલો જીવ તેના જીવત્વના કારણે
તેટલો જ મૂલ્યવાન છે, જેટલો સિદ્ધ ભગવંતનો જીવ.
એ રીતે જીવતત્ત્વની ઓળખાણ થયાં પછી તેના પ્રત્યેનો
ભાવ કદી પણ ઓછો થતો નથી. અરિહંત પરમાત્માઓ
જીવદ્રવ્યનું મૂલ્યાંકન કરનારા હોવાથી તેમને સર્વ
જીવદ્રવ્યો સરખાં મૂલ્યવાળા, સરખાં માનને યોગ્ય લાગતાં
હતાં. એ દૃષ્ટિ પરમેષ્ઠિ નમસ્કારથી વિકસે છે. નમસ્કાર
સર્વ મંગલોમાં પ્રથમ મંગલ અર્થાત્ સર્વ પુણ્યોમાં પ્રથમ
પુણ્ય, સર્વ પવિત્ર અને નિર્મળ વસ્તુઓમાં પ્રથમ
પવિત્ર અને નિર્મળ, સર્વ પ્રશસ્તમાં પ્રધાન પ્રશસ્ત
સર્વ શિવ, શુભ, ભદ્ર અને કલ્યાણમાં ઉત્કૃષ્ટ શિવ,
ઉત્કૃષ્ટ શુભ, ઉત્કૃષ્ટ ભદ્ર અને ઉત્કૃષ્ટ કલ્યાણ તથા
સર્વ સુખોમાં શ્રેષ્ઠ સુખસ્વરૂપ છે.

o નિરુક્ત = નિશ્ચિત રૂપ. અનિર્દિષ્ટ વસ્તુનો નામાદિ
દ્વારા નિર્દેશ કરાવે, શબ્દ દ્વારા અર્થનો નિશ્ચિત બોધ
કરાવે, અનભિમત અર્થનો ત્યાગ અને અભિમત અર્થનો
સ્વીકાર કરાવે, તે નિરુક્ત. મલને ગાળે તે મંગલ. વિનાશ
કરે, બાળે, હણે, શુદ્ધ કરે, વિધ્વંસ કરે, તે મંગલ.

ભાવમલમાં મલ - અજ્ઞાન, અદર્શન છે. મલ બે બાહ્ય-અભ્યંતર છે. મિથ્યાત્વ અને અજ્ઞાનના પરિણામો તે ભાવમલ છે. મંગ એટલે સુખ. સુખને લાવે તે મંગલ. પાપને ભવને ગાળે તે મંગલ. કર્મને ગાળે તે મંગલ. 'મલં ગાલયતીતિ મંગલં ।' નિરુક્તિ - વ્યુત્પત્તિ અર્થ:

જેનાથી કર્તાને કાર્યસિદ્ધિ થાય, તે મંગલ.

અનુયોગ = અનુકૂલ વ્યાખ્યાન.

પૂર્વાપર અવિરુદ્ધ વિવેચન સૂત્રનો અર્થની સાથે સંબંધ જોડવો, તે અનુયોગ.

અણુ વડે મહત્ જાણવું, તે અણુયોગ.

'विघ्नाः प्रणश्यन्ति भयं न जातु,
न दुष्टदेवाः परिलंघयन्ति ।
अर्थान् यथेष्टांश्च सदा लभन्ते,
जिनोत्तमानां परिकीर्तनेन ॥१॥
आदौ मध्यावसाने च
मंगलं भाषितं बुधैः ।
तज्जिनेन्द्रगुणस्तोत्रं
तदविघ्नप्रसिद्धये ॥२॥

— ષટ્ખંડાગમ (परिशिष्ट-२६)

અર્હં

અરિ = મોહ. તેને હણનારા = અરિહંત. સર્વ દુઃખો - કર્મોનું નિમિત્ત મોહકર્મ છે. નારક, તિર્યંચ, કુદેવ, કુમનુષ્યનાં દુઃખોનું કારણ અને જ્ઞાનાવરણાદિ અન્ય કર્મોનું કારણ કેવળ મોહ છે. અન્ય કર્મો જન્મ-મરણનું કારણ નહિ. જન્મમરણાદિની પરંપરાનું પ્રધાન નિમિત્ત મોહકર્મ છે.

## સાચા સાધુ કેવા હોય ?

સીહ ગય વસહ મિય
પસુ મારુદ સૂરુવહિ મંદરિંદુમણી
ખિદિ ઉરગંબર સરિસા
પરમપયવિમગ્ગયા સાહૂ ॥

અર્થ: સિંહ સમાન પરાક્રમી, હાથી સમાન ઉન્નત,
વૃષભ સમાન ભદ્રપ્રકૃતિ, મૃગ સમાન સરલ,
પશુ સમાન નિરીહગોચરી કરનારા, પવન સમાન નિઃસંગ,
સૂર્ય સમાન તેજસ્વી, ઉદધિ સમાન ગંભીર,
મેરુ સમાન પરિષહાદિમાં ધીર, ચંદ્ર સમાન શાંતિદાયક,
મણિ સમાન પ્રભાયુક્ત, પૃથ્વી સમાન સહનશીલ,
સર્પ સમાન અનિયત આશ્રય,
આકાશ સમાન નિરાલંબ - નિર્લેપ અને
પરમપદનું અન્વેષણ કરનારાં 'સાધુ' હોય છે.

अर्हं

## પ્રભુ નામસ્મરણથી પ્રાપ્ત થતાં દસવિધ સુખ

દસવિહે સોક્ખે પણ્ણત્તે । તં જહા
આરોગ્ગ દીહમાઉં અઢ્ઢેજ્જ કામભોગસંતોસે ।
અત્થિ સુહ-ભોગ નિક્ખમેવ તત્તો અણાબાહે ॥

અર્થાત્: (૧) આરોગ્ય
(૨) દીર્ઘ આયુષ્ય
(3) આઢ્યત્વ = ઘણું ધન
(૪) કામ = શબ્દ - રૂપ
(૫) ભોગ = ગંધ, રસ, સ્પર્શ
(૬) સંતોષ = તૃપ્તિ
(૭) અસ્તિ = જે વસ્તુની જરૂર હોય, તેની પ્રાપ્તિ
(૮) સુખભોગ = અનિન્દિત વિષયભોગ
(૯) નિષ્ક્રમણ = દીક્ષા, સંયમની ઈચ્છા
(૧૦) અનાબાધા = મુક્તિ.

સંકીર્તનં નામ ભગવદ્ ગુણ -
કાર્ય - નામ્નાં સ્વરમુચ્ચારણમ્ । (પરિશિષ્ટ-૨૭)

નામસંકીર્તનં યસ્ય સર્વ પાપ પ્રણાશનમ્ ।
પ્રણામો દુઃખશમન-સ્તં નમામિ હરિં પરમ્ ॥
(પરિશિષ્ટ-૨૮)

अर्हं

ખેડા, ભાદરવા સુદી - ૯, ૨૦૭૫

ઉપસર્ગહર નામમંત્ર

नमो सव्व दुक्खप्पसंतीण अजियसंतीणं ।

મંગલકર નામમંત્ર

नमो सव्व पावप्पसंतीण अजियसंतीणं ।

સૌભાગ્યકર નામમંત્ર

नमो अजियसंतीण अजियसंतीणं ।

ભક્તિરસ એ ઉપસર્ગહર છે,
શાંતરસ એ રોગહર છે, અદ્ભુતરસ એ પાપહર,
શૃંગારરસ એ જયકર અને વીરરસ એ શાંતિકર છે.

भाविज्ज अवत्थतियं पिंडत्थ - पयत्थ - रूवरहियत्तं ।
छउमत्थ - केवलित्तं सिद्धत्तं चेव तस्सत्थो ॥ (परिशिष्ट-२९)

પિંડસ્થ એટલે છદ્મસ્થતા, પદસ્થ એટલે કેવલિત્વ અને
રૂપરહિતતા એટલે સિદ્ધત્વ.

રાજરાજેશ્વરની ભાવના: સંયમ એટલે દયા, કરૂણા, યતના.

૦ બૌદ્ધ સંપ્રદાયમાં ૪ પ્રકારના ધ્યાન વર્ણવ્યાં છે:

(૧) પંચકામ ગુણથી રહિત થનારને પહેલું ધ્યાન.
(૨) વિતર્ક અને વિચારોને શાંત કરનારને બીજું ધ્યાન.
(3) પ્રીતિરહિત થનારને ત્રીજું ધ્યાન પ્રાપ્ત થાય છે.

(૪) સુખ - દુઃખનો પરિત્યાગ કરનારને
એવું ધ્યાન પ્રાપ્ત થાય છે. ત્યારબાદ ક્રમશઃ ૪ પ્રકારે
નિમ્નલિખિત આયતન પ્રાપ્ત કરનાર નિર્વાણ પામે છે:
(૧) આકાશાનન્ત્યાયતન (૨) વિજ્ઞાનાનન્ત્યાયતન
(૩) આકિંચિન્યાયતન (૪) નૈવ સંજ્ઞાનાસંજ્ઞાયતન.

0 त्रयमेकत्र संयमः । तज्जयात् प्रज्ञालोकः ।
પાતંજલ યોગસૂત્રના આ જયથી જ્ઞાનનો પ્રકાશ થાય છે.

0 આ વિશ્વ પોતે જ અરિહંત છે.
તેનો પ્રત્યેક પદાર્થ ઉપકાર દૃષ્ટિએ અરિહંત છે.
આ વિશ્વના પ્રત્યેક પરમાણું વગેરે પણ
આપણા ઉપર અનાદિકાળથી ઉપકાર કરી રહ્યાં છે,
કરતાં આવ્યાં છે અને કરતાં રહેશે. આ ઉપકાર એ જ
પરમાત્માનું સ્વરૂપ છે. ઉપકાર કરવો એ જ એક તે
પરમાત્માનો મહાગુણ છે. એ ઉપકારને ઝીલવો તે આપણું
કર્તવ્ય છે, તે જ શરણ છે, તે જ સમર્પણ છે અને તે
જ મહાન વિવેક છે. ઉપકારીના ઉપકારને સ્વીકારવો,
તે જ વિવેક છે. એના બળે જ વિનયાદિ ગુણો વિકસે છે.

'હું ઉપકાર્ય છું, વિશ્વ ઉપકારક છે.'

અરિહંતની એ ભાવના જ વિશ્વને ઉપકારક બનાવે છે.

अर्हं

જીવનમાં અહિંસા, વિચારોમાં અનેકાન્ત,
ભાવનામાં રાગ-દ્વેષરહિતતા, સર્વ પ્રત્યે સમદર્શિતા,
વ્યવહારમાં નીતિમત્તા અને ન્યાયબુદ્ધિ, એ છે જૈનત્વ.

સંસાર ન તો સારભૂત છે, ન અસારભૂત.
સંસાર એ તો સંસાર જ છે. એને સાર કે અસાર બનાવનાર માનવ પોતે છે. એ તો ઘઉંના ઘેબર અને ઘઉંની ઘેંસ બેયનો ઘાટ છે. જ્યારે સમુદ્રમાંથી દેવોએ અમૃત શોધ્યું અને મરજીવા મોતી શોધે છે, તેમ ધર્મરૂપી મંથન વડે જીવનશુદ્ધિરૂપી અમૃત મળે છે. નિંદા કરવામાત્રથી અળખામણી, અણગમતી, અણછાજતી વસ્તુ કદી દૂર થતી નથી. સંસાર છે, હતો અને રહેવાનો. તો પછી એની નિંદા કરીને શા માટે રાચવું? શા માટે સંતુષ્ટ થવું? શા માટે છેતરાવું? સંસારને સમજવો, એના સારાસારનો વિવેક કરવો, એનો લાભ કેવી રીતે મેળવી શકાય એ ઉપાયનું શોધન કરવું, એ જ સંસારમાંથી સાર નિપજાવવાનો માર્ગ છે. આવડત હોય તો અસારભૂત ગણાતાં સંસારમાંથી અપૂર્વ સાર પેદા કરી શકાય. આવડત ન હોય તો અતિસારના દર્દીને ઘી ઘાતક બની જાય, તેમ એને સારભૂત ગણાતો સંસાર દુઃખ-શોક-સંતાપ-ક્લેશ અને દ્વેષનો

જલ્દી બની જાય. સંસારને અસાર કહ્યો, તે એની આસક્તિમાંથી ઉગરી જવા માટે. બાળક ગળપણના વધારે પડતાં વાદમાંથી ઉગરી જાય, એ માટે ગળપણની ટલકાઈનું ગાન કરવામાં આવે છે, તેના જેમ પોતાના દોષોની વિનમ્રતાપૂર્વક ક્ષમા માગીને અને બીજાના દોષોની ઉદારતાપૂર્વક ક્ષમા આપીને અંતરમાં ધર્મપાલનની ભક્તિ પર્વાધિરાજની આરાધનાથી કરી શકાય છે.

મુખની અંદર જે ચીજ જાય છે, તેનું એટલું મહત્ત્વ નથી,
જેટલું મુખમાંથી બહાર નીકળનાર વસ્તુનું.

આહારશુદ્ધિની અપેક્ષાએ વાણીની પવિત્રતા વધુ જરૂરી છે, એવું ઈશુનું મંતવ્ય છે, તો પણ આહારશુદ્ધિની વાત પોતાને સ્થાને મહત્ત્વપૂર્ણ અને અનિવાર્ય છે.

0 વાક્છલ દ્વારા વ્યુત્પત્તિ થાય છે.

અક્ષરચિંતન દ્વારા નિરુક્તિ - પદભંજન થાય છે.

મો = મોહ, ક્ષ = ક્ષય. મોહનો ક્ષય તે મોક્ષ (નિરુક્તિ અર્થ).

સત્ત્વશુદ્ધિ = બુદ્ધિશુદ્ધિ, ચિત્તશુદ્ધિ, અંતઃશુદ્ધિ.

आहार शुद्धौ सत्त्व शुद्धिः । (પરિશિષ્ટ-૩૦)

સાત્વિક આહાર તથા સાત્વિક પદ્ધતિથી મેળવેલો આહાર.

Locust = તીડ અથવા એક જાતના વૃક્ષનું ફળ.

हिंसया दूयते चित्तं स हिंदुः । (परिशिष्ट-३१)

ઈશ્વરે - દુનિયામાં કેવળ 'હું' જ છું. સર્વમાં વ્યાપેલો એક જ આત્મા છે. આત્માની જેટલી શુદ્ધિ, તેટલી ચિત્તની અને ચિત્તની જેટલી શુદ્ધિ, તેટલી આત્માની.

સૌમનસ્યં સુમનસો ભાવઃ મનઃ પ્રસાદઃ । (परिशिष्ट-३२)

મન પ્રસન્ન છે, કે નહીં તેના અંતર્ગત શું છે, તે સ્પષ્ટપણે જોઈ શકાય છે. મન બહુ નિર્મળ અને સ્વચ્છ હોય, ત્યારે પ્રસન્ન ગણાય છે. જ્યારે મનુષ્ય જાતનિષ્ઠ બને છે, ત્યારે પ્રસન્ન થાય છે, આંતરિક સમાધાન રહે છે.

પોતાને માટે દરેકને તેના મનમાં
આદરભાવ હોય છે, તો જ તે બની શકે છે.

ઉત્તમ ફૂલોમાંયે ફેંકી દેવાની વસ્તુઓ પડી છે, પરન્તુ દોષ બહુ ગુણના બચાવ માટે હોય છે. જ્યાં દીપક, ત્યાં છાયા હોય જ. જ્યાં વ્યક્તિત્વ છે, ત્યાં અહંકાર આવે છે. જ્યાં દૃઢ નિશ્ચય છે, ત્યાં હઠીલાપણું આવે છે. ગુણ-દોષ વગરનો કોઈ પુરુષ સંભવી શકતો જ નથી. સદા માણસ અવ્યક્ત જ હોય. આટલું સમજશો તો પ્રત્યેક મનુષ્ય આદરણીય બની જાય. સૌમનસ્ય = ચિત્તપ્રસન્નતા, મિલનસારપણું અને બીજાઓ પ્રત્યેનો આદર.

અનાજની ઉપર છાલનું હોય છે, તે તેના બચાવ માટે.
ભલે ખાવા વખતે તેને દૂર કરવું પડતું હોય,
પરન્તુ ખાવાલાયક વસ્તુનું સંરક્ષણ પણ જરૂરી જ છે.

o ખરી તાણાતાણ દિલ - દિમાગ વચ્ચે હોય છે.
દિલ સંકુલ રહી ગયું - દિમાગ વિશાળ બની ગયું.
તે બન્ને વચ્ચે યોગ - સમત્વ, એનું જ નામ 'સમાધાન'.
મનુષ્યને ઈશ્વરની કોઈ મોટામાં મોટી દેન હોય,
તો તે કરૂણાયુક્ત દિલ, સહાનુભૂતિવાળું હૃદય.
તેને લીધે જ મનુષ્ય માનવ છે, ભગવાનની પ્રતિમા છે.
વેદાંત કહે છે: અલ્પસંતુષ્ટ નહિ પણ આત્મસંતુષ્ટ બનો.
આત્મા તો પરમવ્યાપક છે. સુખ અલ્પમાં નહિ પણ
વિપુલમાં છે. સ્થૂલ અસંતોષનું રૂપ ગમે તે હો, પરંતુ તેનું
આંતરિક રૂપ એક જ હશે કે દિમાગ મોટું અને દિલ નાનું.
કામમાંથી ક્રોધ - ક્રોધમાંથી સંમોહ જન્મે છે. જો વાયુમાંથી
પાણી - પાણીમાંથી બરફ બને છે. જે ઝઘડા છે, તે પરસ્પરના
હિત વચ્ચેના નહિ, દિલ અને દિમાગ વચ્ચેના જ છે.
હવે સ્થિતપ્રજ્ઞતા, નિર્ણયશક્તિ, ભાવની ભૂખ
વ્યાપક થઈ ગઈ છે. સતત સંવેદનશીલતા,
પ્રતિક્ષણ સંવેદના વધતી જાય છે.

વિશ્વમાનવ બનીને કાર્ય કરવાનો સમય આવ્યો છે.
દુનિયાની આજે ગુણની ભૂખ તે સમત્વ - સામ્યગુણ છે.
તેને લાવવાનો ઉપાય સામ્યગુણનો મત્સર નહિ, નહિ
તો સમગ્ર સમાજ મત્સરગ્રસ્ત બની જશે, શાંતિ અને
સમાધાનને નષ્ટ કરશે, કોઈને પણ સુખ કે સંતોષ થશે
નહિ. મત્સરની પ્રતિક્રિયાથી આવતું સામ્ય બેકાર - કરૂણાની
પ્રતિક્રિયાથી આવતું સામ્ય જ ટકાઉ હશે. પાણીની જેમ મનુષ્ય
નીચાણ તરફ વહેવાનો પ્રયત્ન કરશે, કરૂણાથી પ્રેરિત થઈ
પોતાથી વધુ દુઃખીની ખોજમાં દોડતો જશે, ત્યારે સમાજમાં
સાચું સામ્ય આવશે. કરૂણાપ્રેરિત સામ્ય શાશ્વત બનશે.
એ મોટું દિલ થવાથી જ આવી શકશે. કરૂણાનો અર્થ
કાંઈને કાંઈ કરવાની પ્રેરણા, ખાલી દયા નહીં.
'દયા' કરતાં 'કરૂણા' શબ્દ વધુ બુલંદ છે.
વિજ્ઞાન અને વેદાંત - બંને કહી રહ્યાં છે કે:
'હું અને મારું છોડો. આપણે અને આપણું કરો.
તે સિવાય માનસિક શાંતિ નહિ મળે કે આધ્યાત્મિક
ઉન્નતિ નહિ થાય. યુગ એવો આવી રહ્યો છે કે
જેમાં ગામ એક પરિવાર બનશે, દેશ પ્રાન્ત બનશે અને
આખી યે દુનિયા એક દેશ બનશે.'

મત્સર એ મનુષ્યની મોટામાં મોટી કમજોરી છે.
એ નબળાઈ મોટા - મોટા મહાપુરુષોમાંયે રહેલ છે.
આપણી તાકાત ભલેને નગણ્ય હો, પરંતુ જો આપણું
મિશન વિશ્વવ્યાપક છે, તેના આપણે વાહક હોઈએ, તો
આપણે જરૂર આગળ વધી શકીશું. આપણા શરીરમાં
૯૮ અંશ ઉષ્ણતા છે, સૂર્યના બિંબમાં હજારો અંશ.

ઘડિયાળનું કયું યંત્ર મહત્ત્વનું છે અને
કયું નાનું છે, તે કહી શકાતું નથી.
એક નાનકડું યંત્ર પણ તૂટી જાય,
તો ઘડિયાળ બંધ પડી જાય.
એ સ્થિતિ સારાયે વિશ્વની છે.
વિજ્ઞાને અધ્યાત્મને અનિવાર્ય બનાવી દીધું છે.
વિજ્ઞાનને આજે આશંકા થવા માંડી છે કે
સર્વત્ર એક ચૈતન્યશક્તિ વિદ્યમાન છે. દુનિયાને
આજે ગતિવર્ધક યંત્રની સાથે ગતિનિયંત્રક યંત્ર અને
દિશાસૂચક યંત્રની પણ આવશ્યકતા ઊભી થઈ છે.

Steering wheel and brake are
unavoidable to motor engines,
but not to carts.

અર્હં

સઘળા ભાવનું મૂળ કારણ છે ભાવનો ભાવ.

ભાવમાં અહિંસાના અમી હોય, સત્યનાં તેજ હોય છે, શીલની સુવાસ હોય છે, ત્યાગની ઉર્મી હોય છે, આત્મ-ગુણનું ઊંડું મધુર હૃદયસ્પર્શી સંગીત હોય છે, ચરાચર વિશ્વને આત્મભાવનાં અંજન આંજવાની ક્ષમતા હોય છે. એવા ભાવનો મહાસાગર શ્રી નવકાર છે. એવા ભાવના સર્વોચ્ચ શિખરે શ્રી અરિહંત પરમાત્મા બિરાજમાન છે.

સઘળા શ્રેષ્ઠભાવોનું શ્રેષ્ઠતમત્વ જેનામાં સમાયેલું છે, તે માધ્યસ્થભાવની સાધના માટે મળેલો માનવનો ઉત્તમ ભવ મૈત્રી, પ્રમોદ અને કારુણ્ય વડે જ સાર્થક થાય. હિતચિંતા એ જ ખરું માધ્યસ્થ્ય છે. ગુણનું બહુમાન એ જ ખરું માધ્યસ્થ્ય છે. દુઃખિતદુઃખ પ્રતીકારેચ્છા એ જ ખરું માધ્યસ્થ્ય છે. મધ્યસ્થભાવની ટોચે પહોંચેલા સિદ્ધ પુરુષોની સહાયથી જ મૈત્રી, પ્રમોદ, કારુણ્ય વિકસે છે.

પોતાના પક્ષપાત જેવો જ

બીજા જીવોનો પક્ષપાત એ જ સાચું માધ્યસ્થ્ય છે.

નવકારની સાધના વડે સાધક જે પરમોચ્ચ આલંબનોનો સંપર્ક સાધે છે, તે આલંબનો સ્વરૂપની ઓળખ સહજ લાવી નિમિત્ત બની સાધકના આત્માની શુદ્ધિ કરે છે.

## નવકારના પ્રથમ પદની વિશેષતા

પ્રથમ પદમાં જે રીતે પાંચે પદોનો સંગ્રહ થઈ જાય છે, તેવી રીતે અન્ય એક પણ પદમાં બનતું નથી, એ પ્રથમ પદની વિશેષતા છે. તેના સાત અક્ષરો સાથે આત્માને તન્મય કરવામાં આવે તો અન્ય સર્વ મંત્રપદો અને તેના ઉત્તમ ભાવોની સાથે તાદાત્મ્ય સહેલાઈથી સાધી શકાય છે. બીજું એવું એકે ય પદ નહિ મળી શકે, જેમાં સર્વ મંત્રપદો અને તેની અર્થભાવનાઓનો સમુચ્ચય કરી શકાય. તેથી પ્રથમ પદની સાથે જેટલું તાદાત્મ્યતા વધારી શકાય, તેટલી વધારવા પ્રયત્નશીલ રહેવું, તે મુમુક્ષુમાત્રનું કર્તવ્ય છે. વિશ્વવિષયક વિષયવૈરાગ્ય, વૃત્તિવૈરાગ્ય, આત્મતત્ત્વરાગ, આત્મદ્રવ્યરાગ, વીતરાગતા, સર્વજ્ઞતા - સર્વદર્શિતા આદિ મેળવવા પ્રયત્ન કરવો, તે પણ મુમુક્ષુમાત્રનું કર્તવ્ય છે.

o જીવત્વ - અસંખ્યાતપ્રદેશી ચેતના એ જ જીવત્વ છે.
'અનાદિ કર્મસંતાન બદ્ધત્વ' એ સહજમળ છે.

o વિશ્વજનની, વિશ્વંભરા, જગદંબા -
એ દૂધ અને પાણીની જેમ સદૈવ મળીને રહે છે.

o

Ask God to help you...
and believe that He does.

o પ્રત્યેક કારણ એક બીજા કારણનું કાર્ય છે. આદિ કારણ તે છે કે જે બીજા કોઈનું કારણનું કાર્ય નથી.

o ન્યાયશાસ્ત્ર સત્ય - અસત્યનો ભેદ કરે છે.
સૌંદર્યશાસ્ત્ર સુરૂપતા - કુરૂપતાનો ભેદ કરે છે.
નીતિશાસ્ત્ર ભદ્ર - અભદ્રનાં ભેદ કરે છે.

સંવત્સરી, ભાદરવા સુદી ૪

નિયમને માટે નિયંતાની જરૂર છે તથા વ્યવસ્થાને માટે વ્યવસ્થાપકની જરૂર છે. ભાવ - મૂલ્યાંકન - વસ્તુ સારી કે નરસી, તે તેની પાછળ રહેલાં ભાવને સાપેક્ષ છે.

o જ્ઞાન એ દ્રવ્યાનુયોગ, ભાવ એ ગણિતાનુયોગ અને વર્તન એ ચરણકરણાનુયોગ છે.

o સત્યનું દર્શન કેવળ દાર્શનિક મનનથી પ્રાપ્ત થતું નથી, ઈશ્વરકૃપાનું ફળ છે. ઈશ્વરકૃપા કેવી રીતે મળે ? ત્યાં પણ બુદ્ધિ નહિ પણ કૃપા જ કારણ છે.

ભાદરવા સુદી ૫

## કૃતજ્ઞતા અને મૈત્રી

વ્યવહાર ધર્મનો પાયો કૃતજ્ઞતા છે. સર્વ આચારનું મૂળ વિનય છે. વિનયનું પ્રેરક તત્ત્વ કૃતજ્ઞતા છે. તીર્થંકરોનો ભાવવિનય કૃતજ્ઞતાગુણના વિકાસ ઉપર આધાર રાખે છે.

તીર્થંકર દેવોના ઋણ તળે સમગ્ર વિશ્વ આવેલું છે,
તેમાં મુખ્ય કારણ તેઓના આત્મદ્રવ્યનું વૈશિષ્ટ્ય છે.
ભૌતિક વિશ્વ ઉપર આર્હંત્યનો પ્રભાવ છે.
આર્હંત્યની ભક્તિથી જ ભૌતિક સમૃદ્ધિનું અસ્તિત્વ છે.
વ્યવહારધર્મનું મૂળ કૃતજ્ઞતાભાવ છે તથા નિશ્ચયધર્મનું
મૂળ મૈત્રીભાવ છે. કૃતજ્ઞતાભાવ તીર્થંકર પરમાત્માના
ઉપકારની કબૂલાત કરાવે છે. સર્વ જીવોના આત્મદ્રવ્યની
કિંમત એકસરખી છે, તેનો એકરાર મૈત્રીભાવ કરાવે છે.
સર્વ જીવનું જીવત્વ આત્મતુલ્ય છે, એમ જાણવા છતાં
તીર્થંકર દેવાધિદેવનું આત્મદ્રવ્ય સર્વાધિક છે, એમ જો ન
જાણવામાં આવે, તો એ મુક્તિના દ્વાર ખુલ્લાં થતાં નથી.

'अर्हन्तं सर्व सत्वेषु गुरुषु न कदाचन ।'

સર્વ સાથેનો સમાનતા ભાવ ઉપકારક છે, ગુરુ સાથેનો
સમાનભાવ અપકારક છે, તો પછી પરમગુરુ, આદ્યગુરુ,
વિશ્વગુરુ, તીર્થંકર દેવાધિદેવ પરમાત્મા સાથે અદ્વૈત-
ભાવ કેટલો ઘાતક બને ? તેમના ઉપકારનો અપલાપ
કરનારો અને કૃતઘ્નતારૂપી મહાપાપને પુષ્ટ કરનારો થાય?
આ વ્યવહારનો સિદ્ધાંત છે.
વ્યવહારમાં અવિનિષ્ણાત નિશ્ચયધર્મનો અધિકારી નથી?

તીર્થંકર પરમાત્માઓની સર્વાધિકતા અને સર્વોપકારકતા હૃદયભૂમિમાં જ્યાં સુધી સ્થિર ન થાય, દૃઢપણે ન સ્થપાય, ત્યાં સુધી સર્વ આત્માઓ આત્મતુલ્ય છે કે સ્વઆત્મા પરમાત્મતુલ્ય છે, એ નિશ્ચયનું તત્ત્વજ્ઞાન ગુણકારક થતું નથી, દોષની વૃદ્ધિ ય કરે. બીજાઓ કરતાં પોતાની અધિકતા જે અંશમાં છે, તેને જોઈ શકનાર પોતાના કરતાં દેવાધિદેવના આત્માની અધિકતા ન જોઈ શકે, તેને સર્વ આત્માઓને આત્મતુલ્ય માન્યાં છતાં પરમાત્મસ્વરૂપ તીર્થંકરદેવના આત્માને આત્મતુલ્ય પણ ક્યાં માન્યાં? તેમની જેટલી અધિકતા છે, તેના કરતાં એક અંશ પણ ન્યૂન લાગે, ત્યાં સુધી તે મૂઢ - અવિવેકી - મોહગ્રસ્ત છે. તીર્થંકર પરમાત્માઓના આધ્યાત્મિક તથા આધિભૌતિક ઋણ તળે રહેલ સમગ્ર વિશ્વ અને પોતાના આત્માને તે રૂપે ન ઓળખે, ત્યાં સુધી સમ્યક્ત્વ પણ ક્યાંથી?

ભાદરવા સુદી ૫

સ્વભાવ અતર્કગોચર છે. અગ્નિ ઉષ્ણ - પાણી શીતલ કેમ? એ તર્કના વિષયો નથી, કિન્તુ વસ્તુના સ્વભાવ છે, તેમ અરિહંત પ્રભુની પ્રભુતા એ તર્કનો વિષય નથી, કિન્તુ તેમના આત્મદ્રવ્યના સ્વભાવનો વિષય છે.

તેમનું આત્મદ્રવ્ય જ સર્વશ્રેષ્ઠ છે, તેથી વિશ્વ પર તેમનું જ પ્રભુત્વ હોય અને બીજાનું ન હોય, તેમાં કાંઈ વિચારવાપણું નથી. વિચાર વસ્તુને પલટાવી શકતો નથી, કિન્તુ વસ્તુને અનુસરીને વિચારે, તે સદ્-વિચાર ગણાય છે, અન્યથા તે કુતર્ક છે, કુવિચાર છે, સ્વચ્છંદ કલ્પના છે. તીર્થંકરોનું આત્મદ્રવ્ય અન્ય સર્વ કરતાં શ્રેષ્ઠ, ચઢીયાતું, વિશ્વોપકારક છે, તેથી જ તેમની પ્રભુતામાં હેતુ છે. એ રીતે સ્વીકાર કરવો, તે જ તેમની ભક્તિ છે. એ ભક્તિ વડે જ તેમની કૃપા મળે છે અને તેમની કૃપા વડે જ જીવ પોતાનો વિકાસ સાધી શકે છે. અરિહંતની પ્રભુતા સ્વીકાર્યા વિના આત્મવિકાસ શક્ય નથી, કેમકે વિકાસ માટે કૃતજ્ઞતા ગુણનું મન-વચન-કાયાથી પાલન અનિવાર્ય છે. જેના ઉપકાર તળે પોતે રહેલો છે, તેના ઉપકારને સ્વીકારવા કે ન સ્વીકારવામાં તર્કનો ઉપયોગ કરવો, એ બુદ્ધિનો દુરૂપયોગ છે. જે વસ્તુ સિદ્ધ છે, તેને સિદ્ધ કરવા માટે બીજા કોઈ પ્રમાણની જરૂર નથી. વસ્તુ પોતે જ પ્રમાણરૂપ છે. તીર્થંકરોનો ઉપકાર વિશ્વ ઉપર સ્વયંસિદ્ધ છે, તેથી તેમનું શરણ, ધ્યાન, પૂજન, આજ્ઞાપાલન, અનુસરણ કર્તવ્યરૂપ બને છે.

એ વિરૂદ્ધ વર્તનારી કર્તવ્યભ્રષ્ટ થઈને
અધોગતિને સાધનારી થાય છે. અધોગતિથી બચવા માટે
અને ઊર્ધ્વગતિ સાધવા માટે જિનેશ્વર ભગવંતોની દ્રવ્ય
અને ભાવથી પૂજા - ભક્તિ સદૈવ કર્તવ્યરૂપ કરે છે.

o મન એ મનુષ્યની વિરલ સંપત્તિ છે.
એની ક્રિયાશીલ શક્તિઓ અમાપ છે.
એની સુષુપ્ત - પ્રચ્છન્ન શક્તિઓ બહુ અમાપ છે.
યોગ્ય પ્રયત્નથી તે બધી કામ કરતી થઈ શકે છે.
એ પ્રયત્નનું નામ જ 'સંયમ' છે અર્થાત્ સંયમ એટલે
ધારણા - ધ્યાન - સમાધિ એક વિષયમાં થાય તે.

o 'પૃથક્ત્વ વિતર્ક સવિચાર' એટલે
સર્વ જીવોના શુભની ઈચ્છા અને સર્વના શુભમાં પ્રવૃત્તિ.
'એકત્વ વિતર્ક અવિચાર' એટલે
સ્વના સ્વરૂપમાં સ્થૈર્ય અને સ્વના શુદ્ધસ્વરૂપની સિદ્ધિ.
એ અપૂર્વકરણરૂપી મહાસમાધિનું બીજ છે.
અપૂર્વકરણ નામની મહાસમાધિના બીજ શ્રદ્ધાદિ પાંચ
ગુણો છે. તેના પરિપાક અને અતિશય દ્વારા ધર્મ-
સંન્યાસ કે સામર્થ્ય નામનો યોગ પ્રાપ્ત થાય છે અને
કાયોત્સર્ગ વડે શ્રદ્ધા, મેધા, ધૃતિ, ધારણા, અનુપ્રેક્ષા મળે છે.

<u>શ્રદ્ધાદિ એ બીજ છે, અપૂર્વકરણ એ ફળ છે</u>.

બીજ એટલે કારણ, ફળ એટલે કાર્ય.

વધતી અનુપ્રેક્ષા વડે ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થૈર્ય, સિદ્ધિ મળે છે.

<u>ઇચ્છા</u> એટલે યોગીઓની કથામાં પ્રીતિ.

<u>પ્રવૃત્તિ</u> એટલે ઉત્કૃષ્ટ પાલન.

<u>સ્થૈર્ય</u> એટલે પાલનમાં નિરતિચારતા.

<u>સિદ્ધિ</u> એટલે અન્યના પ્રયોજનોની સિદ્ધિ અથવા પ્રાપ્તિ.

શ્રવણ, પાઠ, પ્રતિપત્તિ, ઇચ્છા અને પ્રવૃત્તિ માટે શ્રાવક કુતર્કાદિ ઉપજતાં મિથ્યા, અસત્, નિષ્ફળ, નિષ્પ્રયોજન વિકલ્પોને દૂર કરી શ્રવણાદિ કરે. સૂત્રનું શ્રવણ, સૂત્રનો પાઠ, અર્થની પ્રતિપત્તિ અને અભિગ્રહણ, અનુષ્ઠાનની ઇચ્છા, અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરવાથી પ્રવૃત્તિમાં આવતાં ત્રણે પ્રકારના વિઘ્નોનો વિજય થાય છે.

o દ્રવ્ય - ગુણ - પર્યાય

શબ્દ - અર્થ - યોગ

મન - વચન - કાયા.

<u>૪ અતિશયો</u>

(૧) સ્થૈર્ય - નિશ્ચલતા (૩) વિનિયોગ - યોગ્યપાત્રમાં

(૨) સિદ્ધિ - પ્રાપ્તિ (૪) વર્ધમાન - અવસ્થિત નહિ.

## પ્રભુ સાથે અભેદ થવાની ઇચ્છા તે ભાવ.

પરભાવ નિષ્કામતા એટલે કે ભાવનાં સ્પર્શ કે સ્ફુરણ વિનાનું દ્રવ્યસ્તવ એ લૌકિક અને અપ્રધાન છે. ભાવનાં અનુસંધાનવાળું, ભાવ ઉપજાવનારૂં, આજ્ઞાનુસાર પ્રધાન દ્રવ્યસ્તવ તે લોકોત્તર છે. 'દ્રવ્ય' શબ્દ અલ્પવાચી છે. ઔચિત્યપ્રવૃત્તિરૂપ આજ્ઞાયોગવાળું લેશતઃ અલ્પ-ભાવવાળું છે જ. સાધુના ભાવની અપેક્ષાએ અલ્પતા છે. સન્માન, સ્તુત્યાદિ દ્વારા ગુણોન્નતિ કરી, વિશિષ્ટ માનસ પ્રીતિ વડે ગુરુગૌરવનું બહુમાન અને મહિમા વધારવો, પ્રભાવના કરવી, આદરાતિશય દાખવવો. તેમ કરવાથી ગુરુ પ્રમોદજન્ય અંતઃકરણનો પ્રેમ, વિશિષ્ટ માનસ પ્રીતિ, જિનપ્રણિત ભાવધર્મ તથા આત્મભાવરૂપી બોધિલાભ,

જ્ઞાન - દર્શનમય શુદ્ધ આત્મસ્વભાવ રૂપ
ધર્મમાં વર્તવારૂપ ચારિત્ર ધર્મ તથા
સમ્યગ્દર્શન - શ્રદ્ધા રૂપી રત્નત્રયી પ્રાપ્ત થાય છે.

○ 'મારા જ આત્મકલ્યાણની વાત છે' એમ માનીને દેહમાં આત્મબુદ્ધિનો આરોપ, તે 'સમારોપ' કહેવાય છે.

○ હિંસા વિષય - કષાયને પોષક અસત્શાસ્ત્ર કે પાપશાસ્ત્ર છે. તે રાગ-દ્વેષ - મોહની વૃદ્ધિ કરનાર છે.

'સંવેગ' એટલે સમ્યગ્ વેગ. સ્વીકારરૂપ સંવેગ એ ગુણાનુરાગજન્ય સમ્યક્ વેગ છે. પ્રેમાવેશ સ્ફુરણારૂપ જે સમ્યગ્ વૈરાગ્ય સંવેગમાં માત્ર મોક્ષાભિલાષ રહેલ છે.

૦ દીનતા, કર્મની આધીનતા કે પરાધીનતામાંથી છૂટવા માટે ઈશ્વરી આધીનતા જરૂરી છે. વળી લોકદૃષ્ટિનો ત્યાગ, શાસ્ત્રદૃષ્ટિનો સ્વીકાર, મનુષ્યની દૃષ્ટિનો પરિત્યાગ અને ઈશ્વરી દૃષ્ટિનો સ્વીકાર પણ આવશ્યક છે.

તીર્થંકર પરમાત્મા ઉચ્ચકોટિનું આત્મદ્રવ્ય છે, તેથી તે જગત્પૂજ્ય, સર્વને સન્માનનીય તથા આરાધન કરવા યોગ્ય છે. સર્વોચ્ચ આત્મદ્રવ્યનું અવલંબન સ્વીકાર્યા વિના આત્મવિકાસ અસંભવિત છે. ક્ષણ - ક્ષણ પ્રભુસ્મરણ ભવને અચિંત્ય લાભદાયી છે. વસ્તુસ્વભાવના કારણે તેમના અસ્તિત્વમાત્રથી તેઓ પોતાનો પ્રભાવ વિસ્તારે છે.

(૧) સમતારૂપી અમૃતમાં સ્નાન કરવાથી વિષયની તૃષા, કષાયનો તાપ, ઔદ્ધત્યનો મળ નાશ પામે છે.

(૨) જરા - મરણરૂપી દાવાનળમાં સળગતાં ભવરૂપી અરણ્યમાં અમૃતના મેઘાની વૃષ્ટિ જેવી એક સમતા જ સુખનું કારણ છે.

(3) એક સમતાનું અવલંબન લઈને ભરતાદિ નિર્વાણ પામ્યાં છે. તેમને કાંઈપણ બીજું કષ્ટ અનુષ્ઠાન કરવું પડ્યું નહિ.

(4) સમતાને નરકના દ્વારની અર્ગલા, મોક્ષમાર્ગની દીપિકા તથા ગુણરૂપી રત્નોની રોહણાચલનિર્યક કરી છે.

(5) આત્મસ્વરૂપને જોવામાં અંતરાય કરનાર મોહરૂપી આચ્છાદનને દિવ્ય અંજનની શલાકાની જેમ નેત્રના દોષનો નાશ કરનાર એક સમતા છે.

(6) એક ક્ષણવાર જ ચિત્તને વશ કરી સર્વ જીવો સાથે સમત્વભાવનું સેવન કરવામાં આવે, તો એવું સુખ થાય છે કે જે વાણી વડે બીજાની આગળ કહેવું અશક્ય છે.

(7) પતિના ભોગથી થનારું સુખ જેમ કુમારી કન્યા ન સમજી શકે, તેમ યોગીઓના સમતાસુખને ભોગાસક્ત ન જાણી શકે. જેમ દંપતીના પરસ્પર સ્નેહોત્કર્ષથી થનારાં સુખને એકાકી સ્ત્રી-પુરુષ ન જાણી શકે, તેમ સકલ જગતના જીવો ઉપરના સ્નેહોત્કર્ષથી થનારાં સુખને દંપતીનું સુખ ભોગવનાર કેમ સમજી શકે? સારાંશ કે દાંપત્યનું સુખ અનુભવવા

જતાં સકલ વિશ્વના સ્નેહથી મળનારાં સુખનો ત્યાગ કરવો પડે છે. સુખના સાગરને જતો કરી સુખના બિન્દુનું સુખ અનુભવવાની મિથ્યાબુદ્ધિ યોગાભિમુખોને કેમ હોઈ શકે? એક બાજુ જે વ્યક્તિના પ્રેમથી થતું સુખ છે, બીજી બાજુ સર્વના સ્નેહથી મળનારું સુખ છે. એ બે વચ્ચેનું અંતર બિંદુ અને સાગર જેટલું છે. બિંદુ જેટલું સુખ ભોગવવા માટે સાગર જેટલું સુખ ત્યાગ કરવાને કોણ તૈયાર થાય?

વિશ્વસ્નેહથી સાગરોપમનાં સુખ મળે છે. તેના ભોગે એકનું સુખ ભોગવનારને સર્વની અવગણના થવાથી બિંદુ-પ્રમાણ સુખ અને સાગરતુલ્ય દુઃખ મળે છે, તેથી વિશ્વના સ્નેહમાં ભંગ પાડનાર દાંપત્યનો સ્નેહ ત્યાજ્ય છે, સુખ નહિ સુખાભાસ છે. દુઃખ અને દ્વેષનો જ એક હેતુ છે.

(૮) સમતારૂપી બખ્તરથી ગુપ્ત થયેલાંને નતિ, સ્તુતિ આદિની આશંસાથી થતી મર્મભેદક વેદનાની પીડા હોતી નથી. સર્વ પ્રત્યે સમત્વભાવ ન હોવાથી જ ઉત્પન્ન થનારી નમન-વંદનની અભિલાષા સર્વ પ્રત્યે આત્મતુલ્ય ભાવવાળાને કદી સ્પર્શ કરતી નથી. આશંસા એ આત્મભાવરૂપી પ્રાણોને ભેદનારી મર્મવેધી વેદના છે.

તે વેદના નિરાશંસ ભાવવાળાને ન હોય.
નિરાશંસભાવનો હેતુ આત્મસમદર્શિત્વરૂપ સમતાભાવ છે.

(૯) ક્રોડો જન્મોના એકત્ર થયેલાં પાપોને,
સૂર્યની પ્રભા જેમ અંધકારને ભેદી નાંખે,
તેમ સમતાભાવ એક ક્ષણવારમાં જ ભેદી નાંખે છે.

(૧૦) અન્ય લિંગાદિ સિદ્ધોનો આધાર એક સમતાભાવ જ છે, કેમકે ત્રણે રત્નોના આરાધનનું ફળ એક જ હોય, તો તે માત્ર એક સમતા જ છે અને તે સમતાભાવરૂપી જૈનત્વ અન્ય લિંગાદિ સિદ્ધોમાં અવશ્ય હોય છે.

સમ્યગ્દર્શન = સર્વને આત્મતુલ્ય જોવા.
સમ્યગ્જ્ઞાન = સર્વને આત્મતુલ્ય જાણવા.
સમ્યક્ચારિત્ર = સર્વ સાથે આત્મતુલ્ય વર્તવું.

આ ત્રણે રત્નોનું ફળ સમતાભાવ જ છે. તે અન્યલિંગો મોક્ષે જનારમાં હોય છે, તેથી ભાવજૈનપણું સમતામાં છે.

(૧૧) નયરહસ્યમાં અવતરનારું જ્ઞાન સમતાને છોડીને બીજું કશું જ નથી. સર્વનયને જાણનાર સર્વ અભિપ્રાયોને તુલ્યદૃષ્ટિથી જુએ છે, તેથી તેને રાગ-દ્વેષ થતાં નથી. સ્વ-સ્વમતનો કદાગ્રહ સર્વ નયોને સમજનારને હોતો નથી. જ્ઞાનરૂપી ચંદન નયના કદાગ્રહથી નાશ પામે છે.

સર્વવિઘ્નને જાણનારને પ્રગટ થતો નથી, તેથી એનું શાસન
ચંદનની જેમ કુદરત સુવાસને જ ફેલાવનાર થાય છે.

(૯૨) ચારિત્રરૂપી વૃક્ષના પ્રાણ કયાં રહે, તો
તે સર્વ જીવોને આત્મતુલ્ય લેખવારૂપી સમતાભાવ છે.
તે ચાલી ગયાં બાદ લોકોનો વંદન-નમસ્કારનો આવેશ,
એ મડદાનો ઉત્સવ રહે, તેમ બની જાય છે.

(૯૩) એક સમતાભાવ છૂટી ગયાં પછી
જે કષ્ટ અનુષ્ઠાન થાય, તે બધુ ઉખરભૂમિમાં વાવેલાં
બીજની જેમ ઈચ્છિતને આપનારું થતું નથી.

(૯૪) મોક્ષનો ઉપાય તો એક સમતાભાવ જ છે, બાકી
બધો ક્રિયાનો સમુદાય તે તે પુરુષના સ્વભાવભેદથી તે
સમતાભાવને જ સિદ્ધ કરવા માટે ઉપદેશાયેલો છે.

(૯૫) શાસ્ત્રનો વ્યાપાર માત્ર દિશાસૂચન કરવા પૂરતો છે,
એથી દૂર પહોંચી શકતો નથી. સમતાનો સ્વાનુભવ એ
સામર્થ્ય નામનો મહાયોગ હોવાથી પાર પમાડનાર થાય છે.

(૯૬) સમતા એ આત્માનું ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ તત્ત્વ છે.
ચિત્તપ્રસાદ વડે તેને વિષે જ નિર્ભર થવું, એ કર્તવ્ય છે.

પ્રથમ શાસન, પછી દયા, પછી આત્મસમદર્શિત્વ.
તેથી દુઃખોત્પાદનો ત્યાગ, તેથી અનાસ્રવ, તેથી સંવર, તેથી

ક્ષયોપશમ, તેમ સમશત્રુ-મિત્રપક્ષતા - અરાગદ્વેષિતા, તેમ
અકષાયિતા, તેમ સમ્યક્ત્વ, તેમ જીવાદિ પદાર્થ પરિજ્ઞાન,
તેમ સર્વત્ર અપ્રતિબદ્ધતા, તેમ અજ્ઞાન-મોહ-મિથ્યાત્વનો
ક્ષય, તેમ વિવેક, તેમ હેયોપાદેય વસ્તુની વિચારણા,
તેમ અહિતપરિત્યાગ, તેમ હિતમાં ઉદ્યમ, તેમ દશવિધ
ધર્મઅનુષ્ઠાનમાં આસક્તિ, તેમ સર્વોત્તમ ક્ષાંતિ, સર્વોત્તમ
માર્દવ, સર્વોત્તમ આર્જવ, સર્વોત્તમ સર્વ સંગપરિત્યાગ,
સર્વોત્તમ ઉગ્ર તપશ્ચરણ, સર્વોત્તમ સંયમપાલન, સર્વોત્તમ
સત્ય, સર્વોત્તમ બ્રહ્મચરિત, સર્વોત્તમ સ્વાધ્યાય - ધ્યાન
અને તેમ સર્વ પાપકર્મ મલલેપનું પ્રક્ષાલન થાય છે.

0 દરેક શરીરમાં એક સરખો આત્મા રહેલો છે કે જેનાં
ઊંડાણમાં ઉતરી, તેની સાથે મિત્રભાવના રાખવાથી
દરેક મનુષ્ય વધુ શક્તિવાન બની પોતાને
પાણીદાર, પુરુષાર્થવાન અને બળવાન કરી શકે છે.

0 અવિશ્વાસ રાખવા કરતાં ઠગાવું સારું છે. અશ્રદ્ધા
અને અવિશ્વાસ - એ જ મોટામાં મોટું ઠગાવવાનું છે.

0 અનજાને કો સરગ નરક કહૈ, હરિ જાને કો નાહિ.
કબીર હદ કા ગુરૂ મિલે, બેહદ કા ગુરૂ નાહિ;
બેહદ આપે ઉપજે, અનુભવ કે ઘરમાંહિ.

અકૃત્રિમ અનુભવરૂપી ઘરના એકાંતવાસી સાધકને જ
ભેટરૂપી ગઠ્ઠ મળે.

આત્મરતિનો લાભ પ્રભુની સાધના વડે મેળવાય છે.
પ્રેમસાધના એ આત્મઉપાસના જ છે.

o 'કળા' એટલે વ્યક્તિએ પોતાની જાતને
પ્રગટ કરવા શોધેલ માર્ગ.

o શબ્દસંખ્યાના મોહમાંથી છૂટીને
શબ્દશુદ્ધિ તરફ જવાય, તો જ સૌંદર્યનો અનુભવ થાય.

તન રૂપી બારી બંધ કરી મન રૂપી દરવાજા ખોલવાથી
પ્રેમસાધનાના સૌંદર્યને પામી શકાય છે. એકાત્મતા છે
જ્ઞાનના વિસ્તારની નહિ પણ સમજણના ઊંડાણની.
બ્રહ્મનિષ્ઠ = આત્મજ્ઞાની. શ્રોત્રિય = બહુશ્રુત કે ગીતાર્થ.

જીવનો મૂળ સ્વભાવ શું છે ?

દૂરત્વ ઈશ્વરથી છે જ ક્યાં કે હું માર્ગ બતાઉં ?
ઈશ્વર એ જગતનો શ્રેષ્ઠ સૌંદર્યવંત પદાર્થ છે.
જે સુંદર ભવ્ય અને ઉદાત્ત છે,
તેને ચાહવું, તે જીવનો મૂળ સ્વભાવ છે,
આથી જ ઈશ્વરને સૌ ચાહે છે.
મૂળ સ્વભાવ ઓળખવો, એ જ તત્ત્વજ્ઞાનનો સાર છે.

માનવજીવન સ્થાપત્ય, કલા તથા સાહિત્યમાં પ્રસાર કરવું.

જેમ જેમ આત્મવિચારણા ઊંડી ઊતરતી જાય છે,
તેમ તેમ કરુણાના ઘેઘૂર જળ અનેકગણું વિસ્તૃત
થતું જાય છે. પ્રાતઃસ્મરણે જેમ તેની ભીનાશ હોય છે,
તેમ આત્મવિચારકને તેની કરુણા હોય છે.

'શામ્યા મોહ યદિહ ઘોરં ક્રૂરં યદિહ પાપં તચ્છાન્તં
સર્વ મેવ શમસ્તુ નઃ ।' અથર્વવેદ - ૧૯, ૯, ૧૪

અર્થાત્: જગતમાં જે કાંઈ ઘોર છે, ક્રૂર છે,
પાપ છે, તે બધું અમારા તપશ્ચર્યાથી શાંત પામો.

સાચું સુખ શેમાં છે?

સ્થિરતામાં સુખ, અસ્થિરતામાં દુઃખ.
ચિત્તની સમતોલતા એ જ સુખ.

○

પૂજનીય અને આરાધનીય કોણ?

One who is nameless, but
who responds to all names
and the one who is changeless
among the changing multiplicity.
Nameless and changeless તત્ત્વ-
એ જ પૂજનીય અને આરાધનીય હોય છે.

(१) One should get the correct mental
picture of your own life.
જીવન વિષેનું સાચું દૃષ્ટિબિન્દુ પ્રાપ્ત થવું જોઈએ.
ભૂતની સ્મૃતિઓ, ભાવિના સ્વપ્નો અને
વર્તમાનની સત્યતાને ઓછી કરી શકાય નહિ.
Today is the truth.

(2) Scale down the demands,
you are making on other people.

(3) Keep your world from
growing small.

0 પ્રાર્થના, સ્વાધ્યાય અને ભલાઈથી
માનસશાસ્ત્રીય શાંતિ થતાં વાર છે.
I am the soul in all.

0 સંત પુરુષોના ઉપકારને લોકો ભૂલી શકે છે પરંતુ
પોતાના જ સ્વભાવની ક્રૂરતાને ભૂલી શકતાં નથી.

0 કલાકાર પાસે પોતાની સર્જક પ્રતિભા કે આંતર
આનંદ ન હોત તો લોકોના ત્રાસથી તે જીવી શકત નહિ.

0 જુદી જુદી વિદ્યાઓથી ફલિત થતાં સિદ્ધાંતોની
'સામસ્ત્યેન' 'સકલાદેશ' વડે પરિશુદ્ધ કરી સંગતિ સાધવા,

એ કળાનું નામ philosophy છે, તે આપણને
અનંત વિશ્વની અનિર્વચનીય શોભા બતાવે છે.
વિચારોમાં, લાગણીઓમાં કે ટેવોમાં જે અવ્યવસ્થા હોય,
તેને વ્યવસ્થિત કરવાની ક્રિયા - તે કેળવણી સંસ્ક્રિયા.
કેળવણી એટલે બહાર દોરવું, વિનય આને અભાવ દોરવું.
માત્ર માહિતી આપવી, તે નહિ પણ આત્માને સુંદર
બનાવવો. સુંદર આત્માનું લક્ષણ કોમળ હૃદયવૃત્તિ છે.

o 'ધ્યાન' એટલે વસ્તુના રહસ્યની પ્રાપ્તિ માટેની અખંડ
ચિત્તસાધના. અનેક વિષયગામિની જ્ઞાનધારા ધ્યાનમાં
એક વિષયગામિની બને છે. ધ્યાનથી ચિત્તમાં નિષ્પ્રકંપતા
આવે છે. તેમાં સમાધિનિષ્ઠનું સુખ છે. તેને સંકલ્પકારી,
વિક્ષેપોનો વિલય કરનાર પણ કટે છે. જ્યાં કાંઈક
શોધવાનું હોય છે, ત્યાં ધ્યાન સહજ પ્રાપ્ત હોય છે.
રહસ્યપ્રાપ્તિ માટેની માનસિક એકાગ્રતા, તે 'ધ્યાન' છે.

o

સર્વ જીવ એકાત્મતા - તે આનું નામ

When I see a wounded man,
I do not ask him how he feels,
I myself become a wounded man.
- Whitman

अर्हं

ધર્માચાર્યોને વિશ્વ એક અખંડ ઘર જેવું લાગશે.
જીવનરહસ્ય પ્રાપ્ત કરનાર અને કરુણાવાન ધર્માચાર્યો
મહાન સમુદ્રની જેમ કીડીને સુખ લાવી દેશે. ધર્માચાર્યો
વિશ્વપિતા જેવા મહાત્માઓ તેમની છૂંદમાં લોકોને
પ્રેમાળ બંધુત્વનું શિક્ષણ આપી શકશે.
રાગ જેમ બૌદ્ધિક પ્રક્રિયા મટીને આત્મવિચારણામાં
પલટાશે, તેમ તે મલિન જળ મટી દુર્લભ સુધા બનતું જશે.

0 કલા એ સૌંદર્યની સાધના છે.

0 આપણી પ્રધાન ભાવના = શિવમસ્તુ સર્વ જગતઃ।

સાધના = પરમશિવ શ્રી અરિહંતોપાસના.

ઉત્તરસાધના = શિવસ્મરણ નવકાર જાપ.

ઉત્કૃષ્ટસાધના = શિવાજ્ઞાપાલન.

0 પુદ્ગલાપેક્ષા લઘુતાનતા ચરણે સર્વ કાળે સમતામય.

o

A subtle force excists beyond the principle of life and death.
Let noble thoughts come to us from every side - Rigveda

ऋषिः: आ नो भद्रा क्रतवो यन्तु विश्वतः।

o પ્રયત્નાનુસાર નિશ્ચિત સિદ્ધિ મળે છે.

ત્રિલોકીનાથ પદગમનમાં સદૈવ જયમાળા વર્તે છે.

અચલ શ્રદ્ધા એ જ પરમ સિદ્ધિનું સોપાન છે.

o ખમાવું બધાં જીવને સાચ પ્રીતે,
ખમો તે બધાં મુજને સર્વ રીતે.
બધાં જીવોમાં મિત્રતાને પ્રસારું,
નહિ કોઈ સાથે હવે વેર મારું.

o બીજાના દુઃખ ઉપર પ્રસન્નતા લાવે, તે દુષ્ટતા.

o

It is strange how men find
time to hate, when life is
too short to love? - gardi

Socrates says:

Contentment is natural wealth &
luxury is an artificial poverty.
Always think good about others.
Good deed is a joy & not a duty.

o The only way to happiness is:
In life, never expect
anything from anybody. - Einstine

સંતપણું એટલે સત્યના દર્શન - પ્રતીતિ યા અનુભવ.
અસત્યથી ઉત્ક્રાન્તિ નહિ, પતન થાય છે.
બુદ્ધિથી સત્યનો નિર્ણય કરવો, તે ધર્મદૃષ્ટિ છે.
કેવળ બુદ્ધિનો પ્રકાશ આંખને આંધળી કરી દે છે,
તેથી અનુભવના અંધારખંડમાં જ મિલન શક્ય છે.

o

આધ્યાત્મિકતા = The relation of Soul to God.
આત્મઈશ્વરનો સનાતન સંબંધ એ જ આધ્યાત્મિક લગ્ન છે.

o Be married unto truth.
Let none of you be single.
Out of the falsehood,
nothing evolves: on the contrary,
it involves us. No heart is ever
broken so long as it has its dream.

o You can meet others
in lighted rooms, but it is only
in this dark chamber of our heart,
that you can meet your Lord.
A silence, free of thoughts,
is alone worthy of Him.

अर्ह

બુદ્ધિ પારનું નિગૂઢ મૌન જ
ઈશ્વરના પરિચયનું ખરું અધિકારી છે.
સત્ય એ બુદ્ધિ નહિ, પરન્તુ હૃદયથી પ્રાપ્ત થાય છે.
વસ્તુનું સાચું માપ લેવા ત્રાજવું સમ - નિર્દોષ જોઈએ,
તેમ સત્ય મેળવવા હૃદય પણ સમ - નિર્દોષ જોઈએ.
ભાષા અને ભાવ વચ્ચેનું વિશાળ અંતર
એક પરમ સત્યને વિખુટું પાડી રહ્યું છે.
કોઈ મહાન ગુરુ માટેની વાત્સલ્યભરી
જીવનસાધનામાં જ સુખનું રહસ્ય છે.
સુખના સાચા માતા, પિતા, બંધુ કે સ્વામી એ મન જ છે.
નૈતિક ભાવનાઓનો ઉદય થાય, ત્યારે જ
સાચું પુરુષત્વ અથવા સ્ત્રીત્વ આવે છે.
પરાજય, પરિષહ, યાતના જ આંતરઆનંદનું સ્થૂલરૂપ છે.

०

Greater the sorrow craves
into your being, the more joy
you can contain.
There is no such thing
as magic, but there is the
understanding of nature's secrets.

अर्हं

જો ૫૦ કરોડ માઈલ એટલે આપણે ૧ ઇંચ લઈએ,
તો પૃથ્વીની ઉપર દેખાતી આકાશગંગાનો નકશો
ઉત્તર અને દક્ષિણ અમેરિકા જેટલો થાય.

૦ પાલો મોરની વેધશાળામાં એક અબજ પ્રકાશવર્ષ
આકાશમાં ઊંડું જોઈ શકાય, તેવા કાચ છે. તે કાચમાંથી
ચંદ્ર માત્ર ૨૪ માઈલ દૂર હોય, તેવો લાગે છે.

૦ જેમ એક નાનકડો પત્થર ખૂબ મહામૂલા મોતીને
ક્ષણમાત્રમાં તોડી દે છે, તેમ મૂર્ખનો હલકો ખૂબ
લાગણીના સ્નેહને સહેલાઈથી તોડી શકે છે.

૦ સમજણની પરાકાષ્ઠા પ્રેમ છે.

પ્રેમ વસ્તુનું સંપૂર્ણપણે યથાર્થ દર્શન કરવામાં રહેલો છે.
આપણા વિચારો ઉપર જ આપણો આનંદ અને ચરિત્ર
આધાર રાખે છે. તે જે સ્વીકારે તથા આવકારે, તેના
ઉપર જ તેનું વ્યક્તિત્વ મપાય છે, બાકી મુખવટો છે.

०

The happiness of your life depends
on the character of your thoughts.
What the man admires and
accepts becomes the part of
himself - rest is the mask.

આપણા શરીર કરતાં મનનું મહત્ત્વ વિશેષ છે.
સ્થૂલ સાધન - સામગ્રીમાંથી સૂક્ષ્મ આનંદ
ગ્રહણ કરવા માટે પવિત્ર માનસદર્શન જોઈએ.
પાપ એટલે અપવિત્રતા અને
મંગલ એટલે પવિત્ર હૃદય.

પરમેષ્ઠિ નમસ્કાર સર્વ મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ છે, કેમકે તે હૃદયની ઊંડામાં ઊંડી પવિત્રતાનો સૂચક છે.
આ વિશ્વ અરાજકતાથી ભરેલું નથી,
પરન્તુ સંગીત ભરેલા સુવ્યવસ્થાથી વ્યાપ્ત છે.

વિશ્વમાં કૃતનાશ નથી, અકૃતાભ્યાગમ નથી, that is called eternal order. universe is not a chaos, but cosmos.

અવિદ્યાકૃત બળાત્મપણું દૂર થવાથી, પોતાના સ્વરૂપમાં સ્થિતિ થવાના ફળરૂપે યોગીને જે અપૂર્વ આનંદરૂપ અનુભૂતિ સમાધિમાં થાય છે, તે સત્ય ધર્મ છે. કર્મથી અવિદ્યાનો આત્યન્તિક નાશ થઈ શકતો નથી. વસ્તુતઃ 'બીજો કોઈ છે જ નહિ' એવી અનુભૂતિ થયાં પછી
પોતાની સાથે પોતાના જેવો
વ્યવહાર કરી, એ જ પરમ સત્ય ઠરે છે.

જે એકત્વાનુભૂતિમાં નિષ્ણાંત થઈ ચૂક્યા છે,
તે કોની સાથે જૂઠ બોલે ? અનીતિ કરે ?
બધાની સાથે પોતાના જેવો વ્યવહાર કરવો,
તે જ ક્રિયાત્મક ધર્મની દૃષ્ટિએ સદાચાર છે.
ધર્મ એ દૃષ્ટિએ સાર્વભૌમ છે,
કે જે કાર્ય અભેદબુદ્ધિ ઉત્પન્ન કરવાવાળા છે,
તે સદા - સર્વત્ર - સર્વ કોઈને માટે કરણીય જ છે.

ધર્મ સત્ - અનુભૂતિ દ્વારા આપણા જીવને પોતાના સ્વરૂપની એક ઝલક બતાવી જાય છે. પોતાના સ્વરૂપમાં સ્થિત થવું, એ સૌને અભિષ્ટ છે. શુદ્ધ ભાવથી કરવામાં આવતો લોકસંગ્રહ એ વ્યવહારિક ધર્મ છે. જે કામ સૌહાર્દ - એકતા વધારવામાં છે, તે અવશ્ય કરણીય છે. નૈતિકમૂલક - પારસ્પરિકતામૂલક ધર્મનો પ્રથમ અર્થ છે વ્રત. અહિંસાનો અર્થ છે અદ્વેષ - કોઈનું બૂરું ન ઇચ્છવું તે. દયા - સમવેદનાથી જ ધૃતિ અને સહિષ્ણુતા આવે છે. અહિંસા, સત્ય, દયા અને સેવાધર્મ પરમ ગહન છે.

કૃતજ્ઞતાની બુદ્ધિથી કરેલી સેવા એ આહૂતિ છે. પોતાના અધમ અહંની બલિ આપવી. અધમ અહં એ 'સ્વ' પશુ છે, તેના હોમથી ઉત્તમ 'સ્વ'નું બળ વધે છે.

જે કામ મૈત્રી અને સહયોગવર્ધક છે, તે ધર્મ છે તથા જે પોતાના સંકુચિત 'સ્વ' પર કેંદ્રિત છે, તે અધર્મ છે.

૦ સમતા, સદ્ભાવ, સહયોગ, એકતા, અભેદ, આપણું સ્વરૂપ છે. અવિદ્યાના કારણે જ નાનાત્વની, પાર્થક્યની પ્રતીતિ થાય છે, પરંતુ જો ક્ષણવાર પાર્થક્ય ભૂલાય છે અને એકત્વની ઝલક પામે છે, તો પ્રફુલ્લ થઈ જવાય છે. નાનાત્વની વચ્ચે પણ તે એકત્વને શોધે છે. જો શિક્ષણ એકત્વની તરફ લઈ જાય, તે શિક્ષણ જ સર્વને ગ્રાહ્ય થાય છે.

જો સર્વ પરાર્થપરાયણ ન બની શકે, તો પણ પરાર્થને સ્વાર્થ કરતાં ઊંચું સ્થાન તો સર્વ કોઈ આપી શકે.

શુદ્ધ ચેતના ચેતના છે પણ ચેતન નહિ. ચેતના એક સત્ય છે. તે એક અદ્વય, અપરિણામી, ચિદ્ઘન છે. આત્મા અને જગત ચેતનાથી અભિન્ન છે, તેથી એક-બીજાથી પણ અભિન્ન છે. ચેતના જ જ્ઞાતા - જ્ઞાન - જ્ઞેય છે. જગતનું પ્રતીયમાનરૂપ માયાજનિત છે, એટલે અસત્ય છે. જગતનું વાસ્તવિકરૂપ ચેતના છે, માટે સત્ય છે.

આત્મસાક્ષાત્કારનો એકમાત્ર ઉપાય યોગ છે.

નિર્વિકલ્પ સમાધિમાં અવિદ્યાનો ક્ષય થાય છે.

અર્હં

વૈરાગ્ય, સ્વાધ્યાય અને તપ - એ જ મનુષ્યનો પરમ પુરુષાર્થ - મોક્ષ છે. ઉપાસના અને ધર્મક્રિયાનાથી મનુષ્યમાં યોગાભ્યાસની પાત્રતા આવે છે. જે કર્મ નિષ્કામ થઈને પરમાત્માથી કરાય, તે કર્મથી જન-જનમાં અભેદની વૃદ્ધિ થાય છે, તેથી તે ધર્મ છે. પાર્થક્ય, વિષમતા, શોષણ તથા ઉત્પીડનનો નિરંતર વિરોધ કરવો અને સૌહાર્દ, સહયોગ તથા ઐક્યમૂલક શિક્ષણ માટે સર્વદા ઉદ્યમ કરવો, એ ધર્મના અંગ છે. જેઓ તપસ્વી અને ત્યાગી છે, જેઓ સમાધિ દ્વારા આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કર્યો છે, તે જ ધર્મનો પ્રવક્તા થઈ શકે. આવા વ્યક્તિઓની આજ્ઞા મુજબ ચાલવું, એમાં જ આપણા સમાજનું પરમ કલ્યાણ છે.

સંસારવૃક્ષનો મૂલોચ્છેદ મનુષ્ય દેહમાં જ થઈ શકે છે, તેથી આપણા અમૂલ્ય દેહરત્નનો ઉપયોગ તે માટે જ કરવો જોઈએ. મનુષ્ય શરીરની શોભા વિષયભોગ નથી, પરંતુ એ સંપત્તિ તપ, જ્ઞાન અને ધર્મને માટે જ મળી છે, તેથી તેનો ઉપયોગ તેમાં કરવો જોઈએ.

૦ યથાર્થ જ્ઞાન = પરમ સત્ય. તુરીયાવસ્થા = સમાધિ. સમાધિમાં જ જગતના શુદ્ધ સ્વરૂપની પ્રતીતિ થાય છે.

અર્હં

પ્રાગભાવ એટલે દૂધમાં દહીંનો અભાવ.
પ્રધ્વંસાભાવ એટલે રાખમાં કાષ્ઠનો અભાવ.
અન્યોન્યાભાવ તે એક વસ્તુના સ્થાને બીજાનો અભાવ.
અત્યન્તાભાવ એટલે શશશૃંગ.
આ ચાર પ્રકારના અભાવોથી રહિત તે સત્ય.
એકરસ - કૂટસ્થ - યથાર્થભાવ અને વચન એટલે સત્ય.
અભાવ તે ભાવાભાવ. સંશય તે વિપર્યય અનધ્યવસાય.
વિકલ્પ તે કેવળ શબ્દાડંબર.
ચિત્તચંચળતા, રાગ-દ્વેષ, પૂર્વ સ્મરણો અને વર્તમાન
વાસનાથી એટલે વિક્ષેપ કે અનેક વિષયો પર જવું.
ચિત્તના બે દોષ: (૧) માલિન્ય (૨) વિક્ષેપ.
ચિત્ત અને ઇંદ્રિયના દોષો એ અધિષ્ઠાન દોષ છે.
પ્રસન્નચેતસો હ્યાશુબુદ્ધિ: પર્યવતિષ્ઠતે ॥
જેનું ચિત્ત પ્રસન્ન છે, તેના બુદ્ધિ - સત્ત્વ સ્થિર થાય છે.
તેને એકાગ્ર થવામાં કોઈ મુશ્કેલી પડતી નથી.
બહારની વસ્તુઓથી પ્રભાવિત થવું અને
બહારની વસ્તુઓને પ્રભાવિત કરવી,
એનું નામ ઇંદ્રિય.
બાહ્ય જગતથી સંપર્કનું દ્વાર આપણી પાંચે ઇંદ્રિયો છે.

अर्हं

समं पश्यन् हि सर्वत्र
समवस्थितमीश्वरम्।
न हिनस्त्यात्मनात्मानं
ततो याति परां गतिम्॥ - ગીતા, ૧૩ - ૨૯

સ્તુતિ: સર્વમાં રહેલા સમાન આત્માને પોતાનામાં અને બીજામાં સમભાવથી જે જુએ છે, તે સ્વ આત્મા દ્વારા પોતાને હણતો નથી, તેથી પરમ ગતિને પામે છે. સર્વમાં રહેલા આત્માને સમાનપણે નહીં, સમર્થ તરીકે જે જીવ જોતો નથી, તે પોતે જ પોતાના આત્માને પોતાના વડે હણે છે, તેથી ઉત્કૃષ્ટ ગતિને પામતો નથી.

મનનો મેલ ધોવા શેની જરૂર?

'उत्सेक उदधे यद्वत् कुशाग्रेणैकबिन्दुना।'
દર્ભની અણી વડે એક - એક બિન્દુ લઈને સાગરનું પાણી ઉલેચવામાં જેટલી ધીરજ જોઈએ, એટલી ધીરજ મનના મેલને ધોવામાં રાખવી પડે.

મનોનિગ્રહ શેનાથી સધાય?

ધૃતિ અને ઉત્સાહ વડે જ મનોનિગ્રહ સાધી શકાય છે.

તુલસીદાસજી કહે છે કે:
'બિગરી જનમ અનેક કી, સુધરત પલ લગે ન આધ.'

અર્હં

ગણિત અને ભૂગોળમાંની અજ્ઞાનતા ક્ષુધા - તૃષા વગેરે
કેવળજ્ઞાન પર નહિ. કિન્તુ જ્યારે અંતરાત્મા તરફ
ધ્યાન જે અજ્ઞાનતા સર્જાય છે, તે ક્યારેય કેવળજ્ઞાન
વિચલિત થતી નથી. ઇંદ્રિયનિગ્રહ, ઇંદ્રિયસંયમ, ઇંદ્રિય-
જયમાં નિગ્રહ અમુક સમય માટે જ થાય છે. તે જ્યારે
સંગ્રહ માટે થતો હોય, ત્યારે વિકાસને મદદગાર થાય છે.
ક્યા ગુણની ઓછપ છે, ક્યો દોષ અધિક માત્રામાં છે,
એ જાણું કોઈ - વિચારીને જો નિગ્રહનો માર્ગ
અપનાવી શકાય, તો તે 'ગુપ્તિ' કહેવાય છે.
ઇંદ્રિયસંયમમાં ઇંદ્રિયોનો સંયમપૂર્વક અને મર્યાદિત
ઉપયોગ કરવાનો છે. મિતાહાર, મિતભાષણ તે 'સમિતિ'.
કેટલાકને સંયમ કરતાં નિગ્રહ સહેલો લાગે છે.
મૌન રહી શકાય, ઉપવાસ કરી શકાય પણ
હિતમિતાહારી કે હિત - મિત ભાષણકર્તા ન થઈ શકે.
જુદે - જુદે વખતે બંનેની જરૂર પડે છે.
'ઇંદ્રિયજય' એટલે ઇંદ્રિયો જીતી લીધી.
ઘોડો કાબુમાં આવે પછી ઇચ્છાએ તેમ ઉપયોગ થઈ શકે.
કાચબાની જેમ જરૂર પડે, ત્યારે
અવયવો બહાર કાઢે અને ભય વખતે અંદર ખેંચી લે.

ભક્તિ સુરક્ષિત છે. એના માટે ઇંદ્રિયોને મોકળી મૂકી શકાય.
એનો ઉપયોગ ભજન, પૂજન, સ્વાધ્યાયમાં થઈ શકે.
જ્ઞાન - ધ્યાન માટે ભક્તિને રોકવી પડે.
ચિંતન કે ધ્યાન એકાગ્રતાથી જ થઈ શકે.
ધ્યાનમાર્ગમાં સંપૂર્ણ નિગ્રહ જરૂરી છે,
ભક્તિમાર્ગમાં સાવ મોકળાશ, સેવામાર્ગમાં સંયમ - નિગ્રહ.
ઇંદ્રિયોનો મિત ઉપયોગ એ મધ્યસ્થ માર્ગ છે.
ખોટું ખાવું - પીવું - સાંભળવું - બોલવું વગેરે
ખોટાં કામની જો આદત પડી જાય, તો
શારીરિક રોગ અને માનસિક ભ્રમ પેદા થાય છે.
'न हन्ति, न हन्यते ।' આત્મા સાથે અહિંસા જોડાયેલી છે.
આત્મસ્વભાવની જેટલા નજીક જઈશું, તેટલી અહિંસા
આપણને ઉભી રહેશે. તેનાથી દૂર જઈશું, તેટલી શાંતિ ખોઈશું.
અહિંસાનો પૂર્ણ વિચાર સત્ય, પ્રેમ, કરૂણા.
કરૂણા અને વાસનાક્ષયનો વિચાર બંને પુરાતન છે.
કરૂણાથી શરૂ કરીને વાસનાક્ષય સુધી પહોંચવાનું છે.
દ્રવ્યદયા = શાખાગ્રાહી કરૂણા. ભાવદયા = મૂળગ્રાહી કરૂણા.
આત્મૌપમ્ય દૃષ્ટિથી અહિંસા સહજ બને છે.
વાસના અને તૃષ્ણા જ બધા દુઃખોનું મૂળ છે.

ૐ મંત્રના રટણ માટે શુચિતા જોઇએ, રાગ માટે નહિ.

બધાં દુઃખોનું મૂળ વાસના છે. તે દૂર કરવાની લાગણીવાળો જો તે વાસનાને દૂર કરવાની લાગણી ન ધરાવે, તો તે કરુણા શાખાગ્રાહી છે, મૂળગ્રાહી નહિ. મૂળગ્રાહી કરુણા વાસના અને દુઃખ - બંનેય ઉખાડી લેવા ઇચ્છે છે.

૦ ૧ ક્રોડ પરિવારની રક્ષા માટે ૫૫ લાખ નોકરો તથા ૫ લાખ લશ્કરી સેવકો કામ કરે છે, પરન્તુ ગુણોની વૃદ્ધિ કરવાનું કામ સરકારનું નહિ, સંતોનું છે.

૦ સૌનો અવિરોધ એટલે સૌનો સહયોગ.

મંથનથી માખણ પ્રગટે છે, ઘર્ષણથી અગ્નિ પેદા થાય છે.

જગતના જીવોને જે પોતાના આત્મસમાન ગણતો નથી, તે પોતાના આત્માને, પોતાના આત્મા વડે ઠગનારો થાય છે તથા સદ્ગતિનો અનધિકારી બને છે.

૦ ત્રિકોણના ત્રણ ખૂણાનો સરવાળો
બે સમકોણના બરાબર છે.

૦ અન્ય પ્રમાણોની સામગ્રીનો બુદ્ધિ દ્વારા ઉપયોગ એ તર્ક છે. 'તર્કોઽપ્રતિષ્ઠઃ ।' 'ન તુ સત્યે પ્રતિષ્ઠઃ ।' બુદ્ધિને જેના અર્થે જેટલી સામગ્રી મળે, તે પ્રમાણે વ્યાપક અથવા ગ્રાહક અધ્યવસાય થાય છે.

નિર્દોષ તર્ક માટે સરળતા સાથે વાસનાશૂન્યતા જરૂરી છે. તથ્ય માત્ર અતર્ક્ય છે. વસ્તુમાત્રનો સ્વભાવ અતર્ક્ય છે, છતાં સંવેદ્ય છે. સૌ અનુભવોનું મૂળ અહં અતર્ક્ય છે. પોતે પોતાને સ્વસંવેદનથી જાણે, પરન્તુ તર્કથી નહિ.

તર્ક જ્ઞાનને સહાય કરે છે, છતાં
તર્ક વિના પણ જ્ઞાન થઈ શકે, જ્યારે
પોતાને થતાં અનુભવો તો અતર્ક્ય છે.

વિશ્વ અદ્ભુતસિદ્ધાવયવ પદાર્થ છે. તેના અવયવોનું સ્વતંત્ર જીવન નથી. બધાં અનર્થોની જડ ચિત્તની ચંચળતા અહર્નિશ સતત સંસ્કારભાન-રત રહેવું તે છે. શરીરને જ્ઞાનમાં બાધક બનતાં રોકવું અને ચિત્તની તે વૃત્તિઓનું શમન કરવું, જે વિશ્વસ્વરૂપની ઉપલબ્ધિ કરી શકવામાં બાધક બને છે. મન અને બુદ્ધિને વચ્ચે અહં છે. અહં વાસનાગ્રસ્ત છે. બુદ્ધિમાં પણ પૂર્વગ્રહ આડાં આવે છે.

દાર્શનિક જ્ઞાન વિશ્વના સ્વરૂપનું જ્ઞાન છે અને તે દાર્શનિક જ્ઞાન ધર્મના જ્ઞાનમાં મુખ્ય સાધન છે.

અજ્ઞાન નિવૃત્તિલક્ષ્ય છે. અજ્ઞાન જ બંધન છે, અજ્ઞાન નિવૃત્ત થવાથી આપોઆપ મોક્ષ પ્રાપ્ત થાય છે.

અસ્મત્ હું - જ્ઞાતા - દ્રષ્ટા. યુષ્મત્ તું - જ્ઞેય - દૃશ્ય.

ચૈતન્યને પોતાનું કાર્ય કરવાને દેશ-કાળબાધક નથી.
ચૈતન્યનું કાર્ય જાણવું-જોઈ, તે મુખ્ય લક્ષ કરવો તે છે.
જ્ઞાનપ્રાપ્તિનો ઉપાય અને પરિગ્રહનો ઉપાય નિગ્રહ છે.

જ્ઞાનને વિકૃત કરનાર ત્રણ દોષો છે:
રાગી દોષ ન જોઈ શકે, દ્વેષી ગુણ ન જોઈ શકે અને
વ્યુદ્ગ્રાહિત સત્ય ન જોઈ શકે.

રક્ત, દ્વિષ્ટ, મૂઢ, પરિગ્રહયુક્ત = સ્વસુખમાં રક્ત,
સ્વદુઃખમાં દ્વિષ્ટ, સ્વજાતમાં મૂઢ, સ્વમતમાં પરિગ્રહ-
યુક્ત જે હોય, તેને સમ્યગ્ જ્ઞાન કેમ થઈ શકે?
વળી તે દેશ-કાળ-ધર્મને પણ ન પિછાની શકે.

o

virtue is its own reward.
Goodness, love and truth are
abstract ideas & Perception is an
affection or sensation. Colour, sound,
smell etc. are material stimuli.
Perception is different from the
stimulus, which gives it rise.
It is material in nature,
but perception is psychic.

अर्हं

## સૌ જીવોને મદદ કરવાની ઇચ્છા

પ્રભુના નામમાં એટલો ચમત્કાર છે કે તેના પ્રભાવથી
જે મુશ્કેલ હોય, તે પણ સહેલું થઈ જાય છે. પ્રભુને
વચ્ચે રાખવાથી જે અધૂરું હોય, તે ય પૂરું થઈ જાય છે.
પ્રભુની આજ્ઞા ખાતર, અગર પ્રભુ માટે જે કરવામાં
આવે, તે થોડું હોય તો પણ ઝાઝું થઈ જાય છે.
આપણા સાધનોના બળ ઉપર નહિ પણ પ્રભુની દયા,
મમતા, પ્રેમ, આશીર્વાદ અને સૌનું કલ્યાણ કરવાના
ભાવ સામે જોઈને સૌ જીવોને મદદ કરવાની ઇચ્છા
એ મોટો યોગ છે. સૌનું ભલું ઇચ્છવું, એ ઊંચામાં
ઊંચી જાતની ભક્તિ, જ્ઞાન, આજ્ઞા, કર્તવ્ય અને
યોગ છે. આ બધી વસ્તુઓથી જે ફળો મળે, તે સર્વનું
ભલું ઇચ્છવાથી મળી જાય છે. જેવી રીતે આભમાંથી
વરસાદ વરસે, ત્યારે તેનું પાણી ભરવા માટે આપણું
ભાજન તેની સામે ધરવું જોઈએ, તેમ પ્રભુની કરુણા
સર્વ જગત માટે વરસી રહી છે, આપણે તેને
ઝીલવા માટે આપણું હૃદય તેની સામે ખોલવું જોઈએ.
એ ખોલવાની ક્રિયા માટે જ સર્વ પ્રકારનાં
ધર્મક્રિયાઓ યોજવામાં આવ્યાં છે.

આસનની અવિધિ ૐ ભાદરવા સુદી ૧૩, સવારે ૭ા વાગે
બે કલાક શ્રમણ ભગવંત જ્યાં સુધી બેસવાને માટે
આઠ પડીનું આસન વાપરે, ત્યાં સુધી તેનામાં ઉદ્ધતાઈ-
ઉચ્છૃંખલતા - અવિનીતતા તથા સંયમ વિરૂદ્ધના અન્ય દોષો
પ્રતિદિન, પ્રતિમાસ, પ્રતિવર્ષ વધતાં દેખાય, તો પણ તે
અટકાવવાની શક્તિ ના છે. તેના જીવનનો સૂક્ષ્મ અભ્યાસ
કરવાના પરિણામે અનેક જાતના નિદાન દેખાઈ શકે છે.
ઊંચા આસને બેસવાનો જે નિષેધ શાસ્ત્રમાં કરેલો છે,
તેનું રહસ્ય તેના જીવન ઉપરથી સ્પષ્ટ થઈ શકે છે.
નાની ઉંમરે સંયમ મળવા છતાં, સત્સંગતિમાં વસવાનું
સૌભાગ્ય પ્રાપ્ત થવા છતાં, સર્વની તેના ઉપર એકસરખી
કરૂણા હોવા છતાં, સુંદર શરીર, બળ, બુદ્ધિ અને યૌવન
વગેરે સામગ્રી અને સત્શાસ્ત્રનું વાંચન, શ્રવણ આદિ
મળવા છતાં, પ્રગતિ થવાને બદલે અધોગતિ થઈ શકે છે.
તેનું અન્ય કોઈ કારણ વાસ્તવિક દેખાય નહિ, પરંતુ સતત
પરિચયથી અને તેના ઉપરના બારીક નિરીક્ષણથી તેના
હિત ખાતર જે લખાઈ આવે છે, તે માત્ર આસનની
અવિધિ હોય છે. એક જ અવિધિ અને તેનો આગ્રહ
કેટલા કેટલા ઉત્તમ વસ્તુઓને નિષ્ફળ બનાવી શકે છે,

તેનું આ પ્રગટ ઉદાહરણ બની શકે છે.
અસદ્ગ્રહથી સૌ કોઈને પ્રભુ બચાવો.

ગુરુકુળવાસમાં વસનારને માટે જે જે દોષો જીવનમાં આવવાની કદી પણ સંભાવના ન મનાય, તેવા દોષો પણ એક પછી એક પ્રવેશ પામવાનો પ્રસંગ ઉપસ્થિત થવામાં થોડી પણ અવધિ કેવો ભાગ ભજવે છે !

## વિચારમાં રહેલા શક્તિ

રૂપ એટલે વ્યક્તિ, નામ એટલે વિચાર. વ્યક્તિ મોટી હોય છે, તે તેનામાં રહેલા ખાસ કોઈ વિચારને લીધે, એટલે કે તે વ્યક્તિ તે વિચારને વ્યક્ત કરવામાં નિમિત્ત બને છે, છતાં શક્તિ તો વિચારમાં જ રહેલી છે. આખરે મનુષ્યને વિચારથી અને વિચારસૂચક નામથી જેટલી શાંતિ મળે છે, તેટલી બીજી કોઈ વસ્તુથી મળતી નથી. નામસ્મરણથી સહેજમાં જે હૃદયપરિવર્તન થઈ જાય છે, એ બધું વિચાર-ચિંતનનું પરિણામ છે. સ્લેટ ઉપર અક્ષરો લખીને ભૂંસી નાંખીએ, છતાં તેનો અર્થ ભૂંસાતો નથી, એ પ્રમાણે એક મનુષ્યે વિચાર પ્રકટ કર્યા હોય, તે તેના નાશ પામવાથી, નાશ પામતાં નથી, ઊલટું વિચારોનો પ્રકાશ વધારે ચોખ્ખો થાય છે.

અર્હં

## <u>સહિષ્ણુતા એ ધર્મમાત્રનો પાયો છે.</u>

શત્રુતાને ટાળનારા, પૂજ્યતાને પામનારા, અજરામર થવાને માટે જન્મ-મરણરહિત થનારા, સર્વ જીવભૂત પ્રાણીસત્ત્વ પ્રત્યે પૂજ્યતાનો ભાવ વિકસાવવો જોઈએ. એ પૂજ્યતાનો ભાવ વિકસાવવા માટે સર્વ જીવભૂત પ્રાણીસત્ત્વમાં રહેલ પૂજ્યતમ એવું સહજ-શુદ્ધ ચૈતન્ય લક્ષમાં લેવું જોઈએ.

એ ચૈતન્યની ભક્તિ જ સર્વ સદ્ગુણોનું મૂળ છે.

પાડોશી, શત્રુ, સ્વજનો સર્વ ભૂતમાત્ર
ઉપર પ્રેમ રાખવો, એ બધાનું મૂળ છે.

o ઈશ્વરી યોજનાનો પાર પામી શકાતો નથી, કેમકે તે બુદ્ધિ પર છે, જેમ કે પૃથ્વી, પાણી, અગ્નિ વગેરેની અથવા તો મન, ઇંદ્રિયો, બુદ્ધિની રચના.

o રામ - રહીમ, કૃષ્ણ - કરીમ, ઈશ્વર - અલ્લાહ,
નમઈ - મસ્તક, અરિહંતાણં - અરહણો.

બધા ધર્મોમાં એકતા છે, કારણકે માનવહૃદય એક છે અને ધર્મસંસ્થાપકો વિશાળ હૃદયના હોય છે.

o <u>જ્ઞાનનો પ્રેમ, સત્યની ઝંખના, તત્ત્વજ્ઞાન, તત્ત્વવિદ્યા અને તત્ત્વની જિજ્ઞાસા જીવનમાં આગળ વધવા જરૂરી છે.</u>
જીવનમાં જ્યાં વિરોધ, અનુપપત્તિ કે વિસંવાદ દેખાય, ત્યાં

તેની પાછળનું વધારે વ્યાપક તત્ત્વ શોધવા,
વિરોધોનો પરિહાર કરવાની વૃત્તિ તથા વ્યવહારનાં અંતર્ગત
તત્ત્વોની શોધ તે તત્ત્વજિજ્ઞાસા. સત્ય અને દયા વચ્ચેનો
વિરોધ પણ જેનાથી દૂર થાય, તેનું નામ તત્ત્વજ્ઞાન.

o લાલ ગાય સફેદ દૂધ કેમ આપતી હશે ?
રૂક્ષ દેખાતાં નાળિયેરમાં મીઠું પાણી અને મૃદુ મલાઈ ક્યાંથી ?
ગુલાબની સાથે કાંટા અને કાદવમાં કમળ કેમ ?
વરસાદ અમુક સમયે જ કેમ વરસે ?
અનાજ અમુક સમયે જ કેમ પાકે ?
તલમાંથી જ તેલ મળે, રેતીમાંથી કેમ નહિ ?
બળદને જ શીંગડા, અશ્વને તે કેમ નહિ ?
આવા અનેકાનેક પ્રશ્નો તથા ન્યાય, નીતિ, કલા, યુક્તિ
વગેરેની મનુષ્યને કેમ ઝંખના રહે છે ? જીવવા માટે તે
અનિવાર્ય નથી, છતાં તેની ઝંખના પણ મરતી નથી.

o કર્તવ્ય ચઢે કે ભાવના ? પ્રજા પ્રત્યેનું કર્તવ્ય અને
પત્ની પ્રત્યેની ભાવના વચ્ચે રામચંદ્રજીએ શો નિર્ણય
કર્યો ? ઉપરથી દેખાતો વિસંવાદ ઊભો થાય, તો શું કરવું ?
'सहजं किलयद् विनिन्दितं न खलु तत्कर्म विवर्जनीयं।
पशुमारणकर्म दारुणो अनुकंपा मृदुरेव श्रोत्रियः ॥'
(પરિશિષ્ટ-૩૩)

0 રસાનંદ અને બ્રહ્માનંદ સહોદર છે.
સાહિત્યશાસ્ત્રીઓ આનંદવર્ધન અને અભિનવગુપ્ત કહે છે.

0 સાંખ્ય સિદ્ધાંતમાં પ્રકૃતિ, શૈવસિદ્ધાંતમાં શક્તિ
અને વૈષ્ણવ સિદ્ધાંતમાં લક્ષ્મી મુખ્ય છે.

0 'નાહં વસામિ વૈકુંઠે
યોગીનાં હૃદયે અપિ ।
મદ્ભક્તા યત્ર ગાયન્તિ
તત્ર તિષ્ઠામિ નારદ ! ॥' (પરિશિષ્ટ-૩૪)

0 હિંસા કે ક્રોધ ન કરીએ એટલું જ નહિ પણ અહિંસા, સત્ય તથા પ્રેમભાવ પ્રત્યે નિષ્ઠા વધારવાની જરૂર છે.

0 આપણે વાસી ચંદનકલ્પ બનવાની જરૂર છે. કુહાડી સુખડને કાપે છે, છતાં સુખડ તો કુહાડીને સુગંધ જ આપે છે.

0 ચિંતન વડે દોષોને ધોઈ, જીવનપલટો કરી, નવા જ મનુષ્ય બનાય, તો ઘણું કામ કરી શકાય.

0 દીન ચરિત ધર્મ એક જ. મહાજન ચરિત અનેક પંથ.

0 ઈશ્વર ઉપર ભરોસો અને સત્કર્મો - જે મળીને એક વસ્તુ બને છે. એક આંતરિક છે, બીજું બાહ્ય.

0 કાતર જેવા નહિ, સોય જેવા થાઓ. યંત્રોના ઘર્ષણ

જ્યોતે તેલ પુરનારા પાત્રો. જ્યાં યંત્રો ચાલુ હોય, ત્યાં ઘર્ષણ તો થાય જ. તેલ પુરનાર હોય, તો જ ઘસારો ઓછો થાય. તેલ એટલે સ્નેહ, સ્નેહ એટલે સુગંધ, સુગંધ એટલે ચંદન, ચંદન એટલે સર્વ સાથે મૈત્રી, હિત-ચિંતાયુક્ત જીવન. જીવનના અણુ એ અણુમાં પરહિત-ચિંતાનો ભાવ હોવો, એ જ સાચું ચંદનતુલ્ય જીવન છે. તે માત્ર મિત્રને નહિ, શત્રુને પણ મિત્ર તુલ્યભાવ દે છે.

૦ સેવક હંમેશાં નમ્ર અને સેવા માટે તત્પર હોય છે, તેમ સર્વ જીવો ઉપર પરમ પ્રેમભાવ ધારણ કરનારા સર્વ સત્પુરુષો પ્રત્યે નમ્ર અને સેવાતત્પર રહેવું, તે નમસ્કારનો રહસ્યાર્થ છે.

૦ દરેક નેતા ન બની શકે પણ સેવક કે સ્થિતપ્રજ્ઞ બની શકે. નેતા થવાની સામગ્રી સૌને ન મળે પણ સેવક કે સ્થિતપ્રજ્ઞ થવાની સામગ્રી તો અંદર ભરેલી છે જ.

૦ વાણી અને ચિંતનથી જેમ પ્રભુસેવા થાય છે, તેમ શરીર કર્મથી પણ સેવા થઈ શકે છે. દિવસનો મુખ્ય ભાગ તો સેવાકાર્યમાં જ જવો જરૂરી છે. સેવાકાર્ય તો કરવું જ પણ 'હું સેવાકાર્ય કરું છું' એવો અહંકાર છોડવો. સૂરજ એક ક્ષણ પણ વિરામ પામ્યાં વિના જગતને

પ્રકાશ આપે છે, છતાં જગતમાં અજ્ઞાન જ રહે છે. આખરે આપણો સ્વાર્થ સંભાળવો, એ સત્ય જ છે, પણ એક દિવસ જે શરીરને અવશ્ય છોડી જવાનું છે, તે દ્વારા તેને ભક્તિસેવામાં સુખડની જેમ ઘસી નાખવું જોઈએ. સેવા ન કરી તો મનુષ્ય જન્મ ધરી, મેળવ્યું શું?

0 આત્માની દેહવ્યાપિતાની સાથે નયવાદથી
વિશ્વવ્યાપિતા પણ સ્વીકારવી જોઈએ.

વ્યક્તિ જે પ્રભુ માટે ચિંતા કરે, એ પ્રભુ અંગે જો ભક્તિ ન હોય, નિષ્ઠા ન હોય, તો કહેનારનો પ્રભાવ પડતો નથી. દૃષ્ટિ, પ્રીતિ અને ભક્તિ ત્રણેનો સમન્વય આવશ્યક છે. મોટા અને અશક્ય આદર્શ પાછળ
વ્યક્તિ ભૂલા પડે, એ અવ્યવહારુ માર્ગ છે.

સમાજ, રાજ્ય અને ધર્મ - એ ત્રણ રાષ્ટ્રનાં
અગત્યનાં અંગો છે. તે ત્રણેનો સુમેળ થવો જોઈએ.

0 શુદ્ધ દ્રવ્યાસ્તિક નય એ પરસંગ્રહ અને
શુદ્ધ પર્યાયાસ્તિક નય એ એવંભૂત છે.

ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એ મણિ છે, સત્ એ માળા છે. છૂટાં-છૂટાં મણિ એ માળા નથી. ગૂંથાયેલા મણિથી માળા બને છે.

0 દીનતા, શરણાગતિ, ક્ષમાયાચના દ્વારા ઈશ્વરનો મહિમા

અર્હં

અને પોતાની અશક્તિ સમજાય, ત્યારે જ
સાચી પ્રાર્થના થઈ શકે છે. માહાત્મ્ય જ્ઞાન દ્વારા થતી
ઈશ્વર ભક્તિ એ જ સાચી ભક્તિ છે.

વિચારોમાં શક્તિ છે.

'પાપનો નાશ અને મંગલ થાઓ' તેમ નમસ્કાર કરે છે,
તે જ વસ્તુ વિચારની શક્તિ બતાવે છે.

ભાદરવા વદી ૨

અહં અને અર્હં : લૌકિક - લોકોત્તર બધી પ્રવૃત્તિઓ, જે અહંકારમૂલક અનાદિકાળથી થાય છે, તેને નમસ્કાર-મૂલક બનાવવી જોઈએ. એ જ સર્વ શાસ્ત્રનો સાર જણાય છે અને ચૌદ જ ચૌદ પૂર્વનો સાર નમસ્કાર છે, એ સંગત છે. અહંકારભાવ ભવભ્રમણનો હેતુ છે અને નમસ્કારભાવ ભવનો અંત લાવનાર છે.

o કર્તૃત્વ પાંચ કારણોનું હોવા છતાં પોતાના એકનું જ માનવું, તે અહંકારભાવ છે. પાંચેનું સમુદાય રૂપે કર્તૃત્વ સ્વીકારીને વ્યવહારથી પંચ પરમેષ્ઠિ અને તેમાં ય પ્રધાન પરમેષ્ઠિ ભગવંતનું કર્તૃત્વ સ્વીકારવું, એ સમ્યક્ત્વ છે. પાંચ સમવાયનું કર્તૃત્વ એ નિશ્ચય સમ્યક્ત્વ - અરિહંત પ્રભુનું કર્તૃત્વ સ્વીકારવું, એ વ્યવહાર સમ્યક્ત્વ છે.

અર્હં

## કુદરત કેવા વિચારની સદા તરફેણ કરે?

વિચારની શક્તિ સાધકમાં નવકાર દ્વારા
એવું વાતાવરણ સર્જશે, જેના વડે પાપ કરાવનારી
વસ્તુ અને વાતાવરણ આપોઆપ દૂર થશે.

જેઓ 'સર્વભૂતહિતેરતાઃ ।' એવા ભાવવાળા હોય, તે જૈન હોય કે જૈનેતર હોય, તેને કુદરત સરખો જ ન્યાય આપે છે. કુદરત નિષ્પક્ષ હોય છે, તેને વ્યક્તિ કે ધર્મ સાથે સંબંધ નથી, કૃતિ અને વિચાર સાથે સંબંધ છે.

'વિશ્વમાં શાંતિ વરસાવનાર અરિહંત પરમાત્મા અને સર્વ જીવોનું હિત ચિંતવનાર એવા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતોનો જય થાઓ, વિજય થાઓ'
એ વિચારમાં અદ્‌ભુત તાકાત છે.

કુદરત તે વિચારની સદા તરફેણ કરે છે. સર્વ જીવોને
તેમના વિજયમાં જ વિજય અને આનંદ છે.

o રાગદ્વેષવિજેતારં જ્ઞાતારં વિશ્વવસ્તુનઃ ।
શક્રપૂજ્યં ગિરામીશં તીર્થેશં સ્મૃતિમાનયે ॥

પ્રમાણનય તત્ત્વાલોકાલંકાર સ્વોપજ્ઞ ટીકાનું મંગલાચરણ

'એતેનાપરગુરુરપિ ગણધરાદિરસ્મદ્ગુરુપર્યન્તો વ્યાખ્યાતઃ,
તસ્યૈકદેશેન નિગદિતસાધનાધિકરણત્વાદપરગુરુત્વોપપત્તેઃ ।'

(પરિશિષ્ટ-૩૫)

अर्हं

મનુષ્યનો વિકાસ એટલે તેના આંતરિક જીવનની
ઉર્ધ્વગતિ. જીવનમાં અદૃશ્ય રીતે રહેલાં ઉચ્ચસ્તરોમાં
આરોહણ અને તે ભૂમિકામાં સ્થાયી વસવાટ કરીને
નિમ્નસ્તરોનું રૂપાંતર.

મનુષ્ય જ્યાં સુધી પોતાના મન અને શરીરનો દાસ છે,
જ્યાં સુધી તેનામાં દેહાધ્યાસ છે, ત્યાં સુધી
તે મનુષ્ય નહિ પણ પામર કોટિનું પ્રાણી છે.

સંસ્કૃતિનું હૃદય - સર્વોત્કૃષ્ટ આદર્શ (પોષક, રક્ષક).
સંસ્કૃતિનું સૂક્ષ્મશરીર - સાહિત્ય, કલા (શ્રુતધારક).
સંસ્કૃતિનું સ્થૂલશરીર - સમાજ વ્યવસ્થા (સમર્થક).

0 निधनम् - परवशम्

'व्यवच्छेदश्चेह सर्वत्र गुणप्रकर्षवान् स्तवार्ह इति,
तस्य तत्संपादने तदन्तर्गतगुणानां तत्संपादनमेवेति
न्यायस्थापनार्थमिति, न तु निराकरणार्थमेव।'

- શ્રી પંચસૂત્ર પ્રથમ સૂત્ર, ટીકા પૃ-૨, પું-૧

परमेश्वरवाचकम्, पञ्चस्तु परमेष्ठिषु मध्ये शेष
परमेष्ठिचतुष्टयोपदर्शकत्वेन च मुक्तिमार्गोपदेशकत्वेन
प्रकृष्टस्य परमेश्वरस्य अर्हद्रूपस्याभिधायकम्।

- हैम प्रकाशी। (परिशिष्ट-३६)

અકિંચન મનુષ્ય ખરી રીતે દરિદ્ર છે, એમ નહિ પણ સંગ્રહ-પરિગ્રહવૃત્તિવાળો મનુષ્ય જ ખરેખરો દરિદ્ર છે.

કરુણા એ પ્રવૃત્તિરૂપ નહિ પણ ભાવરૂપ છે. ચાર ભાવનામાં એને સ્થાન છે. પ્રવૃત્તિ તો તજવાની છે. પ્રવૃત્તિનું મૂળ કારણ કરુણાભાવ છે. સમ્યક્ત્વના લક્ષણમાં પણ કરુણાને સ્થાન છે જ. તે નિશ્ચય સમ્યક્ત્વના લક્ષણરૂપ હોવાથી પ્રવૃત્તિ વ્યવહારમાં તેનો અર્થ શા રીતે લેવાય? માનસિક ઇચ્છા-ભાવનાને પણ માનસિક પ્રવૃત્તિ કહેવાથી 'પ્રવૃત્તિ' શબ્દનો અર્થ સંગત થાય છે. ભાવના એટલે માનસિક ઇચ્છા-પ્રવૃત્તિ, આત્મપરિણામ. કરુણાભાવ એટલે નવાન આદર્શો-મનસ્થાંકનો-ભાવો.

કરુણાભાવ માનસિક પ્રવૃત્તિરૂપ છે.

સર્વ જીવોએ મારા ઉપર અનંતા ઉપકારો કર્યા, પરન્તુ મેં સ્વાર્થને વશ થઈ ક્યારેય પરાર્થે કાંઈ કર્યું નહિ.

કૃતજ્ઞતાભાવ સરખો પણ સ્પર્શ્યો નહિ. જગતનો પરોપકાર આપણામાં કૃતજ્ઞતાભાવ પ્રેરે છે. આપણો કૃતજ્ઞતાભાવ જગત ઉપર પરોપકારભાવ જગાડે છે. આત્મસાક્ષાત્કાર માટે સ્થૈર્ય અને શુદ્ધ બુદ્ધિની અનિવાર્ય આવશ્યકતા છે. લાંબા સમયની આદતને લીધે આપણી

સર્વશક્તિ આપણા અહંકારને પોષવામાં જ વપરાય છે.
એનો ઉપયોગ આપણે સર્વાત્મભાવ અને
વિશ્વકુટુંબભાવની સાધના માટે કરવો જોઈએ.
ધર્મ આપણને ઈશ્વરપરાયણ જીવન ગાળવામાં સહાયતા
કરે છે. આપણા હૃદયની અહંતા-મમતારૂપી ગ્રન્થીઓનો
ઉચ્છેદ કરી નાંખી, અંતરમાં ચાલતાં સંઘર્ષોને શમાવી દે છે.
ધર્મ આપણને વિશ્વજીવનના સતત વહેતાં
મહાપ્રવાહમાં પ્રથમ નાંખે છે, પછી આપણે તેમાં
વહેવા માંડી ઈશ્વરેચ્છાનું પાલન શીખીએ છીએ.
'ધર્મ' શબ્દનો અર્થ ધારણ કરનાર,
પરમ પ્રત્યેના માર્ગની દોરવણી આપનાર થાય છે.
'ધર્મ' શબ્દમાં જ ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર છે.
ઈશ્વરતત્ત્વને સમજવાની, જાણવાની ઉત્કંઠા અને તદનુસાર
આચરણ કરવાની વૃત્તિને જ 'ધર્મ' કહેવામાં આવે છે.
'મોક્ષના હેતુ માટે ધર્મ છે' આ પંક્તિનો
ખરો અર્થ છે આત્માનું પરમસ્વરૂપ
પ્રાપ્ત કરવા માટેના ઉપાયનું નામ 'ધર્મ' છે.
ધર્મ અને મોક્ષને કાર્ય-કારણભાવ સંબંધ છે.
એકને કહેવાથી બીજું કહેવાઈ જાય છે.

## 'કૌશલ્યપૂર્વક કામ કરવું' એટલે

ક્લિષ્ટ લાગણીઓને વશ થયા વિના કામ કરવાની શક્તિ.

o બાળકને દુઃખી જોઈ પોતાનું દુઃખ ભૂલી જવું, બાળકને દુઃખમુક્ત કરવો, એ માનવમાત્રની સર્વ પ્રથમ અને સર્વશ્રેષ્ઠ ફરજ છે. હક્ક માગવાની નહિ પણ બદલો વાળી આપવાની તત્પરતા અને એ ના બને, ત્યારે આંખો ભરાઈ આવે એનું નામ '<u>માનવતા</u>'.

પરીષહ, ગૌરવ વગેરે ભાવનાત્મક સિદ્ધિઓ છે. પુરાણોની કથાઓ કાં તો કલ્પનાઓ કે રૂપકો માનો, તો ય તેમાંથી જીવન જીવતાં શીખવાની કળા સિદ્ધ થઈ શકે છે.

o એકત્વ - સમત્વનો વિવેક એ <u>જ્ઞાન</u> છે.
અનેકત્વ, વિવિધત્વનો પરિચય એ <u>વિજ્ઞાન</u> છે.
યોગથી જ્ઞાન અને પ્રયોગથી વિજ્ઞાન.
જ્ઞાનથી <u>નિર્વાણ</u> અને વિજ્ઞાનથી <u>નિર્માણ</u>.
<u>જ્ઞાનનો સંબંધ ધર્મ - મોક્ષપુરુષાર્થ સાથે છે.</u>
<u>વિજ્ઞાનનો સંબંધ અર્થ - કામપુરુષાર્થ સાથે છે.</u>
જ્ઞાન - વિજ્ઞાનના યથાર્થ ઉપયોગને <u>સમ્યગ્જ્ઞાન</u> તથા તેના અયથાર્થ ઉપયોગને <u>મિથ્યાજ્ઞાન</u> કહે છે.
જ્ઞાન વિનાનું વિજ્ઞાન <u>શૈતાન</u>, વિજ્ઞાન વિનાનું જ્ઞાન <u>હેવાન</u>.

રાગ - વિરાગનું મિલન ઈન્સાનરૂપ બને

રાગ - વિરાગનું પ્રભુત્વ ભગવાનરૂપ છે.

રાગ - વિરાગ, અરાગ અને સમ્યગ્રાગની

પેલે પાર ભક્તિરસ રહે છે.

પ્રભુપ્રેમ રાગની ઉપરની અવસ્થાથી શરૂ થાય છે.

પ્રભુપ્રેમથી આત્મા સાર્થક થાય છે.

सुहृदं सर्वभूतानाम् समोऽहं सर्वभूतेषु ।

બંધનથી છૂટવા માટે બે માર્ગ છે : ભક્તિ અને રાગ.
દોરડાના બંધનને તોડવા માટે કાં તો જોર કરવું પડે, કાં તો
નાના - લઘુ બનવું પડે. નાના બનવાનો માર્ગ સર્વથી
સુલભ છે, અવિશ્વાસી અને અવિનયી માટે દુર્લભ છે.

तृणादपि सुनीचेन तरोरिव सहिष्णुना ।
अमानिना मानदेन कीर्तनीयः सदा हरिः ॥ (परिशिष्ट-३७)

ભક્તિ માટે સર્વથી નાના બનવું પડે છે.

ભગવત્કૃપા અહૈતુકી - સર્વ માટે સમાન છે.

ભક્તિમાં બુદ્ધિનું નહિ પણ વિનય - વિશ્વાસનું કામ છે.

વિનય લઘુતા લાવે છે - વિશ્વાસ દૃઢતા લાવે છે.

o અહંકારનો અલ્પકાળને માટે પણ ત્યાગ થાય,
તો અનંત શાંતિનો અનુભવ થાય છે.

આત્મામાં શાંતતા પ્રગટે, તેનો ખાસ કાંઈ અંશ મન કે
બુદ્ધિમાં આવી શકતો નથી, જેટલો મન-બુદ્ધિમાં આવે,
તેનો અંશ પણ વાણીમાં આવી શકતો નથી
અને જેટલો વાણીમાં આવે,
તેનો અંશ પણ શરીરની ચેષ્ટામાં આવી શકતો નથી.

## દાનધર્મનો અદ્ભૂત મહિમા

કરુણા અને ઉદારતા દાનધર્મનો મૂળ સ્રોત છે.
દાનધર્મથી આપનારને ચિત્તની પ્રસન્નતા અને
લેનારને દેહનો આરામ પ્રાપ્ત થાય છે.
રાક્ષસોને દયા - દેવોને દમન - મનુષ્યોને દાન દેવું ઘટે.
વૃક્ષ ફળ - છાયા, નદી જળ - વાદળ, વનસ્પતિ
ભોજન - ઔષધિ, સૂર્ય પ્રકાશ - ગરમી, વાયુ શ્વાસ -
જીવન, પૃથ્વી સ્થાન - અન્નાદિ આપે છે, તે દાન છે.
સહયોગ, સહાનુભૂતિ, પ્રેમ, વાત્સલ્ય, આશ્વાસન એ પણ
એક પ્રકારનું દાન છે. કેવળ વસ્તુઓનું દાન એ જ દાન છે,
એમ નહિ પણ ભાવ - રાગ - પ્રેમનું દાન પણ દાન છે.
કોમળ વૃત્તિઓમાં પ્રેમ અને કરુણાનું વિશિષ્ટ સ્થાન છે,
દયા એ અભયનું દાન છે. ક્ષમા પણ એક પ્રકારે દાન છે.
સમુદ્ર જળનો સંગ્રહ કરે છે, માટે જ તે રસાતળને પામે છે.

'પ્રબન્ધ ચિંતામણી'માં કહ્યું છે કે:

संग्रहैकपरः प्राप्तः समुद्रोऽपि रसातलम् ।
दाता तु जलदः पश्य भुवनोपरि गर्जति ॥

અર્થાત્: બાદલ સર્વને જલ આપે છે, માટે આકાશની પણ ઉપર ચઢે છે અને ગર્જારવ કરે છે.

દાનના પાંચ ભૂષણ

(૧) આનંદાશ્રુ (૨) મનમાં બહુમાન
(૩) શરીરમાં રોમાંચ (૪) દાનનું અનુમોદન (૫) પ્રિય વચન.

દાનના પાંચ દૂષણ

(૧) અનાદર (૨) કાલવિલંબ
(૩) તિરસ્કાર (૪) કટુ વચન (૫) પશ્ચાતાપ.

અભિમાન, યશકીર્તિની કામના, ફલાશંસા, અપાત્ર - કુપાત્ર ત્યજને લજ્જા - દાક્ષિણ્યપૂર્વક દાન કરવું જોઈએ. અહીં દાતાનું દર્શન કે દર્શન નહિ પણ અનુમોદન છે. જોવાથી અને સાંભળવામાત્રથી પુણ્ય બંધાતું નહિ પણ પુણ્યવાનને જોવાથી અને પુણ્યવાનની વાત સાંભળવાથી અનુમોદન, પ્રમોદ અને જે હર્ષાતિરેક થાય, તે પુણ્યબંધનો હેતુ છે.

જેના અનુમોદનમાત્રથી મહાન સિદ્ધિ થાય,
તેને સ્વ જીવનમાં આચરવાથી તો કહેવું જ શું ?

दानेन भोगाः सुलभा भवन्ति
दानेन वैराण्यपि यान्ति नाशम् ।
दानेन भूतानि वशीभवन्ति
तस्माद्धि दानं सततं प्रदेयम् ॥

०

भिक्षुका नैव याचन्ते
न दत्तं दिनमर्थिनाम् ।
तद्धनं नैव जानामि
प्रातः कस्य भविष्यति ? ॥

०

व्रतानां पालने नैव
तद् गूढमात्मदर्शनम् ।
जायते यमिनां नून-
मात्म-विश्वासकारणम् ॥

०

सर्वभूतेषु येनैकं
भावमव्ययमीक्षते ।
अविभक्तं विभक्तेषु
तज्ज्ञानं विद्धि सात्त्विकम् ॥ (परिशिष्ट-३८)

## દુઃખનાં બે કારણ : અભાવ અને અતૃપ્તિ.

સર્વ સુખોમાં અધ્યાત્મ વિચાર એ સુખનું પ્રધાન સાધન છે.

o આનંદનો લાભ એ મિત્રતા, નમ્રતા, પ્રેમના
અભ્યાસ અને પ્રયોગથી દૂર થઈ શકે છે.

'કોઈ શત્રુ નહિ સર્વ મિત્ર છે,
સર્વહિતૈષી - સહાયક છે.

સર્વમાં આપણું પોતાનું તત્ત્વ વિખરાઈને પડેલું છે.
મિત્રતા - પ્રેમ - સૌહાર્દના મંજુલ અને
ઉદાર વાતાવરણ ચારેબાજુ ભરેલાં છે!

આ વિચારોમાં રહેવાનો અભ્યાસ પાડવો જોઈએ.

મનુષ્ય પોતાની ત્રુટિઓ અને ભાવાત્મક દ્વંદ્વોને સંસાર પર આરોપિત કરે છે અને તેનો બદલો લેવાની ચેષ્ટા કરે છે. કામવિતર્ક - વૈરાગ્ય વડે, આનંદવિતર્ક - પ્રેમ વડે, વ્યાપાદવિતર્ક - સ્થૈર્ય વડે જીતી શકાય છે.

(વ્યાપાદ = નિરર્થક અને વિતર્ક = વિકલ્પ)

o તૃષ્ણા આગ છે - સંતોષ એ જલ છે.
તૃષ્ણા વિષ છે - સંતોષ એ અમૃત છે.
તૃષ્ણા મૃત્યુ છે - સંતોષ એ જીવન છે.

સાત્ત્વિકદાન - આસક્તિ - દાન - ભિક્ષા.

'માનવ જગતની સઘળી આકૃતિઓને પૂરવાની મૌલિક શક્તિ આંખ અને અંતરના આભામાં છે.'

## <u>પૃથક્ત્વ વિતર્ક સવિચાર - શેનાથી શું અલગ પાડવું?</u>

જીવથી અજીવ પૃથક્ કરવો.
વિભાવથી સ્વભાવ પૃથક્ કરવો.
દ્રવ્યથી પર્યાય પૃથક્ કરવો.
પર્યાયને ગુણથી પૃથક્ કરવો.
ગુણને પર્યાયથી પૃથક્ કરવો.
ગુણ - પર્યાયને દ્રવ્યથી પૃથક્ કરવા.
સ્વધર્મથી ધર્માંતરને પૃથક્ કરવો.
સાત નય દ્વારા આત્મતત્ત્વનો વિચાર કરવો.
સાતે નયે ભિન્ન ભિન્ન આત્મસ્વરૂપ વિચારવું.
વિચાર દ્વારા તે તે નયની ભૂમિકાનો અનુભવ કરવો.

## <u>એકત્વ વિતર્ક અવિચાર</u>

ધર્માસ્તિકાયાદિના ગુણ - પર્યાયોનો વિચાર ન કરવો.
અનંત જીવોનો જુદો વિચાર ન કરવો.
આત્માના જ્ઞાનાદિ ગુણોનો વિચાર ન કરવો.
વિશેષને સામાન્યમાં ભાવવું. અનંત ગુણોનો એક આત્મ-દ્રવ્યે સમાવેશ કરવો. અનંત આત્માનો એક સત્તા

સામાન્યમાં અને અનેક દ્રવ્યની સામાન્ય જાતિઓનો
એક મહાસત્તા સામાન્યમાં સમાવેશ કરવો.

જેવું આલંબન, તે આકારે ઉપયોગ પરિણામ પામે છે.
જે વસ્તુનો બોધ કરવો હોય, તે વસ્તુમાં તદાકાર
પરિણમવાની જરૂર પડે છે. વધારે વખત પરિણામ
રહેવાથી બીજા આકારે મન પરિણામાંતર ન પામે, તેને
'ધ્યાન' કહે છે. શુક્લ ધ્યાન માટે આત્માની શુદ્ધિ શ્રદ્ધા,
ભાવના અને ધ્યાન આવશ્યક છે.

સિદ્ધમાં જ્ઞાન અને આનંદ છે, જ્ઞાન એ જ આનંદ છે.
મન વિષ છે, મન અગ્નિ છે, મન જલ છે.
મન એ જન્મ - મરણનું કારણ હોવાથી ઝેર,
દુઃખરૂપ દાહનું કારણ હોવાથી અગ્નિ છે.
મન જ એ તારવાનું જલ પણ છે.
માટે એ જલને બહાર કાઢવું અથવા શોષવું.

ધ્યાન એ ઉપાસના છે અને ઉપાસ્ય એ જેની
સમીપે આત્માનો આશ્રય લઈ શકાય, તે સ્થાનવિશેષ છે.
ધ્યાન વખતે અરિહંતના ઉપયોગમાં રહેલો
આત્મા પણ અરિહંત સ્વરૂપ છે.
અભ્યાસદશાનું જ્ઞાન મૈત્ર્યાદિ લાવે છે.

અર્હં

ધર્મ છે ધ્યાન જેનું તે મૈત્ર્યાદિભાવોનું નામ ધર્મધ્યાન
અથવા વિશિષ્ટ ધર્મનું ધ્યાન તે ધર્મધ્યાન.

નિદિધ્યાસન, શ્રવણ તથા મનન બાદ તદાકાર પરિણમન

તત્ત્વ, પ્રાપ્ત કરવા લાયક સારભૂત વસ્તુ તે આત્મા.

ધ્યાનથી નિર્મળતા આવે છે અને નિર્મળ મનમાં આત્મભાન થાય છે. તે અભાન દૂર કરાવી, આત્મભાન કરાવે છે, કર્તવ્ય સમજાવે છે, આત્મશુદ્ધિ કરે છે, શાશ્વતપદનો સમાગમ આત્મામાં કરાવી આપે છે.

ધર્મધ્યાનની ઉત્કૃષ્ટ હદ એ જ
શુક્લ ધ્યાનનો પ્રારંભ છે.

ધર્મધ્યાનનો ચોથો રૂપાતીત ભેદ એ
શુક્લ ધ્યાનનો પહેલો પ્રકાર ગણાય છે.

o ભગવંતો ધર્મદાતૃત્વ - ધર્મ પરિપાલન આદિ પ્રકારે સદુપદેશ, શ્રવણની યોગ્યતા ઉપજાવનારાં અનુગ્રહ તથા કૃપાપ્રસાદના સંપાદનાદિ વડે સદ્દેશનાની યોગ્યતા ઉપજાવનારો અનુગ્રહ કરે છે. તે વડે તેઓનું તાત્ત્વિક ધર્મદાતૃત્વ છે અને દાતૃત્વ આદિ પ્રકારે જ ધર્મચક્રવર્તિપણાં રૂપ પરમ શાસ્તૃત્વ સંપદ્ છે. ભગવંત પ્રત્યે બહુમાન ઉપજવું, એ જ ભગવંતનો અનુગ્રહ છે.

ભગવદ્ બહુમાનભક્તિ અનુગ્રહથી જ
સદ્દેશનાની યોગ્યતા ઉપજે છે.

**અશ્રદ્ધા અને અંધશ્રદ્ધા એ ઝેર છે.**

ગમે ત્યાં વગર જોયે ઝુકી જવાની બાળકબુદ્ધિ અંધશ્રદ્ધા છે, એ પહેલું ઝેર છે. કુટિલ ટીકાઓ જ કરવાની મનુષ્યત્વહીન લાગણીઓ એ અશ્રદ્ધા, એ પહેલું વિષ છે.

શુદ્ધ વિચારકબુદ્ધિ અને અવલોકનશક્તિ - એ શ્રદ્ધા રૂપી અમૃતને પેદા કરે છે. આત્મા અને પરમાત્માનો યોગ સાધવો, એ જ ખરો પુરુષાર્થ છે.

o **ચહેરાનું રત્ન આંખો છે.**

o સંયમમાં પ્રેમની મીઠાશ, સમતાની શીતળતા, કર્તવ્યનું ગૌરવ અને પ્રખર ઇચ્છાશક્તિ જરૂરી છે.

સાધકનું દિવ્ય હૃદય એ ગંગા અને બુદ્ધિ એ યમુના છે.
નિઃસ્પૃહી, સરળ, નિરાડંબરી જીવન આવશ્યક છે.
ભૂતકાળનું સ્મરણ અને ભવિષ્યનું ચિંતન ન કરતાં વર્તમાન ક્ષણનું જ ધ્યાન કરવું જોઇએ.
સંયમજીવનમાં દયા, ભલાઈ, પરદુઃખ દૂર કરવાની બુદ્ધિ - ઇચ્છા અને પ્રયત્ન જરૂરી છે.
હૃદય અને બુદ્ધિનો સહચાર એ જ સાચો વિવેક છે.

આધ્યાત્મિક, સમતાલક્ષી, કુદરતના મહાસત્ય સાથે
સત્યગુણ તાદાત્મ્ય સાધી અનંત શક્તિને
પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો, તે યોગનું કાર્ય છે.

નિર્મળ અંતઃકરણ એ સાધુની પવિત્ર પુંજી છે.
આત્મઝરણાંમાં રમણ એ તેમની પવિત્ર ક્રીડા છે.

વાણી વડે કરાતો ઉપદેશ માત્ર બુદ્ધિને જ સ્પર્શે છે.
કરુણા વખતે જીભ કરતાં આંખો વધુ બોલે છે.

મંદિરોને પણ પાયા હોય છે,
લાગણી અને ભાવના પણ હોય છે.

વ્યષ્ટિને સમષ્ટિ સાથે જોડવું.

મગજમાં ખીચડી કરે અને જીવનમાં જો એક પણ
સુંદર સ્થિતિ ન સર્જે, તો તે ભણતર શું કામનું ?

જગતને સુધારી દેવાની ભયંકર દયાવૃત્તિનો
જૈની વાવંટોળ એ એક પ્રકારનો રોગ છે.

o સમાજમાં પ્રેમ, સ્વચ્છતા, મોકળાશ રાખવા.

o આ જિનધર્મની શ્રેષ્ઠતા, મંગળમયતા, કલ્યાણકારકતા
અને પ્રધાનતાનું કારણ તેની કરુણામાં છુપાયેલું છે.
જિનધર્મ કરુણાપ્રધાન છે. દુઃખિતનાં દુઃખનો નાશ
કરવાની ઇચ્છા અને પ્રવૃત્તિ એ કરુણા છે.

अर्हं

કરુણાનું કાર્ય દેવ-ગુરુ અને ધર્મનું ધ્યાન છે.

કરુણા એ સર્વ દુઃખનું છેદન કરનારી છે.

કરુણાભાવની ભક્તિ એ જ ભક્તિ છે, પૂજા છે.

કરુણાહીનની પૂજા-ભક્તિ-આરાધના ધર્મરૂપ ન બની શકે.

દાનમાં કરુણા છે. શીલમાં કરુણા છે.

તપમાં કરુણા છે. ભાવમાં કરુણા છે.

કરુણામાં સર્વને સુખી કરવાની કામના અને

સર્વનાં દુઃખને દૂર કરવાની ઝંખના છે.

એ કામના અને ઝંખના જ અમૃત છે,

તેથી તે અજરામરતા અર્પનારી છે.

o सव्वत्थ उचियकरणं गुणाणुराओ रई य जिणधम्मे ।
अगुणेसु य मज्झत्थं, सम्मद्दिट्ठिस्स लिंगाइं ॥ અર્થાત્:
સમ્યગ્દૃષ્ટિનાં લિંગો એ સર્વત્ર ઉચિતકરણ, ગુણાનુરાગ,
જિનધર્મમાં રતિ અને નિર્ગુણીમાં માધ્યસ્થ્ય છે.

o દુનિયાનાં સર્ટિફીકેટ એ ભીખની ટીકીટ છે.

o દરેક પ્રાણી ઉપર સમભાવ - એ
વિશ્વમાત્રનું કલ્યાણ કરવાનું પ્રથમ પગથિયું છે.

o યોગાભ્યાસથી વિશ્વદૃષ્ટિ પ્રાપ્ત થાય છે.

o સત્ય તે મારું, પણ મારું તે સત્ય નહિ.

'ॐ पूर्णमदः पूर्णमिदं
पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय
पूर्णमेवावशिष्यते ॥ १ ॥'

<u>અર્થ</u> : આ પૂર્ણ છે, તે પૂર્ણ છે,
પૂર્ણમાંથી પૂર્ણ ઉપજે છે,
પૂર્ણમાંથી પૂર્ણ લેવામાં આવે, તો પણ પૂર્ણ જ રહે છે.
(પૂર્ણ = અનંત = અંત વિનાનું)

अदः - ते - युष्मद्, इदम् - आ - अस्मद् ।
अस् - To be - निर्गुण, भू - To become - सगुण.
વિવિધ લક્ષણયુક્ત થવું, થઈ શકે તેવું હોવું.
સગુણ ગર્ભે નિર્ગુણ, બહુ - ભૂ, બ્રહ્મન્ - નિર્ગુણ,
आत्मन् - सगुणनिर्गुण, भूमन - सगुण.
विजुगुप्सते - विचिकित्सते ।

0 કંટાળો, નિંદા, તિરસ્કાર, ઘૃણા, દૂરાભાવ,
અલગતા, ગોપન આદિ મનોવૃત્તિઓ પ્રશસ્ય નથી.
શાસ્ત્રપઠનથી સંશય રહેતો નથી.

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥
– <u>ગીતા, ૧૨ - ૧૫</u> (પરિશિષ્ટ-૩૯)

यस्तु सर्वाणि भूतानि आत्मन्येवानुपश्यति ।
सर्वभूतेषु चात्मानं ततो न विजुगुप्सते ॥

- ईशा० ६ (परिशिष्ट-४०)

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥

- गीता, ६-२९ (परिशिष्ट-४१)

આત્માનાં બધાં ભૂતો વિસર્જન - સંશ્લેષણ - આત્માર્થ.
સર્વ ભૂતોમાં આત્મા વિશ્લેષણ - આહ્વાન - પરાર્થ.
ઉપકાર એ આત્માર્થનું મહત્ત્વ બતાવે છે.

| | |
|---|---|
| यदाप्नोति यदादत्ते | आप् व्याप्तौ |
| यच्चात्ति विषयानिह । | आ + दा आदाने |
| यच्चास्य संततो भावः | अद् - भक्षणे |
| तस्मादात्मेति कीर्त्यते ॥ | अत् - सातत्यगमने । |

(परिशिष्ट-४२)

જ્ઞાન = બુદ્ધિ વડે જાણવું.
વિજ્ઞાન = જીવનમાં અનુભવવું.

જ્ઞાન થયાં પછી તેને આચરણ દ્વારા કૃતિ મારફત પચાવવું, આત્મસાત્ કરવું, એટલે તે વિજ્ઞાન બને.
જ્ઞાતા + કર્તા = વિજ્ઞાતા. અનુદર્શન = સતત દર્શન.

'यस्मिन् सर्वाणि भूतानि आत्मैवाऽभूद् विजानतः ।
तत्र को मोहः कः शोकः एकत्वमनुपश्यतः ॥'

- ज्ञान - विज्ञान

'ज्ञानेन तु तदज्ञानम् येषां नाशितमात्मनः ।
तेषामादित्यवत् ज्ञानम् प्रकाशयति तत्परम् ॥'

(પરિશિષ્ટ-૪૩)

સંકુચિત આત્મીયતામાંથી જે મોહ પેદા થાય છે,
તે જ વિયોગ વખતે શોકનું કારણ થાય છે.
વ્યાપક આત્મીયતામાં મોહનો સંભવ નથી.

વ્યાપક આત્મીયતા દરેકને ભાઈરૂપે રાખે છે = ભક્તિ. દુનિયામાં જે જીવન છે, તે બધું ઈશ્વરથી ભરેલું છે. કોઈપણ સ્થાન ઈશ્વર વગરનું ખાલી નથી. સત્તાની ભાષામાં કહીએ તો 'અહીં બધે તેની સત્તા છે, તે જ એકલો સ્વામી છે.' આ સમજવાથી આપણે બધું તેને જ સમર્પણ કરવું જોઈએ અને 'જે કંઈ મળે, તે તેનાં પ્રસાદરૂપ છે' એવી ભાવના રાખવી જોઈએ. 'મારું કશું નથી, બધું ઈશ્વરનું છે' એવી ભાવનાથી જે રહેશે, તે કોઈપણ સ્થાન પોતાનું છે, એમ નહીં માને, તેથી તેનું બધું થઈ રહેશે - તેને બધું આવી મળશે.

જે મળશે - તેનાથી સંતુષ્ટ રહેશે, બીજાની ઈર્ષ્યા નહિ કરે,
કોઈના ધનની અભિલાષા નહિ રાખે.
ઈશ્વરસમર્પણ એટલે પ્રસાદરૂપે ગ્રહણ કરવું તે.
0 ઈર્ષ્યાનો અભાવ એટલે લોભનો અભાવ.
0 ભક્તિ એટલે સ્વમાં બધાને - બધામાં પોતાને જોવો.
ભક્તિથી સ્વ-પરનો ભેદ મટી જાય છે.
ઈશ્વરભક્તિ કરનારની આત્મભાવના વધતી જાય છે.
ઈશ્વરનિષ્ઠ મનુષ્ય આત્મભાવી બને છે અને
તેનું સમગ્ર જીવન આનંદમય પસાર થાય છે.
0 <u>વિદ્યા - અવિદ્યા બંને આવશ્યક છે.</u>
<u>જે જરૂરી નથી તેનું અજ્ઞાન - જરૂરી છે તેનું જ્ઞાન જોઈએ.</u>
બિનજરૂરી જ્ઞાન નાહક બોજો બને,
જરૂરી જ્ઞાનથી કર્તવ્ય પાર પડે.
0 ગુણીની સંસ્તુતિ કે અનુમોદના વડે અને
દોષોની અસંસ્તુતિ કે ગર્હા વડે હૃદયનું શોધન થાય છે.
ગુણ - દોષ બંનેની સત્તા રહેવાની જ.
ગુણદોષની અનુમતિ અને નિંદા વડે વિકાસ થાય.
0 સત્યદર્શન બુદ્ધિશક્તિની ખામીને લીધે થતું નથી, એમ
નહિ પણ બુદ્ધિ ઉપરના મોહાચ્છાદનને લીધે થતું નથી.

ઈશ્વર દુનિયાને પ્રેરણા આપે છે, પાલનપોષણ અને
નિયમન કરે છે. ભેદ તો માત્ર દેહના છે, આત્માના નહિ.

o ગુરુસાંનિધ્ય = ગુરુના હૃદયનું સાંનિધ્ય.

ગુરુમુખથી નીકળેલાં અક્ષરોનો દેહ
મંત્રની ભલે નાનો પણ તેની અસર મોટી હોય છે.

o ईशावास्यमिदम् वासुदेवः सर्वम्।

ઈશ્વરભાવના વડે પૃથ્વી ઉપરની બધી વસ્તુ - વાસ્ય
ઈશ્વરથી ભરેલ છે, અને નજરે દેખાય છે.
ઈશ્વરની સત્તા સ્વીકારવામાં આવે, એટલે મનુષ્યનું
સ્વામિત્વ સહેજે રહી જાય છે. આશા ભોગની નહિ,
ત્યાગની છે. ઈશ્વરની સત્તા ઓળખી ત્યાગવૃત્તિ સ્વીકારી.

તૃષ્ણા રાખ મા, કસ્યસ્વિદ્ ધન કોનું છે?

ગૃધ્રવૃત્તિ એટલે બાજનું પડાવી લેવાની વૃત્તિ.
ત્યાગવૃત્તિથી જીવવું. બાજની ભોગવૃત્તિની અદેખાઈ ન કરવી.
મનુષ્યને કર્મ નહિ, તેના ફળની વાસના જ વળગે છે.
કર્મ જડ છે, મનુષ્ય ચેતન છે. તે કેવી રીતે વળગે?
મનુષ્ય કર્મને વળગે છે, કર્મ મનુષ્યને નહિ. મનુષ્ય કર્મનો
નેતા છે, કર્મ મનુષ્યનો ગુલામ છે. કર્મયોગ એ જીવન,
અકર્મણ્યતા એ મરણ. મારી ભલે સૌને જીવવું છે.

મનુષ્યજન્મનો હેતુ આત્મલાભ મેળવવાનો છે.
૨૪ વર્ષ અધ્યયન, ૪૪ વર્ષ કર્મયોગ, ૪૮ વર્ષ ચિંતન
કરતાં કરતાં દીન બનવું, ભાગ્ય ઉપર આધાર રાખવો.
આત્મા જડમાં લીન થતો નથી, કેમકે તે ચેતન છે.
તું ઈશ્વરલીન થતો નથી, કેમકે તને આત્મલાભ થયું નથી.
આત્માને સૃષ્ટિ અને ઈશ્વર બંનેથી અળગા,
અહંકાર સાથે રહેવાનું થાય છે.
જગત સાથે આત્મબુદ્ધિ - પરમાત્મા સાથે બુદ્ધિલાભ જેને
પ્રાપ્ત થશે નહિ, તેની ગતિ આસુરી - અહંકારી થાય છે.
મૂઢ યોનિ = સંમૂર્છિમ.
અલાભ યોનિ એ આસુરી યોનિનો જ પર્યાયવાચી છે.
૦ ગમે તેટલાં અંધકારથી વ્યાપ્ત યોનિઓમાં પણ
થોડો પ્રકાશ તો રહેવાનો, જેના આધારે પણ પશ્ચાતાપ
અને ઈશ્વરને આજીજી સંભળાવે છે.
દુષ્કૃતગર્હા = પશ્ચાતાપ, સુકૃતાનુમોદના = મંગલલાભ,
ચતુઃશરણગમન = પ્રાર્થનાલાભ.
પતન ભણી વળ્યાં, તેથી ઉત્થાન ભણી પણ વળી શકે છે.
ઊભા રહેવામાં જ - તેની સ્થિતિમાં જ પાર વગરની
પ્રેરણા છે. સ્થિર અને પર બન્ને મળ જ છે.

अर्हं

મન એ જ્ઞાનેન્દ્રિય - પ્રાણ એ કર્મેન્દ્રિય છે.
આત્માની સત્તા સિવાય બીજી સત્તા જગતમાં છે નહિ,
એ જાણીને અહંતા - મમતાનો ત્યાગ કરવો.

## ત્રણ પ્રકારની દૃષ્ટિ

(૧) આચારદૃષ્ટિ : સ્વાર્થ અને પરાર્થ.
(૨) વિચારદૃષ્ટિ : સંશ્લેષણ અને વિશ્લેષણ.
(૩) ઉપાસનાદૃષ્ટિ : આહ્વાન-વિસર્જન, ઉત્પત્તિ-વિલય.

ધ્યાનમાંથી તરવારની જેમ દેહમાં વ્યાપ્ત આત્મતત્ત્વને
સૂક્ષ્મ બુદ્ધિ અને ધૈર્યથી જો ખેંચી કઢાય,
તો જરૂર તેનું અમર તેજ પ્રગટ થાય.

૦ ક્રાન્તદર્શી, પારદર્શી, દેહનો પડદો ખસેડી પેલા પારનું
જોવાવાળા કવિઓમાં પણ આત્મજ્ઞાની શિરોમણિ છે.
શાશ્વત કાળ સુધી પહોંચે એટલો સંગ્રહ આત્મામાં છે.
અવિદ્યા - ઇષ્ટ અર્થમાં, અનધિકૃત અનંતરસનો ન મેળવવા,
વિદ્યા - ઇષ્ટ અર્થમાં, અધિકૃત વિશિષ્ટરસનો મેળવવા.

## અવિદ્યાથી ત્રણ લાભ

(૧) બુદ્ધિમાં ટળવાશ (૨) પ્રાણશક્તિનો સંચય (૩) નમ્રતા.
વિદ્યાથી અપેક્ષિત લાભ : (૧) બૌદ્ધિક દિશાદર્શન.
તત્ = પેલા પારનું, બધા દ્વંદ્વોની ર.

મને પોતાને જ હું જાણનારી કે ન જાણનારી, કેમ બની શકે?

અવિદ્યા - વિદ્યા ઉભયથી પર આત્મતત્ત્વ છે.

વિદ્યા - અવિદ્યા ઉભયથી આત્મજ્ઞાન શ્રેષ્ઠ છે.

આત્મજ્ઞાન વગરની એકાંત તાર્કિક સાધનામાં

બહુ પાર વગરના અંધારા છે.

અનુભવમાં પરિણમ્યાં વિના જ્ઞાનનું સાર્થક્ય નથી.

૦ અસદ્વૃત્તિઓનો નિરોધ અને સદ્વૃત્તિઓનો વિકાસ એ બંને હૃદયશોધનનાં નિવૃત્ત અને પ્રવૃત્ત અંગો છે.

૦ શ્રુતિ = શ્રવણ. સ્મૃતિ = મનનપૂર્વક સ્મરણ.

કૃતિ = તદનુસાર ક્રિયા કરી તે શ્રવણ-મનનને કસી જોવું.

નિદિધ્યાસન = સત્યાસત્યનો નિર્ણય કરવો તે.

વિષયવશીકાર = નિરોધ, વિશ્વપ્રેમ = વિકાસ.

સાંખ્યબુદ્ધિ = બુદ્ધિશોધન, યોગબુદ્ધિ = હૃદયશોધન.

નૈતિક ક્રિયાગત અંધકાર = આત્મઘાતક આચરણ.

નૈતિક બુદ્ધિગત અંધકાર = કુપથ જાણવું, કુપથ ન જાણવું.

હૃદયગત અંધકાર = કુપથ નિરોધ, કુપથ વિકાસ.

આત્મા સત્યકામ છે, આત્મા સત્યસંકલ્પ છે,

આત્મા સત્યસ્વરૂપ છે, આત્મા શિવસ્વરૂપ છે,

આત્મા સૌંદર્યસ્વરૂપ છે. તે અનૃત વડે ઢંકાયેલું છે.

એ હિરણ્મયપાત્રનું સોનેરી ઢાંકણ દૂર કરવા માટે ઈશ્વર
પ્રાર્થના છે. તેના મારા યોગાભ્યાસને જ આધારે દૂર થાય.

વિશ્વપોષક પરમેશ્વર અથવા ઈશ્વરને
સત્ય કહેવો, તે તત્ત્વજ્ઞાનની ભાષા છે.
સત્યને ઈશ્વર કહેવો, તે સાધનાની ભાષા છે.
નિર્ગુણ સત્ય પદ્ધતિ, સગુણ પ્રેમ પદ્ધતિ છે.
સત્યનું જ્ઞાન - દાર્શનિક, પ્રેમનું જ્ઞાન - ઉપાસક.
સત્ય નિર્વિકાર છે, પ્રેમ સવિકાર - નિર્વિકાર છે.
સત્ય એ સાધ્ય છે, પ્રેમ એ તેનું સાધન છે.
સત્ય વડે પોષણ, અસત્ય વડે શોષણ થાય છે.

ધર્મ ધારણ કરવાવાળો નીતિ અને ઈશ્વરમાં માને છે.
સત્ય એ ન્યાયનીતિ. સત્ય એ ધર્મનો આધાર છે.
દર્શન માટે સત્ય આત્મા, પ્રાર્થના માટે સત્ય ઈશ્વર,
આચરણ માટે સત્ય ધર્મ. સત્યમાં બધાં ધર્મો છે:
પોષણ - નિરાકરણ, નિયમન - પ્રવર્તન, પાલન - કલ્યાણ.

ધ્યાનના ત્રણ રૂપો વડે ધ્યાનની પૂર્તિ થાય છે:
(૧) પ્રાર્થના (૨) દર્શન - ભાવના (3) પ્રતીતિ - પ્રીતિ.
આકાશનો ઈશ્વર સૂર્ય અને ધરતીનો ગુરુ અગ્નિ છે.
ભૌતિકમાં પ્રથમ, આધ્યાત્મિકમાં દ્વિતીય વધુ ઉપયોગી છે.

ધ્યાનાવસ્થામાં દર્શન એટલે ઈશ્વરી શબ્દ સાંભળવો,
ઈશ્વરી રૂપ જોવું તથા ઈશ્વરી સ્પર્શ અનુભવવો.
તે વડે અનુમાન - વિતર્ક થઈ શકે છે.
પરાત્પર પુરુષ = પરમેશ્વર.
જે છેક પેલા પારનો, તે જ છેક આ પારનો છે.
સોઽહં = હું જ તે છું = પ્રભુ સંગે સામરસ્ય.
સોઽહંનું ચૈત્ય પ્રેમાતિશયરૂપ, સંગાંગિભાવરૂપ,
અંશાંશરૂપ, સાધર્મ્યરૂપ, તાદાત્મ્યરૂપ છે.
અસ્ખલિતપણું એ ચૈતન્યનું લક્ષણ છે,
બધું મરી ગયાં પછી જે બાકી રહે, તે ચૈતન્ય.
પુરુષ દેહને ધારણ કરે છે, દેહમાં પ્રવેશ કરીને તે
હૃદયગુફામાં પડ્યો રહે છે, દેહ પર સત્તા ચલાવે છે,
દેહનું સ્મરણ કોઈને કોઈ રીતે બાકી રહે,
એવો પ્રયત્ન સૌ કોઈ યથાશક્તિ કરતાં રહે છે પણ
'તે સ્મરણ બને તેટલું નાબૂદ થાય તો સારું'
એવી તાલાવેલી સાધકોને હોય છે.

o અસતો મા સદ્ગમય | આ
તમસો મા જ્યોતિર્ગમય | ત્રણ
મૃત્યોર્મા અમૃતં ગમય | પ્રાર્થનામંત્રો છે.

<u>બીડો કરે છે કે :</u>

સાધકની ઉન્નતિ અર્થે તેનો જપ કરવા લાયક છે.
એક અક્ષર ૐના ધ્યાનથી બધું વેદઅધ્યયન સાર્થક,
તે વિના બધું નકામું. શુભાશુભ સંકલ્પોના સંસ્કારોનો
નાશ કરવા માટે 'ૐ તત્ સત્' એવો બ્રહ્મનિર્દેશ છે.
ૐ = શુભાશુભમય, તત્ = શુભાશુભથી પર, સત્ = શુભ.
શબ્દમાં ન સમાનારી વસ્તુને શબ્દમાં રજૂ કરવાનો
પ્રયત્ન કરવાથી કેવળ વાદ કે તકરાર વધે, બોધ ન થાય.

0 <u>સંકલ્પ એ જીવ અને નિઃસંકલ્પ એ શિવ</u> છે.

<u>સંકલ્પરહિત ભાવના તે સાધના છે.</u>

<u>કૃતિમાં પરિણમનારો સંકલ્પ તે દૃઢ સંકલ્પ - કૃત સંકલ્પ.</u>

ઈશ્વરની કૃતિ સમજી તેના મહાન ઉપકારો યાદ કરો,
પ્રભુના નામ - રૂપ - ગુણ ગાવા. પોતાનો સંકલ્પ તેમાં
વિલીન કરીને દેહભાવ છોડવાથી વધારે કલ્યાણકારક
મનુષ્યને માટે બીજું શું હોય ? સંકલ્પભેદ માટે ઈશ્વરનું
કરેલું યાદ કર. ઈશ્વરકૃત યાદ કરો, જીવકૃત ભૂલી જાઓ.

શીર્યતે તત્ શરીરમ્ ક્ષિયતે તત્ શરીરમ્ ।

: <u>સ્મૃતિ</u> :

શરીર પરાયું, છતાં સાધનાનું આશ્રયસ્થાન એટલે શરીર.

अर्हं

મોક્ષનું <u>સ્વરૂપ</u>: (૧) દેહની રાખ થાય.
(૨) પ્રાણાદિ સૂક્ષ્મતત્ત્વો તે તે દેવતાઓમાં વિલીન થાય.
(3) ઈશ્વરના ચિંતન વડે સંકલ્પનો છેદ થાય.
(૪) છેલ્લે જીવ શિવમાં ભળી જાય.

તદ્ભાવભાવિત ઈશ્વર પ્રત્યેના ભાવથી ભાવિત થઈને સમગ્ર જીવન આખરે પસાર કરવું જોઈએ.

o गताः कलाः पंचदश प्रतिष्ठाः
देवाश्च सर्वे प्रतिदेवतासु ।
कर्माणि विज्ञानमयश्च आत्मा
परेऽव्यये सर्व एकी भवन्ति ॥
- <u>मुण्डक, ३-२-७</u> (પરિશિષ્ટ-૪૪)

o અગ્નિ = અગ્રણી. અંગ = વ્યક્ત થવું, પ્રકાશવું.
વિશ્વ રૂપે વ્યક્ત થયેલો જ્ઞાનપ્રકાશ.

વિશ્વનો માર્ગદર્શક સગુણ સાકાર પરમેશ્વર એટલે અગ્નિ.
સત્ય ધર્મનું દર્શન - [illegible] ફરતાં ફરતાં આખરે અંતરાત્માને સાદ કરી, બધા જ સુપંથે ચાલીએ, એ સામુદાયિક સાધનાનો સુપંથ છે. પ્રાણીમાત્રમાં ભિન્નતાઓ રહેલી છે, એટલે અહિંસા એ ધર્મ છે. અંતરાત્મામાં લાગેલાં દોષો માટે તિરસ્કાર કે કંટાળો ન કરવો.

ઈશ્વરસ્મરણપૂર્વક પાપની સાથે લડતાં રહેવું જોઈએ.

સીધાપણું તે પુણ્ય, વાંકાપણું તે પાપ.

સુવિત = સીધા જવું, દુરિત = વાંકા જવું.

વ્રત કે પ્રતિજ્ઞાને નમ્રતાનું પીઠબળ જરૂરી છે.
પ્રતિજ્ઞા અને નમ્રતા બંનેની મદદથી વ્રતપાલન થાય.

ઓં ખં બ્રહ્મ : બ્રહ્મની અનંત વ્યાપ્તિમાં
આકાશનો હિસાબ નથી, છતાં ઉપાસનાર્થે લેવાય.

ઓંકારની ત્રણ માત્રા = ભૂઃ ભુવઃ સ્વઃ

ભૌતિક : પૃથ્વી - ભૂઃ; અંતરિક્ષ - ભુવઃ, સ્વર્ગ - સ્વઃ.

દૈવિક : અગ્નિ - ભૂઃ; વાયુ - ભુવઃ, સૂર્ય - સ્વઃ.

આધ્યાત્મિક : શરીર - ભૂઃ; પ્રાણ - ભુવઃ, બુદ્ધિ - સ્વઃ.

एकं सद् विप्राः बहुधा वदन्ति | ઋગ્વેદઃ
પરમેશ્વર એક છે, ઉપાસકો બહુવિધ કરે છે.
સૂર્ય = પ્રેરક પરમેશ્વર, અનિલ = ચૈતન્યમય પરમેશ્વર,
અગ્નિ = દેદીપ્યમાન - માર્ગદર્શક પરમેશ્વર.

આત્મા શરીરમાં નહિ પણ વિચારમાં વસે છે. વિચારરૂપી સરોવર વચ્ચે એ કમળની જેમ ખીલે અને કરમાય છે. આત્માનું સાચું નિવાસસ્થાન શરીરમાં નહિ, પરન્તુ વિચારમાં છે. વિચાર એ આત્માને રહેવાનું સાચું સ્થાન છે.

વિચાર મંદિર છે, આત્મા એમાં બિરાજતો દેવ છે. આત્મા રાજા છે, વિચાર મંત્રી છે. વિચારોની લહેરો, વિચારોનો ઝરો, જ્યાંથી પેદા થાય છે, જ્યાંથી છૂટે છે, તે સ્થાનનું નામ 'મન' છે. મન ઉપર આખા જીવનનો, આત્માનો આધાર છે. મનુષ્ય બાળકથી અધિક છે, તેમાં કારણ બીજું કંઈ જ નહિ પણ તેનામાં પ્રબળ વિચાર-શક્તિ છે, તે જ છે. ગુપ્ત બળો - શક્તિઓનું કેન્દ્રસ્થાન મન છે. માનવજીવનની સંચાલક એ જ સાર્વભૌમસત્તા છે. મનરૂપી વિજળીયંત્રમાંથી વિચારોના કિરણો છૂટે છે.

૦ લાભ એ જગતની મૂડી છે, તેથી તે કુદરત પોતાને માટે વાપરવો, એ ગુનો છે. બીજાને જે લાભ આપી શકતો નથી, તે લાભદરિદ્ર, અલાભવાળો, લાભશૂન્ય છે.

ભાદરવા વદી ૬

પરને આત્મસમાન ન ગણે, તે પોતે પોતાના લાભથી હણાય છે. વિવેકશક્તિ, ન્યાયબુદ્ધિ, નીતિ, પ્રામાણિકતા, પ્રીતિ, ભક્તિ વગેરે સર્વ સદ્ગુણોને હણનારી થાય છે. પ્રભુને જે લાભ છે, તે લાભ પોતામાં ઉગતો નથી, તે લાભના વિરહનો વિલાપ, વિરહનું દુઃખ જ્યાં સુધી ન અનુભવાય, ત્યાં સુધી તે લાભ આવવો શક્ય નથી.

अर्हं

ભાવનાં વિરહનો વિલાપ એ જ ભાવનમસ્કાર.

ભાવનું સ્મરણ એ જ રસ છે. એ સ્મરણ તીવ્ર બને, ત્યારે જ સાચું દુષ્કૃતગર્હન અને સુકૃતાનુમોદન થાય છે અને તો જ પંચ પરમેષ્ઠિ નમસ્કાર ભાવથી થાય છે.

ભાવથી ભાવ વધે છે, વિશ્વના જીવોને ભાવ આપવાથી પરમેષ્ઠિ નમસ્કારનો એવો તો ભાવ વધે છે, જે ભાવથી વિશ્વના જીવો પ્રત્યે હિતનો ભાવ વધે છે.

પર એટલે શત્રુ. શત્રુભાવ મોક્ષમાં બાધક છે. મિત્ર-ભાવથી જ તે દૂર થાય છે, તેથી મિત્રભાવ એ મોક્ષનું સાધન છે. સ્વ અને પર એવા ભેદ વ્યવહારથી છે. નિશ્ચયથી કોઈ પર નથી - કોઈ સ્વ નથી, કિન્તુ સર્વ સમાન છે. ત્યાં સ્વ-પર શબ્દનો વ્યવહાર નથી, પરન્તુ 'આત્મ' શબ્દનો વ્યવહાર છે.

આત્મા આત્મા વડે આત્માને આત્મામાં જાણે-જુએ, તેને જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે.

(૧) પાપનો અનુબંધ તોડનાર દુષ્કૃતગર્હા છે.

(૨) શુભનો અનુબંધ પાડનાર સુકૃતાનુમોદન છે.

(3) મહાનન્દં પ્રત્યપાદ પરિસ્ફુરણો પાદઃ ।

ચતુઃશરણગમન - દુષ્કૃતરહિત, સુકૃતસહિતનું શરણ છે.

સ્વનો વિચાર એ દુષ્કૃત, તેની જુગુપ્સા કરવી.
સર્વના વિચાર એ સુકૃત, તેનું અનુમોદન કરવું.
દોષરહિતનું શરણ, ગુણસહિતનું શરણ સ્વીકારવું.
દોષરહિતને કોણ ઈચ્છે ? દોષની જુગુપ્સાવાળા.
ગુણસહિતને કોણ ઈચ્છે ? ગુણની અભિરૂચિવાળા.
શરણરહિત શરણ સ્વીકારો.

સાચો શરણભાવ સ્વજુગુપ્સા અને સર્વના અનુમોદનમાં રહેલો છે. અહંભાવની જુગુપ્સા એટલે મોહની જુગુપ્સા.
0 વિચારો એ નકામા વસ્તુ નથી. ઉચ્ચ, પ્રેમાળ અને પવિત્ર વિચારોમાં વધારે બળ રહેલ છે. ઉચ્ચ વિચારકોનું મનોબળ સામાન્ય હોય તો પણ તીવ્ર મનોબળવાળા પણ સ્વાર્થી અને અપવિત્ર વિચાર કરનારા કૈષી મહાપુરુષના વિચારો કરતાં તેનામાં અનેકગણું બળ રહેલું હોય છે. વિચારો એ જ મહાપુરુષના ભાવને ઘડનારાં હથિયારો છે. વિચારોની જેટલી ઉચ્ચતા - ભવ્યતા - શુદ્ધતા, તેટલી તેની તેજસ્વિતા અધિક. સદ્ભાવના અને સદ્વિચારોનાં બીજ રોપનાર જ સુખ અને શાંતિના પાક લણી શકે છે. સુખદુઃખનાં કારણો એ વિચારોનો જ માત્ર પ્રભાવ છે. તાર વગરનાં દોરડાંની જેમ વિચારો પોતાના સમાન

ગુણધર્મો વિચારો સાથે વાતો કરે છે, તેમાં હદ વગરનું ચુંબકત્વ રહેલું છે. વિચારો પરસ્પરને ખેંચે છે. જે વિચારોનું બળ વધારે હોય છે, તે નબળાં વિચારને નમાવે છે, દબાવે છે અને શાસન કરે છે.

દૃઢતા અને એકાગ્રતા ઉપર તેનો આધાર છે. વિચાર અને નાદની શક્તિ તો અપ્રતિમ છે. તાલબદ્ધ સંગીતની જેમ તાલબદ્ધ વિચારો પ્રગટવા જોઈએ. મલ્હારથી મેઘ, દીપકથી દીવા પ્રગટ્યાના દાખલા મોજુદ છે. દૃઢતા, પ્રબળ ઇચ્છાશક્તિ, શબ્દોના પ્રત્યેક બોલની - અવાજની ધ્રુજારી થાય છે. તે બાણ ચોમેર તરફ તે અવાજને લઈ જાય છે અને ધ્રુજારી પેદા કરનાર વિચારકની ઇચ્છા મુજબ કાર્ય સિદ્ધ કરે છે. વિચારોને શુદ્ધ, મજબૂત, દૃઢ અને એકાગ્ર બનાવી, કોઈ ચોક્કસ પ્રકારના લક્ષમાં સ્થિર કરવા, એ જ તેનો સાચો સદુપયોગ કર્યો ગણાય. બુદ્ધિપૂર્વકનો નિશ્ચય અને બુદ્ધિપૂર્વકના તે મુજબના જ વિચારો કરવા. પ્રત્યેક સ્ત્રી - પુરુષ વિચારશક્તિના એક મહાન અવતારરૂપ છે.

હૃદયમાં પ્રત્યેક જીવાત્મા પ્રત્યે પ્રેમનો જ પુષ્કળ અગ્નિ પ્રગટાવવો જોઈએ. મનને સમતોલ બનાવવાનો,

સુખ સૌને શાંત બનાવવાનો, આનંદી સૌને સુખી કરવાનો એ સિવાય બીજો કોઈ માર્ગ છે જ નહિ. પ્રેમ વડે સર્વવ્યાપક એકતાનો સાક્ષાત્કાર કરવો, એ જ હૃદયની શુદ્ધિ છે. વેરનું વેર લેવાનો અકસીર ઉપાય એક પ્રેમરૂપી મહૌષધિને છોડી, બીજો છે જ નહિ. પ્રેમનું અમૃત જ દ્વેષાગ્નિને શાંત કરે છે. પરમ સુખના ઇચ્છુકે પ્રત્યેક જીવ સાથે પ્રેમનું જોડાણ આદરવું જોઈએ. હૃદય સ્વચ્છ કરવાની એ પ્રથમ કુંચી છે. 'હું સૌ જીવોનો મિત્ર છું, તેથી મારે કોઈ શત્રુ રહી શકે તેમ નથી. હું આનંદમય છું, તેથી શોક સ્પર્શી શકતો નથી. શક્તિનો ભંડાર છું, તેથી દરેક શક્તિને સાક્ષાત્ સ્વરૂપે મારામાં પ્રત્યક્ષ કરી શકું છું.' આવા વિચારો વિજાતીય વિચારોને દૂર કરે છે તથા સજાતીય વિચારોને જગાડે છે. મનને મૌન બાંધવાનું સુંદર સ્થાન અને શક્તિનું પરમ કેન્દ્ર ૐ હ્રીંનો મંત્ર છે. મનને field પૂરું પાડવું.

ૐ is the voice of silence.

શાંતિના અગાધ સામ્રાજ્યમાંથી ચાલી આવતો આ એક સુંદર, મનોહર ધ્વનિ અને સૂર છે. એ સૂરને ભજે, તે શાંતિને પામે છે. ભાવ, ભાવના, ભાષાનો ભંડાર ૐ છે.

ૐ ૐ પરબ્રહ્મના દ્યોતક - પંચ પરમેષ્ઠિના વાચક છે.

મનુષ્યાત્મા = જીવાત્મા, વિશ્વાત્મા = પરમાત્મા.

વ્યષ્ટિભાવમાંથી સમષ્ટિભાવમાં પ્રવેશવું, તે આત્માને પરમાત્મા બનાવવા મથવું તે છે. આ મથન ૐકારથી થઈ શકે છે. આત્માને પરમાત્મદશામાં પરિણત કરનારું તે એક મહાસાધન છે. ૐનું સ્મરણ એ દીવાનું અત્તર છે.

પ્રથમ વિશ્વદર્શન, પછી આત્મદર્શન કરી શકાય છે.

પ્રચંડ તોફાન પછીનું ગાઢ શાંતિ સમું મૂંગું જીવન પણ સારા ય વિશ્વને માટે એક મહાઆશીર્વાદ રૂપ નિવડે છે. પુણ્યભાવનાનાં આંદોલનો અને વિશ્વકલ્યાણ લહરીઓ આખા જગતનું ઉજ્જવળ ભાવિ ઘડવાને સમર્થ થાય છે. તેનાથી ભક્તિ સોનામાં સુગંધ અને દૂધમાં સાકર ભળે છે.

ભવમાત્રના દુશ્મન સમા દુર્ગુણો જેણે જીત્યા છે,
તે ૐ - અર્હં છે.

ભાંગનો નશો જેમ ખટાશથી ઉતરે છે,
તે રીતે સંસારના વિષય - કષાયનો નશો
ૐ અર્હંના ધ્યાનથી ઉતરે છે.

અયમાત્મા બ્રહ્મ - અથર્વવેદ, પ્રજ્ઞાનં બ્રહ્મ - ઋગ્વેદ,
અહંબ્રહ્માસ્મિ - યજુર્વેદ, તત્ત્વમસિ - સામવેદ.

अर्हं

<u>પ્રત્યેક વિચાર ક્રિયાના રૂપમાં પરિણમે છે.</u>

જગતનો સર્વ વ્યવહાર અનવરત સ્ફુરણ, કંપ, ધ્રુજારીને આધારે જ ચાલે છે. પરમાણુથી પર્વતપર્યંત કંપન અવસ્થામાં છે, તે બધી ચીજોને કંપાવવાની શક્તિ પોતાના વિચારોમાં છે, અને મનના વિચારોને મજબૂત, તાલયુક્ત અને કંપન કરવા જોઈએ.

ઉચ્ચ ભાવનાઓમાં સતત રમણ કરવું,
એ જ ઉચ્ચ જીવનની દીક્ષા છે.

o જપમાં મંત્રની મૂર્તિ ચિત્તમાં ઘડાઈ જવી જોઈએ. માનવનું મન એ મૂળ પ્રકૃતિને જ આધીન છે. એ મૂળ પ્રકૃતિને 'મૂળ ઇચ્છા' 'અનાદિ વાસના' 'સહજમલ' કહે છે, તે અનાદિ-સહજ છે, તેથી તેને 'મૂળપ્રકૃતિ' કહી છે. મનની ઇચ્છા હોવાથી તેને 'મનોવૃત્તિ' પણ કહે છે.

તે રજોગુણરૂપ છે, પ્રવૃત્તિપ્રેરક છે.

તે બે વિભાગમાં વહેંચાયેલ છે: પ્રિય અને અપ્રિય. તે કામ, ક્રોધ, રાગ-દ્વેષ, સુખ-દુઃખરૂપે પ્રગટ થાય છે.

o

Control the objective mind by subjective. Control the emotions by the higher mind.

સુખવિષયક વૃત્તિ તે રાગ, દુઃખવિષયક વૃત્તિ તે દ્વેષ.
બે વૃત્તિ મૂળમાં એક છે, છતાં મનના ભાવોમાં
ભિન્નતા જગાડે છે, એટલે તેને 'વિકલ્પ' કહેવાય છે.
કામ, રાગ, સુખ - એ પ્રિય વૃત્તિ છે,
ક્રોધ, દ્વેષ, દુઃખ - એ અપ્રિય વૃત્તિ છે.
આ વિકલ્પના કારણે જ ક્ષોભ, સંરંભ, આવેશ,
સંવેગ, આવેગ જેવા અનંત વિકૃતિઓ જન્મે છે.
મનનો સંબંધ શરીર અને આત્મા સાથે છે.
આત્મા સાથેના સંબંધથી અસ્મિતા જન્મે છે.
શરીર સાથેના સંબંધથી ઇચ્છા, રાગ, કામ, વાસના,
આસક્તિ, આકર્ષણ જન્મે છે. તે ભાવો અસ્મિતાના
પોષક છે, તેથી વિરુદ્ધ અસ્મિતાની સાથે ટકરાતાં ભાવો
દ્વેષ, ક્રોધ, ત્યાગ, અપાકર્ષણ, પ્રકોપણ વગેરે છે. શરીર
છે, ત્યાં સુધી તેના પાલનપોષણની ઇચ્છા રહેવાની જ.
તેમાંથી ત્રણ પક્ષ જાગે છે: શત્રુ, મિત્ર, ઉદાસીન.
સુખ - દુઃખાનુભૂતિનું મૂળ અસ્મિતામાં છે.
પોતાને અલ્પ, હીન કે પરતંત્ર જાણવું, તે દુઃખ.
પોતાને અધિક ઉત્તમ કે સ્વતંત્ર જાણવો, તે સુખ.
બળ, વિદ્યા, રૂપ, ધન, જાતિ, સત્તા કે સ્થાન-

મનમાં પોતાને વિશિષ્ટ ગણાવાની વૃત્તિને જ
અભિલાષા, ઇચ્છા કે વાસના કહેવાય છે.
અભિલાષાપૂર્તિને 'સુખવાસના,' અપૂર્તિને 'દુઃખવાસના' કહી છે.
જેનો સંબંધ ન હોય, તેને 'ઉદાસીન' કે 'તટસ્થવૃત્તિ' કહી છે.
સુખદુઃખમાં પરની અપેક્ષા છે. બ્રહ્માનંદ આત્માનુભૂતિ
કે બ્રહ્મસુખની વિચારણા જુદી છે. ત્યાં પરાપેક્ષા નથી.
સુખ-દુઃખના મૂળમાં રાગ-દ્વેષ છે, તેના ત્રણ ત્રણ પક્ષ છે:
રાગના ત્રણ પક્ષ: સન્માન (આદર - પૂજ્યભાવ) - અધિક,
સ્નેહ(સખ્ય - પ્રણય) - સમાન, કરુણા (દયા - અનુકંપા) - હીન.
દ્વેષના ત્રણ પક્ષ : ભય (શંકા - સાધ્વસ) - અધિક,
રોષ (ક્રોધ - શત્રુભાવ) - સમાન,
ઘૃણા (તિરસ્કાર - જુગુપ્સા) - હીન. (સાધ્વસ = ગભરામણ)
મનની ઇચ્છા સ્વપ્રત્યેથી વાળીને સર્વ પ્રત્યે કરવામાં
આવે તો સુખ-દુઃખ, રાગ-દ્વેષ, કામ-ક્રોધની વૃત્તિઓનો અંત
આવે છે, કેમકે તેનું ઉત્પત્તિ સ્થાન અસ્મિતા હતું, તે
રહેતું નથી. અસ્મિતાનું પ્રધાન રૂપ 'હું' રહેતું નથી. તેનું
બાહ્ય સ્વરૂપ 'અહંકાર' છે, તે પણ રહેતો નથી. મનનો
સંબંધ જીવાત્માની સાથે થાય, તો અસ્મિતા જાગે પણ
સર્વાત્માની સાથે થાય, તો અસ્મિતા કે હુંપણું ન જન્મે.

વળી તે ઉપરાંત અસ્મિતાની સાથે સંબંધ રાખનારી વાસનાઓ કે એષણાઓ પણ જાગતી નથી. મૂળ પ્રકૃતિને પરિવર્તન કરવાનો એકનો એક ઉપાય મનનો સંબંધ જગાત્મા સાથે ન થવા દેવો અને સર્વાત્મા સાથે કરવો. સત્યના સુખની ઇચ્છા જાગ્યા પછી અહંકાર-મમકારના સ્થાને સમર્પણ અને સેવાભાવ જ ઊભો રહે છે.

પરમાત્મભાવને સમર્પણ અને
જગાત્મભાવની સેવા - એ બેનું ફળ આવે છે.

यत्किंच भूतम् प्रणमेत् आनन्दः । सद्गुरुः

'કંઈ ઈશ્વરથી જુદું નહિં' એમ માનીને પ્રાણીમાત્રને આનન્દભાવે પ્રણામ કરીએ. યજ્ઞ, દાન, તપ - એ ત્રણ વાત ગીતા કરે છે. મુખ્ય ભાગ્ય તો એક જ છે અને તે મારું, તમારું અને સહુનું છે કે આપણે પરમેશ્વરનાં અંગ, અવયવ અને તરંગ છીએ, એની ચિનગારીઓ છીએ. આ જ એકમાત્ર ભાગ્ય છે, જે સહુ કોઈને મળેલું છે અને જો આ એક ભાગ્યને અનુભવશો નહીં, એને બદલે સેંકડો ભાગ્ય મળ્યાં હશે, તો ય એળે જશે. ઈશ્વર એક ચૈતન્યસમુદ્ર છે, તેમાં તરંગો ઊઠે છે ને શમે છે, ઉછળે છે ને પાછા અંદર ભળી જાય છે.

अर्हं

## શૌચથી આત્મદર્શન

(૧) સ્વાંગની જુગુપ્સા - ધ્યાનયોગ

(૨) અસંસર્ગ - યમ અને નિયમ

(3) સત્વશુદ્ધિ - શુચિતા

(૪) પ્રસન્નતા - સપ્તવિધ કાર્યક્રમ

(૫) એકાગ્રતા (૬) ઇંદ્રિયજય (૭) આત્મદર્શન.

આત્મસાક્ષાત્કારથી આત્માના અજ્ઞાન અને
મિથ્યાત્વનો નાશ, તેથી રાગાદિનો નાશ,
તેથી પુણ્યપાપનો નાશ, તેથી જન્મમરણનો નાશ થાય છે.
જન્મનું કારણ પુણ્ય, પુણ્યનું કારણ રાગ, રાગનું
કારણ મિથ્યાત્વ, તેનું કારણ આત્મઅજ્ઞાન છે. તેનો
નાશક આત્મસાક્ષાત્કાર, તેનું કારણ નિદિધ્યાસન, તેનું
કારણ મનન, તેનું કારણ શ્રવણ, તેનું કારણ ગુરુસેવા.

જાણ્યો સ્વયંને સ્વયંમેવ સાક્ષાત
તમસો પરે પૂર્ણ પ્રકાશ સોઈ,
જાણ્યા પછી ક્યાંય ભવબંધ મોક્ષ, રસ્તો ના એ સિવાય કોઈ.

જ્ઞાન વિના ભવ-બંધ-મોક્ષનો ઉપાય નહિ. જ્ઞાન યોગ
વડે, યોગ યુક્તિ વડે, યુક્તિ શ્રુતિ વડે અને શ્રુતિ ગુરુ વડે
પ્રાપ્ત થાય છે, માટે ગુરુઓને નમસ્કાર એ મહામંત્ર છે.

જૈનદર્શન એક અનંતદર્શન છે.
અનંત એ માટે કે એમાં કોઈ આગ્રહ નથી.
જૈનધર્મનો મુખ્ય વિચાર અહિંસા નહિ, મધ્યસ્થદૃષ્ટિ છે,
એ જ સમ્યગ્દૃષ્ટિ છે. આજે એ વિકલ્પ આરો નથી.
જો એકાંગી વિચારને વળગી રહ્યાં,
તો ટકરાયા વિના, કોટવાયા વિના નહિ રહેવાય.
સ્નેહની માત્રા જેટલી વધશે, એટલી ભભની ઘટશે.

o Love thy neighbour as thyself.
પાડોશી અને પોતાની વચ્ચે એકાત્મતા છે,
બન્નેના અંતરાત્મા એક જ છે, એની કબૂલાત છે.
o બ્રહ્મચર્ય એ કરુણા-સમભાવપરાયણ પણ હોઈ શકે.
કરુણામૂલક બ્રહ્મચર્ય જ સહજ બને છે.
ધર્મ, ગ્રન્થ કે મહાપુરુષને માથા ઉપર
ચઢાવી શકાય નહિ. એ બ્રહ્મવિદ્યાની વિરુદ્ધ છે. જો કે
નિરાકાર સ્વરૂપે વિચારવું હોય, તો વિચારી શકાય.
પોતાના અને અન્યના દોષોમાં ગુણ જ જોવા.
મહાપુરુષનાં દોષ પણ ગુણપ્રાપ્તિ માટે જરૂરી હોય છે.
ઉપરનું છોતરું છોડી અંદરનો સાર પકડવો.

अर्हं

## || अर्हद् ||

## સાર બોલ ચોપાઈ

(કાવ્ય)

ભગવતિ ભારતિ ચરણ નમેવિ, સદ્ગુરુ નામ સદા સમરેવિ;
બોલીશ ચોપાઈએ આચાર; જોઈ લેજો મનહુ વિચાર. ૧
પંડિત તે જે નાણે ગર્વ, જ્ઞાની તે જે જાણે સર્વ;
તપસી તે જે ન ધરે ક્રોધ, કરમ આઠ જીતે તે યોધ. ૨
ઉત્તમ તે જે બોલે ન્યાય, ધર્મ તે જે મન નિર્માય;
ઠાકુર તે જે પાલે વાચ, ધર્મને જે ભાખે સાચ. ૩
ગિરૂઓ તે જે ગુણે આગલો, સ્ત્રીપરિવાર કરે તે ભલો;
મેલો તે જે નિંદા કરે, પાપી તે જે હિંસા કરે. ૪
માતા તે જે જિનવર તણી, કીરતી તે જે જગમેં સુણી;
લબ્ધિ તે જે ગૌતમ ગણધાર, બુદ્ધિ અધિકો અભયકુમાર. ૫
શ્રાવક તે જે ભણે નવતત્ત્વ, કાયર તે જે મૂકે સત્ત્વ;
મંત્ર ભલો તે શ્રી નવકાર, દેવ ભલો તે મુક્તિ દાતાર. ૬
પદવી તે તીર્થંકર તણી, મતિ તે જે ઉપજે આપણી;
સમકિત તે જે સાચું ગમે, મિથ્યાત્વી તે ભૂલો ભમે. ૭
મોટો તે જે જાણે પરપીડ, ધનવંત તે જે ભાંજે ભીડ;
મન વશ આણે તે બલવંત, શાલિભદ્ર અધિકો પુન્યવંત; ૮

કામી નર તે કહીયે અંધ, મોહજાળ તે મોટો ફંદ;
દારિદ્ર તે જે ધર્મરહિત, દુરગતિમાં રૂલે તે દીન. ૯
આશા તે જ્યાં ખોલી દયા, મુનિવર તે જે પાળે ક્રિયા;
સંતોષી તે જે સુખિયા થયાં, દુઃખીયા તે જે લોભે ગ્રહ્યા. ૧૦
તે નારી જે હોયે સતી, દરશન તે ઓઘો મુહપત્તિ;
રાગ-દ્વેષ ટાળે જે યતિ, શુદ્ધિ જાણી તે જિનમતિ. ૧૧
કાયા તે જે શીલ પવિત્ર, માયારહિત તે કહીયે મિત્ર;
વડીલ પક્ષ પાળે તે પુત્ર, ધરમ હાણ પાડે તે શત્રુ. ૧૨
વૈરાગી તે વારજે રાગ, તારૂ તે ભવ તરે અથાગ;
રૌરવ નરક તણો એ માર્ગ, છાગ હણે જે માંડે જાગ. ૧૩
દેહમાંહે સાર તે જીવ, ધર્મ થાય તે લેખે દીવ;
રસમાંહી ઉપશમ રસ લીહ, થુલભદ્ર મુનિમાંહે સિંહ. ૧૪
સાચું જપે તે જિનનું નામ, જોગી તે જે જીતે કામ;
ન્યાયવંત કહીએ તે રામ, જિનધરમી વસે તે ગામ. ૧૫
એહ બોલ બોલ્યાં મેં ખરાં, સાર નહિ એહ ઉપરાં;
કહે પંડિત લખમા કલ્લોલ, ધરમ રંગ મન ધરજો ચોળ. ૧૬

– સજ્જન સન્મિત્ર

ૐ હ્રીં નમઃ ।

ह्रीं ऊँ ऊँ अर्हं ऊँ ऊँ अर्हं ऊँ ऊँ ह्रीं

નમો અરિહંતાણં. નમો અરિહંતાણં. નમો અરિહંતાણં

## શ્રી પરમાત્મા સ્તવન

મનમાં આવજો રે નાથ !
હું થયો આજ સનાથ. મનમાં...
જય જિનેશ નિરંજણી, ભંજણી ભવદુઃખ રાશ;
રંજણી સહિ ભવિ ચિત્તનો,
મંજણી પાપનો નાશ. મનમાં...(૧)
આદિ કરણ અનુપમ તું, અકરણ કીધાં દૂર;
ભવભય સહિ ભાંગી ગયાં,
તુંહિ ચિદાનંદ સનૂર. મનમાં...(૨)
વીતરાગ ભાવ ન આવતી, જ્યાં લગી મુજને દેવ;
તિહાં લગે તુમ પદકમલની,
સેવના રહેજો એ ટેવ. મનમાં...(૩)
યદ્યપિ તુમે અતુલ બલી, પરવાદ મદન ઇત્યાદ;
પણ કપટે આવ્યાં મુજ મને,
તે સહેજે ન જવાય. મનમાં...(૪)
મન મનાવ્યા વિણ માહરું, કેમ બંધનથી છૂટાય?
મનવાંછિત દેતાં થકાં કાંઈ,
પાલવશો ન ઝલાય. મનમાં...(૫)

દઇ બાળનો દોષ આપશો, તે નહી છો જિનરાજ !
ઝાઝું કરાવે શું હોવે?
ગિરુઆ ગરીબનિવાજ. મનમાં...(૬)
રાજવિમલ ગુહ્ય નહી, સવિ લહિત મનના ભાવ;
તો અક્ષયસુખ લીલા દીજે,
જિન હોવે સુજસ જમાવ. મનમાં...(૭)
મનમાં આવજો રે નાથ ! હું થયો આજ સનાથ.

o

## શ્રી પારસનાથ સ્તવન

પારસ પારસ આતમ કુંવત,
લોહત કંચન હોત સબેરી,
પારસથે કયું હોત કંચન,
નાથ જને ઇતનો અધિકેરી,
નાથ અનાથ સનાથ કરી મોહે,
આપ બિરૂદ કો આપ નિવેરી,
રંગ કહે સુનો સ્વામી શંખેશ્વર,
સાચો હી સેવક હું પ્રભુ તેરી....... ઇતિ.

|| ૐ હ્રીં શ્રીં ક્લીં નમઃ ||
|| ૐ શાન્તિઃ ૐ શાન્તિઃ ૐ શાન્તિઃ ||

અર્હં

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૨૫):**
હિરણ્યમય પાત્ર વડે સત્યનું મુખ ઢંકાયેલુ છે, તેને હે પૂષન્! તું સત્યધર્મ જોવા માટે દૂર કર.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૨૭):**
તેમાં ઋતુંભરાપ્રજ્ઞા એ શ્રુતપ્રજ્ઞા અને અનુમાનપ્રજ્ઞાથી જુદા વિષયવાળી છે, કારણકે વિશેષ અર્થવાળી હોય છે.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૨૭):**
તત્ત્વના અર્થની શ્રદ્ધાને 'સમ્યગદર્શન' કહેવાય છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૨૮):**
ઉત્પત્તિ-નાશ-સ્થિરતાયુકત હોય તે સત્ (પદાર્થ) છે. પદાર્થોના મૂળ સ્વરૂપનો નાશ ન થાય તે 'નિત્ય' કહેવાય છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૩૩):**
કાર્ય, આયોજન, ધૃતિ ઉપરાંત પદથી, પ્રત્યયથી, શ્રુતિથી, વાકયથી અને સંખ્યાવિશેષથી વિશ્વને જાણનાર અવ્યય એટલે કે પરમાત્મસાધ્ય છે.

- ન્યાય કુસુમાંજલી

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૩૭):**
તપ છે ધન જેનું એવા મહાપુરૂષો પાસેથી ધર્મ સાંભળવો... એ સર્વધર્મથી શ્રેષ્ઠ માને છે.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૪૦):**
'ઈશ્વરનું અસ્તિત્વ છે' એમ માનવામાં (ત્રણ પ્રકારના હેતુમાંથી) સામાન્ય તો દ્રષ્ટ પ્રકારનો હેતુ છે. પૃથિવી વગેરે કાર્ય તે ધર્મી = પક્ષ છે. તેની ઉત્પત્તિ, પ્રકાર, પ્રયોજન વગેરેને જાણનાર કર્તાએ બનાવેલ છે. આ પ્રમાણે ઉત્પત્તિ વગેરે ધર્મસાધ્ય છે. કાર્યત્વાત્ એ હેતુ છે. ઘટ વિગેરેની જેમ એ દ્રષ્ટાંત છે.- ન્યાય મંજરી : જયંત

અર્હં

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૪૪):**
ચંદ્ર એ સર્વ ઔષધિમિશ્ર કિરણોથી શોભતો, સર્વ આપત્તિઓને દૂર કરવામાં પ્રવિણ છે. સર્વ દેવ-દાનવોથી વંદ્ય અપૂર્વ અને સર્વ કાર્યોને કરાવનાર (સૂર્ય) છે.

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૪૪):**
વર્ષાઋતુમાં લવણ, શરદમાં જલ, હેમંતમાં ગાયનું દૂધ, શિશિરમાં આમળાનો રસ, વસંતમાં ઘી અને ગ્રીષ્મમાં ગોળ અમૃત છે. વૈદ્યો માટે માતા એ શરદઋતુ, પિતા એ વસંતઋતુ, મિત્ર હેમંતઋતુ અને હિતકારી-મિતકારી ભોજન કરનાર શત્રુ કહેવાયો છે.

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૪૬):**
ગુરૂવિનય, સ્વાધ્યાય, યોગાભ્યાસ અને પરાર્થકરણ એ કર્તવ્યતાની સાથે સાધુની સચ્ચેષ્ટા જાણવી. (૧)

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૪૬-૪૭):**
આવી ચેષ્ટા સહ વિશુદ્ધભાવવાળા સુસાધુ શીઘ્ર મૈત્રી, પ્રમોદ, કરૂણા અને ઉપેક્ષા સિદ્ધિને પામે છે. (૭) આ ચારે પણ સામાન્યથી ૪ પ્રકારે હોય છે. આ ભાવથી પરિણત થાય ત્યારે અંતે મુક્તિ થાય છે, પછી મુક્તિમાં આ ૪ ભાવના હોતી નથી. (૮) ઉપકારી સ્વજનથી અન્યોમાં સામાન્યથી ૪ પ્રકારની મૈત્રી હોય છેઃ મોહગર્ભિત, દુઃખગર્ભિત, વૈરાગ્યથી અન્ય અર્થાત્ જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળાની હિતયુક્ત કરૂણા હોય છે. (૯) જેનાથી માત્ર સુખ થાય એવા સદ્હેતુમાં અનુબંધયુક્તવાળાને વિષે પ્રમોદભાવના તથા કરૂણાના અનુબંધ સહિત નિર્વેદનાં તત્ત્વસારવાળી ઉપેક્ષા હોય છે. (૧૦) આજ્ઞાને અનુસરનારા આચારવાન શ્રદ્ધાળુ પુરૂષોને સતતાભ્યાસથી અનુક્રમે આ ચારે ભાવના પરિણમે છે. (૧૧) તે ભાવનાના મૂલાધાનયુક્ત કુલયોગી વગેરેને પ્રાયઃ ઘણા જન્મથી કરાયેલો અભ્યાસ પણ શુદ્ધ થાય છે. (૧૩) જે વિરાધના વગર એમાં યત્ન કરે છે, તેને આ ગુરૂવિનય સિદ્ધ થાય છે અને આ ભાવનાનું મૂળ પણ શ્રુતના સારવાળો ગુરૂવિનય જ જાણવો. (૧૪) ગુરૂવિનયનું મૂળ - સિદ્ધાંત કથા, સત્સંગ, મૃત્યુનું પરિભાવન અને દુષ્કૃત-સુકૃત ફળોની વિચારણા છે. (૧૫)

- ષોડશક - ૧૩

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૪૮):**
જે સ્વામી ભાઈઓની સેવા કરે છે, તે મારી જ સેવા કરે છે.
જે બીમારોની સેવા કરે છે, તે મારી જ સેવા કરે છે.

અર્હં

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૫૨-૫૩):**
ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે. ધર્મ સ્વર્ગ અને મોક્ષ આપનાર છે.
સંસારરૂપી જંગલને પાર કરવામાં માર્ગ બતાવનાર ધર્મ છે. (૧)
ધર્મ માતાની જેમ પોષણ કરે છે, ધર્મ પિતાની જેમ રક્ષણ કરે છે.
ધર્મ મિત્રની જેમ ખુશ કરે છે, ધર્મ ભાઈની જેમ સ્નેહ બતાવે છે. (૨)
ધર્મ ગુરુની જેમ ઉજ્જવલ ગુણોનું સંક્રમણ કરે છે અર્થાત્ વિનિમય કરે છે.
ધર્મ સ્વામીની જેમ પ્રકૃષ્ટ પ્રતિષ્ઠા આપે છે. (૩)
મોટી હવેલીનું સુખ ધર્મ છે. શત્રુના સંકટમાં ધર્મ બખ્તર સમાન છે.
જડતાને દૂર કરનાર ધર્મ છે. પાપના મૂળને છેદનાર ધર્મ છે. (૪)
ધર્મથી જીવ સિદ્ધ થાય છે. ધર્મથી જીવ બલદેવ અને વાસુદેવ થાય છે.
ધર્મથી જીવ ચક્રવર્તી થાય છે. ધર્મથી દેવ અને ઈન્દ્ર થાય છે. (૫)
ધર્મથી ગ્રૈવેયક અને અનુત્તર વિમાનમાં અહમિન્દ્રપણાને પામે છે. ધર્મથી જ અરિહંતપણું પામે છે. ધર્મથી શું શું સિદ્ધ નથી થતું? અર્થાત્ ધર્મથી બધું જ સિદ્ધ થાય છે. (૬) દુર્ગતિમાં પડતા જીવને ધારી રાખનાર હોવાથી અર્થાત્ દુર્ગતિથી બચાવનાર હોવાથી તે 'ધર્મ' કહેવાય છે. તે ધર્મ દાન-શીલ-તપ અને ભાવના ભેદથી ચાર પ્રકારે છે. (૭)

**પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૫૩):**
શિક્ષા અને ઉપદેશની વાતને જે જાણે અને મન વગેરે પ્રાણોની પ્રવૃત્તિવાળા હોય તે જીવો સંજ્ઞી છે. તે સિવાયના જીવો અસંજ્ઞી છે.

**પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૫૪):**
અનંતાનુબંધી ક્રોધના ઉદયથી રહિત મહાનાત્મા ગૃહસ્થોને ચારિત્રમોહનીયકર્મના ઘાતથી ચારિત્રની પ્રાપ્તિ થાય છે.

**પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૬૧):**
(સ્વ-પરની શાંતિ-તુષ્ટિ માટે) સર્વત્ર સ્તુતિ આદિ કરવામાં 'ૐ' હોય છે, એમ જાણી સર્વ સ્તુતિપદનાં પ્રારંભે, વિદ્યાપ્રારંભમાં, સર્વલોક અને પોતાની શાંતિ-પુષ્ટિ-ઋદ્ધિ-વૃદ્ધિ-સ્ફૂર્તિ-કલ્યાણ માટે 'ૐ' એવું ઉચ્ચારણ કરવું જોઈએ.

अर्हं

**પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૭૦):**
મૈત્રીથી પવિત્ર, પ્રમોદથી હર્ષવાળા, કૃપા અને ઉપેક્ષાયુકત યોગાત્મન્ એવા આપને નમસ્કાર થાઓ.

**પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૭૦):**
પવિત્ર મને જે વ્યકિત સર્વ જીવો વિષે દયા અને મૈત્રી કરે છે, તે બાહ્યાભ્યંતર સર્વ શત્રુઓને જીતે છે.

**પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૭૪):**
**નાદ** = ભાવથી પોતાના શરીરમાંથી જ થયેલા વાજીંત્રના અવાજ જેવો સ્વયં સંભળાય તે સ્વર. **પરમનાદ** = અલગ અલગ વાગતા વાજીંત્રના શબ્દોની જેમ ભિન્ન ભિન્ન વ્યકત સંભળાય તે. **કલા** = ભાવથી અત્યંત અભ્યાસથી સ્વયં જ દેશ-કાલ-કરણ આદિની અપેક્ષા વિના જે આરોહણ કરે છે, વળી બીજા વડે પણ અવતારાય છે. જેમ પુષ્પભૂતિ આચાર્યના પુષ્પમિત્ર વડે કલા જાગરણ કરાયું. **પરમકલા** = અભ્યાસ સારી રીતે પૂર્ણ થયે સ્વયં જ જાગૃત થાય તે. દા.ત. ચૌદપૂર્વીઓને મહાપ્રાણ ધ્યાનમાં થાય છે. **બિન્દુ** = ભાવથી જે પરિણામવિશેષથી જીવમાંથી કર્મ ગળી જાય છે તે. **પરમબિન્દુ** = ગુણશ્રેણી. ઘણા કાળ પછી ભોગવવા યોગ્ય કર્મદલિકને ઉદયકાળમાં લાવીને સ્વલ્પકાલમાં જ ભોગવવા તે. કહ્યું છે કે ઉપરની સ્થિતિના દલિકને નીચેના સ્થાનમાં લાવીને ગુણશ્રેણી કરે છે.

- નમસ્કાર સ્વાધ્યાય પૃ.૨૨૬-૭-૮

**પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૮૦):**
અસત્ત પ્રવૃત્તિ પ્રત્યે ભય ઉત્પન્ન કરવાનું કારણ આસ્તિકય છે.

- જિનમંડન કૃત ધર્મપરિક્ષા પૃ-૨૫

**પરિશિષ્ટ - ૨૧ (પૃષ્ઠ ૮૦):**
આ પંચવસ્તુ ગ્રંથનું વિવરણ કરીને મેં જે કુશલ પુણ્ય પ્રાપ્ત કર્યું, તેનાથી લોકો માત્સર્ય, દુઃખથી રહિત થઈ ગુણાનુરાગી થાઓ.

**પરિશિષ્ટ - ૨૨ (પૃષ્ઠ ૮૨):**
એક - બે - ત્રણ માસક્ષમણ કે ૧ વર્ષનાં ઉપવાસ કરે, પણ સ્વાધ્યાય-ધ્યાનરહિત હોય, તો એક ઉપવાસનું ફલ પણ ન મળે.

**પરિશિષ્ટ - ૨૩ (પૃષ્ઠ ૯૦):**
પ્રશ્નઃ કયા અશરીરીનું કર્તૃત્વ કયાં જોવાયું છે?
ઉત્તરઃ 'કર્તૃત્વ' એટલે પ્રયત્ન, જ્ઞાન, ચીકિર્ષા(કરવાની ઇચ્છા) અને યોગીપણું. તે ચારે ઈશ્વરમાં જ હોય છે, તેથી કહેલું છે કેઃ જો ચેતના વિનાની કાયા આત્માની ઇચ્છા પ્રમાણે વર્તે, તો પરમાણુઓ પણ એ રીતે આત્માની ઇચ્છાને અનુવર્તે.
પ્રશ્નઃ સશરીરી કે અશરીરી ઈશ્વર જગતને સર્જે છે?
ઉત્તરઃ અશરીરી ઈશ્વરને જ સૃષ્ટા તરીકે અમે સ્વીકારીએ છીએ.

**પરિશિષ્ટ - ૨૪ (પૃષ્ઠ ૯૫):**
આદિ શબ્દથી જીવો પ્રત્યે મૈત્ર્યાદિભાવ ગ્રહણ કરવો.
પ્રાયઃ કરીને શુદ્ધ આજ્ઞા પ્રત્યેના બહુમાનથી રહિત જીવો શુદ્ધ સંવેદનરૂપ મૈત્ર્યાદિભાવનું જે સમ્યગ્જ્ઞાન, તેનાથી રહિત હોય છે.

**પરિશિષ્ટ - ૨૫ (પૃષ્ઠ ૯૫):**
જે ભગવાને કહેલું આત્મલક્ષી અનુષ્ઠાન હોય, તે જ સંસારરૂપી રોગને ક્ષય કરનાર હોવાથી તત્ત્વથી વાસ્તવિક અનુષ્ઠાન કહેવાય. આ લક્ષણ વિનાનું અનુષ્ઠાન શરીર ઉપર ચોંટેલી રજની જેમ મલિનતા કરનારૂં હોવાથી અત્યંત તુચ્છ અનુષ્ઠાન કહેવાય.

**પરિશિષ્ટ - ૨૬ (પૃષ્ઠ ૧૦૯):**
ઉત્તમ એવા જિનેશ્વરનું કીર્તન કરવાથી વિઘ્નો નાશ પામે, ભય ન થાય, દુષ્ટ દેવો આજ્ઞાનું ઉલ્લંઘન ન કરે અને સદા ઈષ્ટ પદાર્થોની પ્રાપ્તિ થાય છે.

'(શાસ્ત્રની) આદિ, મધ્ય અને અંતે મંગલ કરવું જોઈએ' એમ પંડિતોએ કહ્યું છે, તેથી (સિદ્ધ થયું કે) જિનેન્દ્રગુણની સ્તુતિ વિઘ્ન દૂર કરવા માટે કરાય છે.

**પરિશિષ્ટ - ૨૭ (પૃષ્ઠ ૧૧૧):**
સંકીર્તન એટલે ભગવાનના ગુણ, કાર્ય અને નામને સ્વયં ઉચ્ચારવું તે.

**પરિશિષ્ટ - ૨૮ (પૃષ્ઠ ૧૧૧):**
જેમના નામનું સંકીર્તન સર્વ પાપનો નાશ કરે છે અને જેમનો પ્રણામ દુઃખને શાંત કરે છે, તે શ્રેષ્ઠ હરિ = પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.

अर्हं

**પરિશિષ્ટ - ૨૯ (પૃષ્ઠ ૧૧૨):**
ત્રણ અવસ્થા ભાવવીઃ
પિંડસ્થ(છદ્મસ્થાવસ્થા), પદસ્થ(કેવલી અવસ્થા), રૂપરહિતપણું(સિદ્ધાવસ્થા).

**પરિશિષ્ટ - ૩૦ (પૃષ્ઠ ૧૧૫):**
આહારશુદ્ધિથી સત્ત્વની શુદ્ધિ થાય છે.

**પરિશિષ્ટ - ૩૧ (પૃષ્ઠ ૧૧૬):**
હિંસા વડે ચિત્ત દુઃખી થાય તે હિંદુ (વ્યુત્પત્તિ અર્થ).

**પરિશિષ્ટ - ૩૨ (પૃષ્ઠ ૧૧૬):**
સુમનસપણું એટલે મનની પ્રસન્નતા.

**પરિશિષ્ટ - ૩૩ (પૃષ્ઠ ૧૫૯):**
હે શ્રોત્રિય! જે કર્મ સ્વાભાવિક હોય, પણ જેની કોઈ નિંદા કે નિષેધ કરતું હોય, તેવું કાર્ય ત્યાગ કરવા લાયક નથી. જેમ કે પશુને મારવાનું કર્મ ભયંકર છે, તેથી તે ત્યાગ કરવા લાયક છે, પરંતુ અનુકંપા અર્થાત્ પશુ પ્રત્યેની કરૂણા દાખવવી એ કાર્ય સહજ અને સરળ છે.

**પરિશિષ્ટ - ૩૪ (પૃષ્ઠ ૧૬૦):**
હે નારદ! હું વૈકુંઠમાં કે યોગીઓના હૃદયમાં નથી વસતો, પરંતુ જ્યાં મારા ભક્તો સ્તુતિ કરે છે (ભક્તિ કરે છે), ત્યાં હું રહું છું.

**પરિશિષ્ટ - ૩૫ (પૃષ્ઠ ૧૬૪):**
રાગ-દ્વેષને જીતનારા, સમગ્ર વસ્તુને જાણનારા, ઈન્દ્રોને પણ પૂજ્ય, વાણીના સ્વામી એવા તીર્થંકર પરમાત્માનું હું સ્મરણ કરૂં છું. આમ કહેવા દ્વારા ગણધર આદિથી માંડીને અમારા ગુરુ સુધીના બીજા સર્વ ગુરુ પણ સ્તુતિ કરાયા, કારણકે તે દરેક ગુરુમાં અંશથી આવા ગુણો હોય જ છે.

**પરિશિષ્ટ - ૩૬ (પૃષ્ઠ ૧૬૫):**
અહીં 'સર્વત્ર પ્રકર્ષગુણવાળા જ સ્તુતિને યોગ્ય છે' એમ વિભાજન કર્યું - અલગ

પાડ્યું, તે 'ગુણવાનની સ્તુતિ કરવાથી ગુણી પુરૂષમાં રહેલા ગુણોની આપણને પ્રાપ્તિ થાય છે' એ ન્યાય જણાવવા માટે, પરંતુ બીજાની સ્તુતિ ન કરવી, એમ નિષેધ માટે નહીં. 'અર્હં' પરમેશ્વરનું વાચક છે. એનો અર્થ એ છે કે પાંચ પરમેષ્ઠિમાં શેષ ચાર પરમેષ્ઠિને બતાડનાર અને મુક્તિમાર્ગના ઉપદેશક અરિહંત પરમાત્મા છે. તેથી 'અર્હં' એ પ્રકૃષ્ટ પરમેશ્વરના અર્હદ્ રૂપનું વાચક છે.

\- હૈમ પ્રકાશ

**પરિશિષ્ટ - ૩૭ (પૃષ્ઠ ૧૬૯):**

તૃણ કરતાં પણ લઘુ થઈ, વૃક્ષની જેમ સહિષ્ણુ થઈ, માન વિનાના થઈ, બીજાને માન આપવાપૂર્વક સદા હરિનું કીર્તન કરવું જોઈએ.

**પરિશિષ્ટ - ૩૮ (પૃષ્ઠ ૧૭૨):**

દાન દ્વારા ભોગો સુલભ થાય છે, દાનથી વૈર પણ નાશ પામે છે, દાનથી જીવો વશ થાય છે, તેથી સતત દાન આપવું જોઈએ.

ભિક્ષુકો યાચના કરતા નથી, પણ સંદેશો આપે છે કે જો અર્થિઓને તે ધન ન આપ્યું, તો હું નથી જાણતો કે તે ધન સવારે કોનું થશે?

યોગીઓને માત્ર વ્રતપાલનથી જ ગૂઢ એવું આત્મદર્શન થતું નથી, પણ તેમાં આત્મવિશ્વાસ કારણ છે.

જે (સાધક) જ્ઞાન વડે જુદા જુદા સર્વ જીવોમાં અવિભક્ત એવો એક અવ્યયભાવ જુએ છે, તે જ્ઞાન સાત્ત્વિક જાણવું.

**પરિશિષ્ટ - ૩૯ (પૃષ્ઠ ૧૮૦):**

જે કોઈપણ જીવનાં ઉદ્વેગનું કારણ બનતા નથી અને જે સ્વયં કોઈપણ જીવથી ઉદ્વેગ પામતા નથી, વળી જે હર્ષ-અમર્ષ (ઈર્ષ્યા-અસૂયા), ભય અને ઉદ્વેગરહિત છે, તેવા ભક્ત મને (પ્રભુને) પ્રિય છે.

**પરિશિષ્ટ - ૪૦ (પૃષ્ઠ ૧૮૧):**

જે સર્વ જીવોને આત્મામાં અને સર્વ જીવોમાં આત્માને જુએ છે, તે (જીવોની) નિંદા-તિરસ્કાર કરતો નથી.

\- ઈશાવાસ્યમ્ ૬

**પરિશિષ્ટ - ૪૧ (પૃષ્ઠ ૧૮૧):**
સર્વત્ર સમદર્શનવાળા યોગી આત્મા પોતાના આત્મામાં સર્વ જીવોને અને સર્વ જીવોમાં પોતાના આત્માને જુએ છે. - ગીતા ૬-૧૯

**પરિશિષ્ટ - ૪૨ (પૃષ્ઠ ૧૮૧):**
જે (પર્યાયોને) પામે છે - ગ્રહણ કરે છે - અહીં વિષયોને ભોગવે છે અને જેનો સતત ગતિ કરવાનો ભાવ છે, તે 'આત્મા' કહેવાય છે.


'आप्नोति'માં 'आप्' ધાતુ છે તે મેળવવાના અર્થમાં છે. 'आदत्ते'માં आ + दा ધાતુ છે, તે ગ્રહણ કરવું અર્થમાં છે. 'अत्ति'માં अद् ધાતુ છે, તે ભક્ષણ કરવું તેવા અર્થમાં છે. 'संततः'માં अत् ધાતુ છે, તે સતત ગતિ કરવાના અર્થમાં છે.

**પરિશિષ્ટ - ૪૩ (પૃષ્ઠ ૧૮૨):**
જે કોઈ 'વસ્તુમાં બાકીનું બધું આત્મસ્વરૂપ જ છે' આવા એકત્વને જોતા-જાણતા જીવને તે વસ્તુમાં મોહ ક્યાંથી થાય? શોક શી રીતે થાય? - જ્ઞાન-વિજ્ઞાન

જે જીવોનું જ્ઞાન વડે આત્મસંબંધી અજ્ઞાન દૂર થયું છે, તેઓનું જ્ઞાન સૂર્યની જેમ અત્યંત પ્રકાશિત છે.

**પરિશિષ્ટ - ૪૪ (પૃષ્ઠ ૧૯૧):**
ચંદ્રની પંદરમી કળા પ્રતિષ્ઠાને પામી પૂનમને દિવસે ૧૬ કળા થાય છે. દેવો બીજા દેવોમાં સમાઈ જાય છે (જેમ ૧૦ અવતાર વિષ્ણુમાં સમાય છે). કર્મ અને આત્મા અંતે તો વિજ્ઞાનમય છે (કારણકે આ બંનેનો બોધ એ પણ એક જ્ઞાન છે). આ રીતે અંતે તો બધા જ શ્રેષ્ઠ અવ્યય-મોક્ષમાં એકમય બની જાય છે.

- મુંડકારણ્ય ૩-૨-૭




ઉપર દર્શાવેલ ૨ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૬૦ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.




જેમ વરસાદનું પાણી સર્વત્ર પડે છે,
પરંતુ તે ટકે છે નીચાણવાળાં સ્થળોમાં
પણ ઉંચા પર્વતો ઉપર નહિ.
તે રીતે પ્રભુની કૃપા સર્વત્ર છે,
પણ તેની અભિવ્યક્તિ જ્યાં દૈન્ય અને
વિનમ્રતા છે ત્યાં જ થાય છે, પરન્તુ
અહંકાર-અભિમાનાદિ પર્વતીય સ્થળોમાં નહિ.

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in